પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧-૧૧-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૨૦૦

# અબતક®

સાંધ્ય દૈનિક

15 સફળતાના ૧૪ વર્ષ પૂરા કરી ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia




સુરક્ષાને લઈ ભારત અમેરિકાએ ૧૦ વર્ષના કરાર કર્યા




આત્મવિશ્વાસથી ભરપૂર ટીમ ઈન્ડિયા કાલે 'ચોકર' આફ્રિકાને હરાવી વિશ્વ વિજેતા બનશે?



રાજકીય પક્ષોની લ્હાણી બિહારને દેવાળું બનાવી દિશે



AADHAAR
આજથી આધારનું અપડેટ સરળ બની જશે



સગીરાના પ્રેમ પ્રકરણમાં કુટુંબ "પ્રેમ" નિભાવવા આરોપીનો જેલમાંથી છૂટકારો

## રાત થોડીને વેશ જાજા જેવો સરકારનો ઘાટ

# વરસાદ અટકવાનું નામ નથી લેતોઃ નુકસાનીના સર્વેની 'અવધી' પુરી થવામાં!!!

### કમોસમી વરસાદથી પાકને થયેલી નુકશાનીનો સર્વે સાત દિવસમાં પૂર્ણ કરવાના મુખ્યમંત્રીએ આદેશ આપ્યાના ત્રણ દિવસ તો વિતી ગયા પણ 'માવઠું' સર્વેને વેગ પાડવા દેતો નથી

**અબતક, રાજકોટ**

મેઘરાજાને આ વર્ષ ગુજરાતનું વાતાવરણ બહુ ગમી ગયું હોય તેવું લાગી રહ્યું છે. દિવાળીના તહેવારને ૧૦ દિવસ વિત્યા બાદ પણ હજી વરસાદ બંધ થવાનું નામ લેતો નથી. રાજ્યમાં માવઠાની હેલી થઈ છે. કમોસમી વરસાદે રાજ્ય સરકાર માટે રાત ઓઢીને વેશ જાજા જેવો ઘાટ સર્જાયો છે. ખરીફ પાકોને માવઠાથી થયેલી નુકશાનીનો સર્વ સાત દિવસમાં પુરો કરવા માટે ગત બુધવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કડક આદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ 'માવઠુ' સર્વેને વેગ પકડવા દેતું નથી. હવે સવાલ એ પણ ઉભા થઈ રહ્યા છે. શું સરકાર સાત દિવસમાં નુકશાનીનો સર્વે પુરો કરી શકશે કે પછી મુદત વધારશે રાજયમાં હજી બે દિવસ માવઠાની આગાહી આપવામાં આવી છે.

'માવઠા' ની મોકાણથી જગતાતને પારાવાર નુકશાની થવા પામી છે. ખેતરોમાં તૈયાર થઈને ઉભેલા ખરીફ પાકોનો સૌથ બોલી ગયો છે. ખેડુતોના જખ્મ પર સરકાર ઝડપથી રાહત પેકેજનો મલમ લગાવવા તલપાપડ થઈ રહી છે. પરંતુ મેઘરાજા કંઈક અલગ જ મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે. સાત દિવસમાં પાક નુકશાનીનો સર્વ પુરો કરવાની અવધી પુરી થવાના આડે હવે આજ સહિત કુલ પાંચ દિવસ બાકી રહ્યા છે. હજી બે દિવસ માવઠુ વરસતુ રહેશે તેવી આગાહી આપવામાં આવી છે ખુદ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજયમાં અંદાજે ૧૦ લાખ હેકટર જમીન પર વાવેતર કરાયેલા ખરીફ પાકને માવઠાથી નુકશાની થઈ હોવાનો અંદાજ વ્યકત કર્યો હતો. હવે સમજી શકાય તેમ છે કે ૧૦ હેકટર જમીનનો સર્વ આમ પણ સાત દિવસમાં કોઈ કાળે પુરો કરી શકાય તેમ ન હતો. તેમાં પણ સતત


(અનુ. આઠમા પાને)




## માવઠાથી પાકને થયેલી નુકશાનીનો સર્વે સાત દિવસમાં પુરો કરવા આદેશ અપાયો છેઃ કૃષિ મંત્રી


### આદેશ અને પરિપત્રમાં વીસંગતતા હોવાની વાત ખોટીઃ કૃષિ મંત્રીની સ્પષ્ટતા

રાજ્ય સરકારના મૌખિક આદેશ અને પરિપત્રને લઈને વીસંગતતા, તેમજ પાક નુકસાની સર્વે મામલે સરકારનું જુઠાણું, ખેડૂતો ભડક્યા અંગેના અહેવાલો અમુક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયા છે તે તથ્યહીન, સત્યથી વેગળા અને ભૂલ ભરેલા અર્થઘટન સાથેના છે એમ કૃષિ મંત્રી દ્વારા જણાવાયું છે.

મંત્રી એ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, આ અહેવાલમાં મગફળીના દાણામાં ડેમેજ હશે તેમાં જ નુકસાની ગણાશે તેવા અહેવાલ પ્રસિધ્ધ કરાયા છે તે સંપૂર્ણ તથ્યહિન છે. રાજય સરકાર દ્વારા આ મુજબ નુકસાનીના પ્રકાર ગણવાની કોઈપણ પ્રકારની સૂચનાઓ પ્રસિદ્ધ કરાઈ નથી અને તા.૩૦/૧૦ ના પત્રથી ઓક્ટોબર-૨૦૨૫ માસમાં છેલ્લા દિવસોમાં કમોસમી વરસાદને કારણે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અસરગ્રસ્ત થયેલ ખેતી પાકોમાં નુકસાનીના નિયમોનુસાર તેમજ અસરગ્રસ્તો ખેડૂતોને તકલીફ ના પડે તેમ સર્વે માટે તમામ અસરગ્રસ્ત જિલ્લાઓમાં દિન-૭ માં સર્વે પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.
















# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

કલા, સેવા--વ્યવસાય તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. પ્રવાહી ખાદ્ય ઉત્પાદન તથા વેચાણ એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક એવમ વ્યસ્ત નીવડશે. આ સિવાયના, અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત એવમ સાનુકૂળ નીવડશે. જથ્થાબંધ એવમ મોટા તમામ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. છૂટક તથા નાના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભકારી જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૭ તથા ૮ નવેમ્બર મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

અગ્નિ એવમ વિદ્યુત સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અનેક પ્રકારે અત્યાધિક લાભદાયક નીવડશે. ખાણ -ખનીજ એકમના જાતક તથા મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ. અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. છૂટક તથા ફેરી કરતા વ્યાપારી માટે લાભકારી સપ્તાહ. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયી જણાશે. વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. કેવળ, ૪ નવેમ્બર મધ્યમ નીવડશે.

## મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહે ધંધા- વ્યવસાય સંબંધિત કામકાજ અધૂરા રહે તેવી પૂર્ણ સંભાવના. ધંધા વ્યવસાયના આરંભ માટે આ સપ્તાહ બહુ જ લાભકારી નીવડશે. સ્મોલ મશીનરીઝ ઉદ્યોગના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયી નીવડશે. આ સિવાયના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વ્યાપાર વણિજ ક્ષેત્રે જથ્થાબંધ વ્યાપારના તમામ જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત તથા સાનુકૂળ જણાશે. નાના, છૂટક તથા ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડે તેવી શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી એવમ મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૬ નવેમ્બર સામાન્ય રહેશે.

## કર્ક — ડ,હ

કાપડ તથા રેડીમેડ ગાર્મેન્ટ્સ એવમ ફેશન એસેસરીઝ ના ઔદ્યોગિક એકમના જાતલ તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય, તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપાર- વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. પ્રવાહી જલીય ખાદ્ય પેય-આહાર એવમ કલા, વ્યવસાય તેમજ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ ભાગદોડ વાળુ એવમ હળવું સાનુકૂળ નીવડે તેવી સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ હળવું લાભદાયક નીવડશે. ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે લાભદાયી સપ્તાહ. કેવળ ૫ નવેમ્બર જ પ્રતિકૂળ નીવડશે.

## સિંહ — મ,ટ

ખાનગી, શરાફી પેઢી, નોન બેંકીંગ, તથા બેંકિંગ ફાઈનાન્સ એકમ સાથે જોડાયેલ તમામ જાતક તેમજ ખાનગી મેનેજમેન્ટ ફર્મ-એકમ ના જાતક માટે આ સપ્તાહ મિશ્ર ફળકર્તા રહે તેવી શક્યતા. માર્ગદર્શન આપતા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અને સાવ સામાન્ય નીવડશે. તમામ ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપાર વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ હળવુ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે હળવુ પ્રતિકૂળ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કેવળ, ૮ નવેમ્બર જ સરેરાશ જણાશે.

## કન્યા — પ,ઠ,ણ

કાપડ, રેડીમેડ ગાર્મેન્ટ્સ, શુ વેર્સના ઉત્પાદક એવમ વિક્રેતા એવમ બ્યુટી પાર્લર- સલૂન ચલાવતા જાતક માટે આ સપ્તાહ વિશેષ લાભદાયક નીવડે તેવી સંભાવના. વિચારક, લેખક, સાહિત્યકાર, પ્રોકલેમ સેલીબ્રીટી માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડે તેવી સંભાવના. ગ્રેઈન ગ્રોસરીઝના વ્યાપાર વણિજના એકમના જાતક માટે હળવું લાભદાયક સપ્તાહ નીવડશે. અન્ય, વ્યાપારી તેમજ નાના એવમ છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભાગદોડ વાળુ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. કેવળ, ૬ નવેમ્બર સામાન્ય જણાશે.

## તુલા — ર,ત

હ્યુજ હેવી મશીનરીઝ એકમના જાતક તેમજ, મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ તથા અતિ વ્યસ્ત નીવડે તેવી પૂર્ણ સંભાવના. શેર બજાર, વાયદા બજાર કે અવૈધ સટ્ટા/જુગાર સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સાનુકૂળ સપ્તાહ. નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ લાભદાયી સપ્તાહ. વ્યાપાર-વાણિજ્યના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત ત્થા સાનુકૂળ નીવડશે. નાના વ્યાપારી માટે આ સપ્તાહ લાભકારક જણાશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. ખાનગી કર્મચારી માટે આ લાભકારી સપ્તાહ. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી માટે નિરાંત વાળું સપ્તાહ. ૪ તથા ૫ નવે. મધ્યમ જણાશે.

## વૃશ્ચિક — ન,ય

જાહેર સંસ્થા, ચેરીટેબલ ટ્રસ્ટ, સંસ્થા એવમ આશ્રમ, કોન્વેન્ટ , શૈક્ષણિક સંસ્થાના જાતક તથા સંત મહંત એવમ સંન્યાસીઓ માટે આ સપ્તાહ હળવુ સાનુકૂળ અથવા સાવ સામાન્ય રહેશે. જાહેર ટ્રસ્ટ-સંસ્થા સાથે સંકળાયેલ અન્ય જાતક સાથે કોઈ પણ પ્રકારના વાદ વિવાદ સર્જાય તેવી સંભાવના. આ સિવાયના તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ પ્રવાસ વાળું રહેશે. તેમજ કઠિન પરિશ્રમ વાળા વ્યાપાર-ધંધાના જાતક માટે આ સપ્તાહ અનેક પ્રકારે લાભદાયક નીવડે તેવી શક્યતા. આ સપ્તાહ સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ચડાવ ઉતાર વાળું રહેશે. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. ૭ નવેમ્બર સામાન્ય નીવડશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

ધાતુ તથા મિનરલ્સ ઉત્પાદન સંબંધિત હ્યુજ ઈન્ડસ્ટ્રીયલ એકમ જાતક માટે આ સપ્તાહ ખુબ સાનુકૂળ નીવડશે. ઈલેક્ટ્રીકલ્સ રીલેટેડ ઉદ્યોગ ધંધાના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડે તેવી સંભાવના. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સપ્તાહ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે વ્યસ્ત એવમ ભાગદોડ વાળુ નીવડશે. તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે પણ આ સપ્તાહ લાભકારક નીવડશે. કુટુંબ-પરિજનો એવમ મિત્રવર્તુળ સાથે સુમેળ-સહકાર અવિરત રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી અને મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ હળવુ હળવુ લાભદાયક જણાશે. ૫ નવેમ્બર સરેરાશ જણાશે.

## મકર — ખ,જ

સોના-ચાંદીના વ્યાપારી સમેત ઈમીટેશન તથા રીયલ જેમ જવેલરીઝ એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. જાહેર ક્ષેત્રના વ્યક્તિ માટે આ સપ્તાહ સાવ મધ્યમ રહે તેવી શક્યતા. આ સિવાયના લઘુ તેમજ મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવુ લાભકારક જણાશે. જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ સાનુકૂળ રહેશે. છૂટક વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ આંશિક લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તેમજ સરકારી કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ લાભદાયક નીવડશે. સ્નેહી, સંબંધીનો સહયોગ જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૩ તથા ૪ નવેમ્બર પ્રતિકૂળ જણાશે.

## કુંભ — ગ,શ,ષ

નવા ઔદ્યોગિક એકમના પ્રારંભ માટે આ સપ્તાહ યોગ્ય એવમ સાનુકૂળ રહેશે. ઓર્ગેનિક કેમિકલ્સ, કૃષિ વિષયક ઉત્પાદ તથા તેને સંબંધિત ચીજ-વસ્તુઓના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક જણાશે. આ સપ્તાહ લીગલ શેરબજારના જાતક માટે હળવું લાભકર્તા રહેશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક. મોટા વ્યાપાર-વાણિજ્યક એકમના જાતક માટે પણ આ સપ્તાહ સાનુકૂળ જણાશે. આ સપ્તાહ છૂટક તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે વ્યસ્ત એવમ ભાગ-દોડ વાળું રહે તેવી સંભાવના. સરકારી કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે લાભદાયક સપ્તાહ. મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. કેવળ, ૪ નવેમ્બર મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું).

## મીન — દ,ચ,ઝ,થ

હોટેલ, રીસોર્ટ તેમજ રેસ્તોરાંના જાતકમાટે આ સપ્તાહ સામાન્ય નિવડશે. સરકારી કે દસ્તાવેજી કામકાજમાં વિલંબ થવાના સંયોગ. અવૈધ વહીવટ તથા વ્યવહાર કરતા ભાવક માટે આ સપ્તાહ પ્રતિકૂળ જણાશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવુ હળવુ લાભદાયક નીવડશે. વ્યાપાર-વાણિજયના તમામ પ્રકારના એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ વ્યસ્ત નીવડશે. આ સપ્તાહ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ભાગ-દોડ વાળું એવમ સાનુકૂળ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ આંશિક લાભદાયક રહેશે. ૭ તથા ૮ નવેમ્બર મધ્યમ નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

# નવી ઉર્જાનો ઉદય રિચાર્જ થવાની કળા

# તમારી શક્તિને બચાવો નહીં, ''રી જનરેટ'' કરો

## સકારાત્મક દ્રષ્ટિકોણથી આંતરિક શક્તિમાં વધારો થાય છેઃ આજનું યુવા ધન પોતાની શક્તિનો ખોટે રસ્તે વધુ ઉપયોગ કરે છેઃ એકાગ્રતાનો અભાવ અને શારીરિક નિષ્ક્રિયતા વારંવાર તમારૂં ધ્યાન ભટકાવે છેઃ વર્ક અને લાઈફને બેલેન્સ રાખો અને તમારી એનર્જી બુસ્ટઅપ કરો

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણા જીવનમાં આપણી શક્તિનું ઘણું મહત્વ હોય છે, આંતરિક શક્તિ અને બાહ્ય શક્તિ આ બંને પ્રકારની શકિતઓ મુખ્યત્વે આપણા ખોરાકમાંથી મળતી હોય છે. રોગ સામે લડવાની રોગપ્રતિકારક શક્તિ પણ ખોરાક જ આપે છે. આપણે આ શક્તિનો કેવો ઉપયોગ કરીએ છીએ તે ખૂબ જ મહત્વનું છે. તનની અને મનની બંને શકિતઓ આપણને ઉપયોગી થતી હોય છે. રોજબરોજની આપણી દિનચર્યાને કારણે આ શક્તિઓ ખર્ચાતી હોય છે. વપરાયેલી શક્તિને ફરી પાછા ખોરાક દ્વારા આપણે મેળવતા હોઈએ છીએ. નવી ઉર્જા નો ઉદય એટલે રિચાર્જ થવાની કળા છે આપણે જીવનમાં સ્થાપના અલવિદા કહીને આંતરિક શક્તિ ની પુના પ્રાપ્તિ કરવી જ પડશે એનર્જીની બેટરી ફૂલ કરવા માટે આપણે રોજબરોજ રી જનરેટ થવું પડશે જીવન અને વર્કને બેલેન્સ કરીને આપણી એનર્જીને બુસ્ટપ કરવી પડશે.




જીવનનું રિમોટ કંટ્રોલ ઊર્જાના પ્રવાહના હાથમાં છે. પૃથ્વી પર વસતા દરેક માનવીએ પોતાના આંતરિક સૂર્યને પ્રકાશિત કરીને શક્તિનું પુનઃ નિર્માણ કરવું જોઈએ. જીવનમાં ક્ષણિક શાંતિ જ અનંત શક્તિઓ આપતી હોય છે. આજની યુવા પેઢીમાં અપાર શક્તિ અને ઊર્જા છે, પરંતુ ઘણા કિસ્સાઓમાં આ શક્તિનો યોગ્ય દિશામાં ઉપયોગ થતો ન હોવાને કારણે તે વ્યર્થ કે અસફળ થઈ જાય છે. આજનો જુવાન સોશિયલ મીડિયા ઓનલાઈન ગેમ્સ અને રખડપટ્ટીમાં લાંબા કલાકો વિતાવે છે આનાથી અભ્યાસ કારકિર્દી કે સર્જનાત્મક પ્રવૃત્તિઓ પાછળની મહેનત તે કરતો નથી, આવી બિનજરૂરી એક્ટિવિટી ના કારણે જ તેનામાં ધ્યેયનો અભાવ જોવા મળે છે. તે પોતાના લક્ષ્યાંકો સિદ્ધ કરી શકતો નથી. સ્પષ્ટ લક્ષ્યો કે હેતુ વગરની પ્રવૃત્તિઓમાં સમય અને પ્રયત્ન વેડફવાને કારણે આજના યુવાનનું વારંવાર ધ્યાન ભટકી જાય છે અને પોતાના સર્વાંગી વિકાસમાં એકાગ્રતા રાખી શકતો નથી. આજના યુવાનોમા આળસ અને શારીરિક નિષ્ક્રિયતા વધુ જોવા મળે છે. તે પોતાના સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને અવગણીને પણ ઘણી બધી કુટેવો અને શરણે થાય છે જે તેની શારીરિક અને માનસિક ઊર્જાના અવરોધ બને છે. આજની આપણી શિક્ષણ પ્રથા, ભૌતિક સુવિધાઓ અને બદલાયેલી જીવન શૈલીને કારણે યુવાનોમાં નકારાત્મક વિચારસરણી અને માનસિક તાણ



### યુવાધનમાં શક્તિ, બુદ્ધિ અને ક્ષમતા ભરપૂર છે, પરંતુ યોગ્ય દિશા, ધીરજ, ભૂલોમાંથી શીખવાની વૃત્તિ અને આત્મ-નિયંત્રણના અભાવે તેઓ ક્યારેક અસફળ સાબિત થાય છે

વિશેષ જોવા મળી રહ્યું છે, જે સમાજ માટે લાલબત્તી સમાન છે. નાની નાની બાબતોમાં ચિંતા, તણાવ, નકારાત્મકતા પાછળ તેમની માનસિક ઉર્જાનો વ્યય થાય છે. આજનો યુવાન ફેશન અને ઈલેક્ટ્રોનિક ગેજેટ સાથે બિનજરૂરી વસ્તુઓ ખરીદવા પાછળ નાણાં અને સમય બગાડે છે, જે તેને આર્થિક મુશ્કેલીમાં મૂકે છે. યુવાનો અને લગભગ આજે બધા જ આપણા કુદરતી સંસાધનો ભયંકર બગાડ કરી રહ્યા છે જેમાં લાઈટ પાણી અને અન્ય ઊર્જાના સ્ત્રોતો વેતરકારી પૂર્વ ઉપયોગ કરે છે.

યુવાનોમાં રહેલી વિશાળ સંભવિત શકિતને જો સાચા માર્ગદર્શન અને સકારાત્મક હેતુઓ સાથે જોડવામાં આવે, તો તે વ્યકિતગત અને રાષ્ટ્રના વિકાસ માટે મહત્વપૂર્ણ પરિણામો આપી શકે છે. આજે યુવાનો સ્વચ્છતા, ઈ-વેસ્ટ મેનેજમેન્ટ અને નવીનીકરણીય ઉર્જા જેવા ક્ષેત્રોમાં પણ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. આજના યુવાનો માં યશોદાઓની ભયંકર ટેવ જોવા મળી રહી છે, જેના કારણે ઘણા બધા રોગોને એ આમંત્રણ આપે છે. આજકાલ તો નાની ઉંમરના લોકોના પર હાર્ટ એટેક આવી રહ્યા છે.તમારી આંતરિક શકિતને રીજનરેટ કરવાના મુખ્ય રસ્તાઓમાં આરામ અને ધ્યાન સાથે શરીર અને મનને સંપૂર્ણ આરામ આપવા માટે દરરોજ સાત કલાકથી વધુ ગુણવત્તાયુક્ત ઊંઘ લેવી જરૂરી છે. ઊંઘ દરમિયાન શરીર પોતે જ શકિતનું પુનઃનિર્માણ કરે છે. નિયમિત ધ્યાન કરવાથી મન શાંત થાય છે, તણાવ ઘટે છે, અને આંતરિક સ્થિરતા વધે છે. શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી વર્તમાન ક્ષણમાં રહેવાની શક્તિ મળે છે.

આજના યુવાનોએ પોષણ અને જીવનશૈલી બંને બાબતે સચેત રહેવાની જરૂર છે. સંતુલિત આહારમાં તાજા ફળો શાકભાજી આખા અનાજ અને પૂરતું પ્રોટીન ધરાવતો પોશાક આહાર લેવાથી શરીરને સતત નવી ઊર્જા મળે છે. દિવસ પરપોટો પાણી પીવાથી શારીરિક કાર્ય યોગ્ય રીતે થાય છે અને ઊર્જાનું સ્થળ જળવાઈ રહે છે. બોડી સિક્સ પેક ન બને તો કંઈ નહી પણ આપણું શરીર ખરતા હોવું જોઈએ જેથી આંતરિક શક્તિ મજબૂત બને છે.

તણાવ વ્યવસ્થાપન માટે ના યુવાનોએ સૌથી વિશેષ કાળજી લેવાની જરૂર છે જેમાં તણાવ પેદા કરતા પરિબળોને ઓળખીને તેના પર નિયંત્રણ લાવવું અને પડકારોનો સ્વીકાર કરીને દ્રઢતા જાળવવી જરૂરી છે. અન્ય લોકોને મદદરૂપ થવું અને સેવા કરવી એ પણ નિરાશાને દૂર કરીને આંતરિક આનંદ અને ઊર્જાનો સંચાર કરે છે. ટૂંકમાં, આંતરિક શકિતને રીજનરેટ કરવા માટે શારીરિક આરામ, સંતુલિત આહાર, શાંત અને સકારાત્મક માનસિકતા કેળવવી એ પાયાની જરૂરિયાત છે.

### યુવાધન શક્તિશાળી હોવા છતાં અસફળતા કેમ મળે છે ?

આજના યુવાનોમાં મુખ્યત્વે લક્ષ્યનો અભાવ જોવા મળે છે. ઘણા યુવાનો મહેનતુ હોય છે, પણ તેની પાસે કોઈ ચોક્કસ ધ્યેય ન હોવાને કારણે તેની દિશા વગરની મહેનત નિષ્ફળ જાય છે. વિશાળ દ્રષ્ટિ ન હોવાથી તેમની પ્રેરણા જળવાતી નથી, સાથો સાથ ભૂલોમાંથી તે શીખતો નથી. યુવાનો નિષ્ફળતાને અંત માની લે છે, તેને કારણે તે તેને શીખવાની તક તરીકે જોતો નથી. અનુભવના અભાવના કારણે ભૂલો કર્યા પછી પણ તે શીખતો નથી. સોશિયલ મીડિયાના પ્રભાવને કારણે અન્યની સફળ જિંદગી જોઈને તે અવાસ્તવિક અપેક્ષા રાખવા માંડે છે. લાંબા ગાળાની ધીરજ રાખવાને બદલે ઝડપી સફળતાની લાલસામાં ખોટા નિર્ણયો લેવા માંડે છે.

## સૂડોકુ -૧૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૫ | ૨ | ૯ | | | | |
| | ૬ | ૭ | ૧ | | | ૮ | ૨ | ૪ |
| ૪ | | ૨ | | | | | | |
| ૨ | ૯ | | | ૪ | | | | ૬ |
| ૧ | ૩ | | | | | | | ૫ |
| ૫ | | | ૬ | ૨ | | | | ૮ |
| | | ૯ | ૭ | ૫ | | | ૧ | |
| ૬ | | | ૩ | ૮ | | | | |
| ૭ | ૫ | | | | ૨ | | ૮ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૨૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૨ | ૯ | ૭ |
| ૯ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ |
| ૮ | ૭ | ૪ | ૧ | ૯ | ૨ | ૬ | ૩ | ૫ |
| ૩ | ૮ | ૭ | ૬ | ૨ | ૪ | ૧ | ૫ | ૯ |
| ૫ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ |
| ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૯ | ૩ | ૮ | ૨ |
| ૨ | ૬ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૧ | ૪ |
| ૪ | ૧ | ૫ | ૭ | ૮ | ૬ | ૯ | ૨ | ૩ |
| ૭ | ૯ | ૩ | ૨ | ૪ | ૧ | ૫ | ૬ | ૮ |

## અબતક પંચાગ

### તા.૨-૧૧-૨૦૨૫ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** કારતકશુદ દશમ અગીયારસદેવદિવાળી વૈષ્ણવની બારસતિથિનો ક્ષય
**નક્ષત્ર** પૂર્વાભાદ્રપદ
**યોગ** વ્યાઘાત **કરણઃ** બવ
**સુર્યોદય** ૬.૫૨ **સુર્યાસ્તઃ** ૬.૦૯
**ચંદ્ર રાશી** કુંભ સવારે ૧૧.૨૫થી મીન
**રાશિ અક્ષર** ગ.શ.સ/દ.ચ.ઝ.થ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૮ થી ૧૨.૫૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી — અબતક CHANNEL

**તારીખ ૦૧-૧૧-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ફક્ત મહિલાઓ માટે)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (રજવાડી ઉંધીયું)
૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.નિધિ કુમાર પટેલ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૧૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૨-૧૧-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ. ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૧૫ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૧૫ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (વેનીલા હની પેન કેક)
૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.કૃતાર્થ કાંજીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ તુલસી વિવાહ (લાઈવ)

**તારીખ ૦૩-૧૧-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ. ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

### તા.૨.૧૧.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૨, કારતક સુદ અગિયારસ, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર, વ્યાઘાત યોગ, વિષ્ટિ કરણ આજે સવારે ૧૧.૨૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) ત્યારબાદ મીન (દ,ચ,ઝ,થ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે,દિવસ માધ્યમ રહે.
**વૃષભ (બ,વ,ઉ)** : આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે, સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.
**મિથુન (ક,છ,ઘ)** : નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.
**કર્ક (ડ,હ)** : ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો, આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.
**સિંહ (મ,ટ)** : લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.
**કન્યા (પ,ઠ,ણ)** : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.
**તુલા (ર,ત)** : લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.
**વૃશ્ચિક (ન,ય)** : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતા થી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરૂર છે.
**મકર (ખ,જ)** : જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજીને ચાલવું.
**કુંભ (ગ,સ,શ)** : નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે,કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.
**મીન (દ,ચ,ઝ,થ)** : તમારી જાતને અંદરથી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

# ખેલકુદ ક્ષેત્રે દેશભરના રમતવીરોના સપના સાકાર કરવા ગુજરાત સજ્જ: હર્ષ સંઘવી

## નાયબ મુખ્યમંત્રીના હસ્તે પિસ્ટલ ઈવેન્ટ્સનું ઉદ્ઘાટન: દેશભરના ૪૬૦૦થી વધુ શુટરો નિશાન લગાવશે

**અબતક, રાજકોટ**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન (રાઈફલ કલબ) ખાતે ૩૪મી જી.વી. માવલંકર શૂટિંગ ચેમ્પિયનશિપ (પિસ્ટલ ઈવેન્ટ્સ)નું ઉદ્ઘાટન કર્યું હતું.

આગામી ૧૩ નવેમ્બર સુધી યોજાનારી આ રાષ્ટ્રીય સ્તરીય સ્પર્ધામાં દેશભરના ૪૬૦૦થી વધુ શૂટરો ભાગ લેવાના છે. જેમાં જમ્મુ-કાશ્મીરથી લઈને અંડમાન-નિકોબાર સુધી અને ગુજરાતથી લઈ મણિપુર સુધીના ખેલાડીઓનો સમાવેશ થાય છે.

આ ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કરતા પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સૌપ્રથમ દેશભરમાંથી પધારેલા તમામ સ્પર્ધકોનું સ્વાગત કરી આવકાર્યા હતા અને અભિનંદન આપ્યા હતા.

હર્ષ સંઘવીએ અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશનની પ્રશંસા કરતા કહ્યું હતું કે, સમગ્ર વર્ષ દરમિયાન અહીં ખેલાડીઓને યોગ્ય ટ્રેનિંગ અપાય છે. શૂટિંગના ખેલાડીઓને તૈયાર કરવામાં આ એસોસિએશન મહત્વનું યોગદાન આપે છે.

આજે ગુજરાત ખેલકૂદ ક્ષેત્રે દેશભરના ખેલાડીઓના સપના સાકાર કરવા સજ્જ થઈ રહ્યું છે, કેન્દ્ર સરકારના સહયોગથી ગુજરાતમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે અનેક સુવિધાઓનું નિર્માણ થયું છે.

નાયબ મુખ્યમંત્રીએ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ફક્ત ૨૮ મહિનામાં જ વર્લ્ડ કલાસ લેવલનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું નિર્માણ થયું છે.

હર્ષ સંઘવીએ વધુ ઉમેરતાં કહ્યું કે, અમદાવાદના આંગણે આયોજિત સ્પર્ધામાં દેશભરમાંથી ૪૬૦૦થી વધુ શૂટરો ભાગ લઈ રહ્યા છે તે આપણા માટે ગૌરવપૂર્ણ બાબત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં ૧૦ મીટર, ૨૫ મીટર અને ૫૦ મીટર પિસ્ટલ ઈવેન્ટ્સનો સમાવેશ કરાયો છે જે ઓલિમ્પિક રમતોમાંની એક છે.

આ સ્પર્ધાની શરૂઆત નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા ૧૯૯૧માં કરવામાં આવી હતી, શ્રી જી.વી. માવલંકર, લોકસભાના પ્રથમ અધ્યક્ષ અને એનઆરએઆઈના પ્રથમ પ્રમુખ હતા તેમની સ્મૃતિમાં

(અનુ. આઠમા પાને)

### હર્ષનું હવે નિશાન શું ?



સૌથી નાની વયના ગુજરાતના નાયબ મુખ્યમંત્રી બનવાનું બહુમાન હાંસલ કરનાર હર્ષભાઈ સંઘવીએ ગઈકાલે અમદાવાદમાં પિસ્ટલ ઈવેન્ટસ દરમિયાન નિશાન ટાંક્યું હતુ ત્યારે રાજકીય પંડિતોનાં દિમાગમાં એક વિચાર વહેતો થવા માંડયો છે કે હવે હર્ષનું નિશાન શું છે ? સ્વાભાવિક રિતે જ તેઓને ગુજરાતની જનતા ભાવિ મુખ્યમંત્રી તરીકે નિહાળી રહી છે.

# રાજકોટ રેલવે ડિવિઝને "રાષ્ટ્રીય એકતા દિવસ"ની કરી ઉજવણી



**અબતક, રાજકોટ**

રાજકોટ રેલવે ડિવિઝનમાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસ હર્ષોલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે, રાજકોટ ડિવિઝનલ રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીના એ રેલ અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા માટે રાષ્ટ્રીય એકતા શપથ લેવડાવ્યા. તેમણે સરદાર પટેલની દૂરંદેશી, નેતૃત્વ ક્ષમતા અને દેશની એકતાને મજબૂત કરવામાં તેમના મહાન યોગદાનને યાદ કર્યું. કાર્યક્રમમાં વરિષ્ઠ ડિવિઝનલ કાર્મિક અધિકારી શ્રી અમૃત સોલંકી, વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકા જગત મંદિરે કાલે ઉજવાશે દેવઉઠી અગિયારસ

## તુલસી વિવાહની પણ ઉજવણી કરાશે

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



વિશ્વ વિખ્યાત તીર્થધામ દ્વારકાના જગતમંદિર ખાતે આવતીકાલે દેવઉઠી અગિયારસની ઉજવણી કરવામાં આવશે અને તુલસી વિવાહની ઉજવણી થશે.

આવતીકાલે રવિવાર કારતક સુદ એકાદશીના શુભદિને દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજી તથા તુલસીજીના પરંપરાગત રીતે ધામધૂમપૂર્વક લગ્ન યોજાશે. દર વર્ષે આ દિવસે દેવઉઠી એકાદશી અથવા તો દેવપ્રબોધિની એકાદશી તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે ચાતુર્માસની સમાપ્તિ થાય છે અને અષાઢ સુદ અગિયારસથી સતત ચાર માસ સુધી યોગનિદ્રામાં શયન કરી રહેલાં ભગવાનને ઉત્થાન થાય છે. આથી જ આ દિવસને દેવઉઠી અગિયારસ પણ કહેવાય છે. દેવશયનીથી બંધ થયેલ શુભ-માંગલિક કાર્યો દેવઉઠી એકાદશીથી પુનઃ શરૂ થઈ જાય છે.

દ્વારકાધીશ મંદિર પરિસરમાં શારદાપીઠ સંચાલિત રાણીવાસના મંદિરોના પૂજારી વિજયભાઈ તથા આનંદભાઈ ઉપાધ્યાયના જણાવ્યાનુસાર આજે સાંજે ૬ વાગ્યે મંદિર પરિસરમાંના રાણીવાસમાં આવેલ ગોપાલજી સ્વરૂપનો ભવ્ય વરઘોડો વાજતે ગાજતે નિકળશે જે શહેરના રાજમાર્ગો પર ફરી પુનઃ રાણીવાસમાં પધારશે. રાત્રિના રાણીવાસ પરિસરમાં શ્રીજીના તુલસીજી સાથે ભવ્ય લગ્નોત્સવ યોજાશે. જગતમંદિર પૂજારીના જણાવ્યા મુજબ સાંજે ગૌધુલીક સમયે નિજમંદિરમાં ઠાકોરજીના બાલસ્વરૂપનું શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે

(અનુ. આઠમા પાને)

### સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા આયોજીત

# જુડો સ્પર્ધામાં ધોળકિયા સ્કુલની વિદ્યાર્થીનીઓએ ૧૩ મેડલ જીત્યા

## અમદાવાદમાં રાજયકક્ષાની સ્પર્ધામાં રાજકોટની દીકરીઓનો દબદબો




**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી ધોળકીયા સ્કુલની દિકરીઓએ અમદાવાદમાં જુડો સ્પર્ધામાં ૧૩ મેડલ જીતી રાજકોટને રાજય કક્ષાએ ગૌરવ અપાવ્યું હતું.

અમદાવાદમાં સ્કુલગેમ ફડેશન ઓફ ઈન્ડીયા દ્વારા જુડો સ્ટેટ લેવલ બહેનો અંડર ૧૪, અંડર ૧૭ અને અંડર ૧૯ની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં રાજકોટ ડી.એલ. એસ. એસ. જી.કે. ધોળકીયા સ્કુલની ખેલાડી બહેનોએ ખુબ જ સારુ પ્રદર્શન કરી ત્રણ વય જુથ મળીને કુલ ૧૩ મેડલ (ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ) પ્રાપ્ત કરી રાજકોટ જીલ્લાનું ગૌરવ વધાર્યુ હતું. આ સ્પર્ધામાં કૌવત બતનાવનાર દિકરીઓ અંડર ૧૪ માં હર્શિતા તાવિયા ૨૩ કિલો બ્રોન્ઝ મેડલ, સોનાક્ષી દેરવાડીયા ૩૨ કિલો સિલ્વર મેડલ, આસ્થા રોજાસરા ૩૬ કિલો સિલ્વર મેડલ, અર્ચના તલસાણીયા ૪૦ કિગ્રા સિલ્વર મેડલ, દ્રષ્ટિ ચાવડા ૪૪ કિગ્રા સિલ્વર મેડલ અંડર ૧૭માં ધોરીયા રાધિકા ૩૬ કિગ્રા ગોલ્ડ મેડલ, તાવિયા સંધ્યા ૪૦ કિગ્રા સિલ્વર મેડલ, વૈશાલી સોલંકી ૪૮ કિગ્રા બ્રોન્ઝ મેડલ, મકવાણા અસ્મિતા ૫૨ કિગ્રા બ્રોન્ઝ મેડલ,

(અનુ. આઠમા પાને)




તંત્રી લેખ

## ક્રિકેટમાં પણ ભારતનું મહિલા સશક્તિકરણ

ભારતની રાષ્ટ્રીય રમત ભલે હોકી રહી પરંતુ એક- એક ભારતીયના નસમાં ક્રિકેટ વહી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી ક્રિકેટ વિશ્વમાં ભારતીય પુરુષ ટીમનું વર્ચસ્ અને એકચક્રીય રીતે આગળ વધી રહ્યું છે. ભારતની નારીઓ પણ ક્રિકેટમાં રતિભાર પણ પાછળ રહેવા માંગતી ન હોય તેવું લાગી રહ્યું છે વિમેન્સ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપના ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ કરી ભારતીય મહિલા ક્રિકેટ ટીમને વિશ્વભર ડંકો વગાડી દીધો છે. સાતવાર વિશ્વ ચેમ્પિયન બનનારી અને ખૂબ જ શક્તિશાળી એવી ઓસ્ટ્રેલિયાની ટીમને સેમી ફાઈનલમાં કારમાં પરાજય આપી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસ રચી દીધો છે. વિમેન્સ વન ડે ક્રિકેટના ઈતિહાસમાં સાર્વધીક રન ચેઝનો ભારતે વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે. હવે રવિવારે સાઉથ આફ્રિકા સામે વર્લ્ડકપનું ટાઈટલ જીતવા માટે ભારતની મહિલા ટીમ ટકરાશે ત્યારે દેશવાસીઓના હૈયામાં હવે એક જ આશ છે કે ભારતની મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડ કપ જીતી ફરી એકવાર દેશમાં ક્રિકેટ ઉત્સવનું ખુશીનું વાતાવરણ ઊભું કરે. ગુરુવારે મુંબઈના ડી.વાય.પાટીલ સ્ટેડિયમ ખાતે રમાયેલા સેમિફાઈનલ મેચમાં ભારતીય મહિલા ટીમએ એક એવું કારનામું કરીને બતાવ્યું છે કે જેનાથી આજે ૧૪૦ કરોડ ભારતીયનું માથું ગર્વથી ઊંચૂ થઈ ગયું છે.

વિશ્વભરમાં આજે ભારતીય મહિલા ક્રિકેટ ટીમના શાનદાર કારનામાની જ ચર્ચા થઈ રહી છે.ઓસ્ટ્રેલિયાએ સેમિફાઈનલ મેચમાં ખડકેલા ૩૩૮ રનના જૂમલાને પાર કરી ભારતીય મહિલા ટીમ વર્લ્ડકપ ના ફાઈનલમાં પ્રવેશ મેળવશે તેવી કલ્પના કોઈએ સપનામાં પણ કરી નહીં હોય કારણ કે ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૦૧૭થી લઈ અત્યાર સુધી વર્લ્ડ કપમાં એક પણ મેચ હારી નથી આવી શક્તિશાળી ટીમને પરાસ્ત કરવી કલ્પનાતિત બાબત જ કહી શકાય.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમને આજે દેશવાસીઓ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવી રહ્યા છે. ક્રિકેટને ભારતમાં ભગવાન માનવામાં આવે છે એકપણ ગામ કે શહેર એવું નહીં હોય કે જ્યાં ક્રિકેટની બોલબાલા જોવા મળી રહી ન હોય. હવે દેશવાસીઓની એક જ આશ છે કે રવિવારની રાત્રે પણ ભારતીય મહિલા ટીમ સાઉથ આફ્રિકાને ફરજ આપી વિશ્વ કપની ટ્રોફી ઊંચકે. ભારતીય પુરુષ ક્રિકેટ ટીમની માફક મહિલાઓ પણ હવે શક્તિશાળી બની ઉભરી રહી છે.



# ખેડુતો પર અત્યાચાર કરનાર અંગ્રેજો દેશ છોડી ગયા તેમ ભાજપને ૨૦૨૭ની ચૂંટણીમાં હાર ખમવી પડશે: અરવિંદ કેજરીવાલ

## સુરેન્દ્રનગર સાયલાના વાટાવરછમાં આપની કિશાન મહા પંચાયતમાં ખેડુતોની ઉમટયાં






### અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવત માન, ગોપાલ ઈટાલીયા, ઈશુદાન ગઢવી, રેશ્મા પટેલ સહિતના નેતાઓએ સભા ગજવી

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા તાલુકાના સુદામડા હાઈવે પર આવેલ વાટાવરછ ગામ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ખેડુતોના કડદા તેમજ ભાવનગર જેલમાં સજા ભોગવી રહેલા ખેડુતોને જેલ મુક્ત કરવા સહિતની માંગ સાથે કિશાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક, પંજાબના મુખ્યમંત્રી સહિત રાજ્યભરમાંથી ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.બોટાદ જીલ્લામાં કપાસના ઓછા ભાવ સહિત કડદા મુદે થોડા દિવસો પહેલા ખેડુતોએ વિરોધ સાથે ઉગ્ર આંદોલન કર્યું હતુ અને મોડી રાત્રે બોટાદ એપીએમસી ખાતેથી વિરોધ કરી રહેલા ખેડુત આગેવાન સહિત ખેડૂતોની પોલીસે અટકાયત કરી હતી. ત્યારબાદ બોટાદના હડદડ ખાતે કડદા મુદે ખેડુત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાલુ સભા દરમિયાન પોલીસ દ્વારા ખેડુતો પર લાઠી ચાર્જ તેમજ ટિયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા તેમજ નિર્દોષ ખેડુતોના ઘરમાં ઘૂસી અત્યાચાર કર્યો હતો. જે મામલે સરકારની સૂચના થી પોલીસ દ્વારા ખેડુતો સામે ખોટા કેસ કરી મુળી, દુધઈ, ચોટીલા, બોટાદ, સાયલા તાલુકા સહિત ૮૫ જેટલા ખેડુતો તેમજ લડત આપનાર આગેવાન રાજુભાઈ કરપડા પ્રવિણ રામ, રમેશભાઈ મેર સહિતનાઓને ભાવનગર જેલ હવાલે કરવામાં આવ્યા છે. જે સમગ્ર બનાવ બાદ ભાજપ સરકાર સામે ખેડુતોમાં રોષ જોવા મળ્યો છે જેના ભાગરૂપે સાયલા તાલુકાના સુદામડા સુદામડા હાઈવે પર આવેલ વાટાવરછ ગામ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા કિશાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવત માન, પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં કિશાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અરવિંદ કેજરીવાલ, ભગવત માન સહિતના ઉપસ્થિત આગેવાનો દ્વારા ભાજપ સરકાર તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પર ખેડુતોના કપાસ સહિતના પાકના ઓછા ભાવ, કડદા પ્રથા સહિતના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. તેમજ જેલમાં સજા ભોગવી રહેલ ખેડુતોના પરિવારજનોને ભાજપના ઈશારે પોલીસ દ્વારા સ્ટેજ પર બેસાડવા નહી દેતા, ભાજપ સરકાર હંમેશા પોલીસને આગળ ધરી દેતાં હોવાનું, ટ્રમ્પ થી ભાજપ સરકાર ડરતા હોવાનું, ભાજપ અને કોંગ્રેસ બન્ને પતિ પત્ની હોવાનું, અંગ્રેજો જેમ દેશ છોડીને ગયા હતા તેમ ભાજપને પણ આગામી ૨૦૨૭ ની ચુંટણીમાં હારનો સામનો કરી છોડવું પડશે તેમ જણાવી આ કિશાન મહાપંચાયત તો હજુ આંદોલનની શરૂઆત જ છે આગળ જતા રાજ્યભરના ખેડુતોને સાથે રાખી વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી અને અંતમાં ભાવનગર જેલમાં હડદડ કાંડ બાદ સજા ભોગવી રહેલ ખેડુત આગેવાનો સહિત ૮૫ ખેડુતો સામે કરેલ ખોટા કેસ સરકાર પરત ખેંચી જેલ મુક્ત નહી કરે ત્યાં સુધી એક પણ ખેડુત શાંતિથી નહીં બેસે તેમ પણ જણાવ્યું હતું. આ તકે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ચૈતર વસાવા, ગોપાલ ઈટાલિયા, હેમંત ખવા, રેશમા પટેલ, મનોજ સોરઠિયા, સાગરભાઈ રબારી સહિતના આગેવાનો અને સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર જીલ્લા સહિતના ગામોમાં થી મોટી સંખ્યામાં ખેડુતો, ખેડુત પરિવારો, મહિલાઓ, બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીધામ: દીનદયાળ પોર્ટ ઓથો.ને 'મેરીટાઈમ એક્સેલન્સ એચિવર્સ એવોર્ડ' એનાયત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



કંડલ દિનદયાળ પોર્ટ ઓથોરિટી મુંબઈના બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે આયોજિત ઈન્ડિયા મેરીટાઈમ વીક ૨૦૨૫માં ડ્રાઈવિંગ મેરીટાઈમ ઈનોવેશન અને પોર્ટ સસ્ટેનેબિલિટી પાયોનિયર શ્રેણી હેઠળ પ્રતિષ્ઠિત 'મેરીટાઈમ એક્સેલન્સ એચિવર્સ એવોર્ડ્સ'થી સન્માનિત કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરની હાજરીમાં આપવામાં આવ્યો હતો.

આ સન્માન દરિયાઈ ક્ષેત્રમાં ટેકનોલોજીકલ શ્રેષ્ઠતા, બંદર આધુનિકીકરણ, ટકાઉપણું અને નવીનતા પ્રત્યે ડીપીએની સતત પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે ઉભરી આવ્યું છે. તેના અધ્યક્ષના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ડીપીએએ ભારતના પ્રથમ મેગાવોટ-સ્કેલ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટનું કમિશનિંગ, ઈલેક્ટ્રિક ગ્રીન ટગ્સ, હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસોની રજૂઆત અને સ્માર્ટ, સંપૂર્ણ યાંત્રિક પોર્ટ ઈકોસિસ્ટમનો વિકાસ સહિત અનેક પાથ બ્રેકિંગ પહેલોનું નેતૃત્વ કર્યું છે, જે વિકાસ ભારત ૨૦૪૭ અને રાષ્ટ્રીય ગ્રીન હાઈડ્રોજન મિશનના વિઝન સાથે સુસંગત છે. સુશીલકુમાર સિંહે આ સીમાચિહ્નો પ્રાપ્ત કરવામાં તેમના સહકાર અને સમર્પણ બદલ તમામ હિસ્સેદારો, બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો, કર્મીઓ, શ્રમિકોનો આભાર માન્યો હતો.

## ગોંડલ: રામજી મંદિરે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**



રામજી મંદિર - ગોંડલ ખાતે પૂ. જયરામજીદાસજી મહારાજના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભાવભર્યું આયોજન કરવામાં આવ્યું.સપ્તાહ ના પ્રારંભ માં ખીજડાવાળા મામાદેવ મંદિરના પૂજ્ય ચંદુબાપુ દેશાણી, વડવાળી જગ્યાના પૂજ્ય સીતારામ બાપુ તથા કુમાર સાહેબ જ્યોતિર્મયસિંહજી (હવામહેલ ગોંડલ) અને ભુવનેશ્વરી મંદિર ના પૂ.આચાર્ય ઘનશ્યામજી મહારાજ ના શુભ હસ્તે દીપ પ્રાગટય કરી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નો શુભારંભ કરવામાં આવ્યો.

દરરોજ સાંજે ૪-૦૦ વાગ્યા થી ૭-૦૦ વાગ્યા દરમ્યાન આ ધાર્મિક લાભ લેવા ગોંડલ ની ધર્મપ્રેમી જનતા ને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## પૂર્વ કચ્છ પોલીસે રૂ.૧.૭૬ કરોડનો વિદેશી દારૂ નાશ કર્યો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પોલીસે પ્રોહિબિશનના ૩૫ ગુનાઓમાં જપ્ત કરેલા દારૂના મોટા જથ્થાનો નાશ કર્યો છે. આજરોજ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ એસ.જે.ચૌધરી તથા ઈન્ચા.નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા અંજાર વિભાગની રૂબરૂ અંજાર પી.આઈ. એ.આર.ગોહિલ,ગાંધીધામ બી ડીવીઝન પી.આઈ. એસ.વી.ગોજીયા, એ ડીવીઝન પી.આઈ. એમ.ડી.ચૌધરી તથા નશાબંધી અને આબકારી અધિકારી ડી.આર.ધોબી દ્વારા અંજાર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના અગલ-અલગ-૦૭ ગુના, ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના અગલ-અલગ-૨૦ ગુના તથા ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના અગલ-અલગ-૦૮ ગુના એમ કુલ-૩૫ ગુનાઓમાં કબ્જે કરેલ અલગ-અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ જેમાં વિદેશી દારૂની નાની મોટી ૨૯,૪૯૦ બોટલો તથા ૮૮૩૯ બિયરના ટીન એમ કુલ કિ.રૂ.૧,૭૬,૪૪,૪૮૮/- ના પ્રોહિબીશન મુદામાલનો લોડર, ડમ્પરો, જે.સી.બી., ઈ.સી.આર. ફાયર તથા એમ્બ્યુલન્સ વાહનોનો ઉપયોગ કરી નાશ કરાયો હતો.

## ગીર ગઢડામાં ખેડૂતોનો ઉગ્ર વિરોધ: પાક નુકસાની સર્વેનો બહિષ્કાર, ૧૦૦% વળતર ચૂકવવાની માંગ ઉઠી

### નગડીયા, નાના સમઢીયાળા, બોડીદર ગામના સરપંચો સાથે ખેડૂતોનો સર્વે ટીમ સામે એકજૂટ બહિષ્કાર

**અબતક ગીર ગઢડા મનુ કવાડ**



ગીર ગઢડા તાલુકાના નગડીયા, નાના સમઢીયાળા અને બોડીદર સહિતના ગામોના સરપંચો તથા ખેડૂતો દ્વારા સરકાર દ્વારા હાથ ધરાયેલા પાક નુકસાન સર્વેનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. તાજેતરમાં પડેલા કમોસમી વરસાદ અને તીવ્ર પવનથી મગફળી, કપાસ, સોયાબીન તથા ડુંગળી જેવા પાકને વ્યાપક નુકસાન થયું છે. ખેતરોમાં ઉભા પાક ધોવાઈ ગયા તેમજ તૈયાર પાક વહેણમાં વહી જતા ખેડૂતો ગુસ્સે થયા છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે હકીકતમાં સર્વે કરી શકાશે નહીં, તેથી સરકારએ સીધી સહાય પેકેજ જાહેર કરી ૧૦૦% વળતર ચૂકવવું જોઈએ. સરપંચોની હાજરીમાં ખેડૂતોના પ્રતિનિધિમંડળ દ્વારા મામલતદારને આવેદન પાઠવાશે.

## બાબરા: માવઠાના મારથી પાયમાલ ખેતીના પાકના વળતર પેટે પાક ધીરાણ ૧૦૦% માફ કરવા કિસાન સંઘની માંગ

### બાબરા મામલતદારને આવેદન આપી મુખ્યમંત્રી-કૃષિમંત્રી પાસે ખેડુતોના દેવા માફીની રજૂઆત

**અબતક, અપ્પુજોશી, બાબરા**



સૌરાષ્ટ્રભરમાં કમોસમી વરસાદથી ખેતીને થયેલા વ્યાપક નુકશાનના પગલે ખેડુતોને તુરંત વળતર પેટે બેંક મંડળીના પાક ધીરાણ સંપૂર્ણ માફ કરવા માંગ ઉઠી છે.

અમરેલીમાં કમોસમી વરસાદના માહોલમાં બાબરા તાલુકામાં ખેતીને વ્યાપક નુકશાન થયું છે. બાબરા તાલુકા ભારતીય કિસાન સંઘના પ્રમુખ ભનુભાઈ પાનસેરીયાની આગેવાનીમાં નાનજીભાઈ રાવત, ઉકાભાઈ સતાણી, રસીક રાદડીયા, અલ્પેશ ચોવટીયા સહિતના આગેવાનોએ બાબરા મામલતદારને આવેદન પત્ર પાઠવી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ-કૃષિમંત્રીને પત્ર પાઠવી ખેડુતોને કમોસમી વરસાદથી ખેતી પાકને થયેલ નુકશાનીના વળતર પેટે બેંક મંડળીનું પાક ધીરાણ ૧૦૦% માફ કરવા રજૂઆત કરી છે.

## ઈતિહાસપ્રેમી શિક્ષક રામભાઈ વાઢેર લિખીત પુસ્તક "સોમનાથનાં સંગમ તીર્થો" પુસ્તકનું કરાયું વિમોચન

### મોબાઈલ યુગમાં ભુલા પડેલા માનવીને જીવનના સાચા રસ્તે વાળવાના લેખકના પ્રયાસો સરાહનીય: ધારાસભ્ય બારડ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સાનિધ્યે મુળ લોઢવાના વતની અને ગીર ઘુસીયા ડી.એમ. બારડ સંકુલના શિક્ષક રામભાઈ વાઢેર લિખીત પુસ્તક સોમનાથનાં સંગમ તીર્થોનું ગુણીજનો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં સોમનાથ યાત્રિભવન ઓડીટેરીયમ ખાતે વિમોચન કરવામાં આવ્યું હતુ.

સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવિણભાઈ લહેરીએ આ પ્રસંગે વીડીયો કોન્ફરન્સથી સંબોધનમાં રામભાઈની ઈતિહાસના વારસા જાળવવાની અને કલમથી અંકિત કરવાની પ્રવૃત્તિને બિરદાવી હતી.

પુસ્તકના સહયોગી ભાણાભાઈ પુનાભાઈ ભોળાએ જણાવ્યું કે, આપણી આંખોથી અજાણ રહ્યા હોય તેવા સ્થળોને ઉજાગર કરવાનો અને પ્રયત્ન આ ગ્રંથકનો ભવ્ય ભૂતકાળ, વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ અને વિવિધતાથી વાકેફ થશે.

ડો.રાઘવજી માધડે જણાવ્યું કે, આ પુસ્તક લખવા રામભાઈ મેઘાણીની જેમ ગામડે ગામડે રખડયા છે. અને ઉતમ ભાષા વાંચકો સરળતાથી સમજી શકે તેવા સંદર્ભોનો શબ્દ વૈભવ મુકી લુપ્ત થતી ભાષાને બચાવવાનું કાર્ય કર્યું છે.તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડે સંબોધનમાં જણાવ્યું કે મોબાઈલ યુગની આ સંસ્કૃતિમાં ભૂલા પડેલા માનવીને જીંદગીને સાચા રસ્તા ઉપર લાવવાનું કામ પુસ્તકો કરે છે. રામભાઈ વાઢેરે આ પુસ્તકમાં ૯૦ જેટલા ઐતિહાસીક સ્થળો-ધાર્મિક સ્થાનોના સ્થાનકોએ જઈ તેનો ઈતિહાસ ઉજાગર કરેલ છે. પુસ્તકના લેખક રામભાઈએ પ્રભાસ બ્રહ્મસમાજના અગ્રણી મિલન જોશીના ભાવપૂર્વક સાથની પ્રશંસા કરી સોમનાથ જેવા તીર્થમા જ આ લોકાર્પણ થાય તેવા સહયોગ બદલ આભાર માન્યો હતો.

આ પુસ્તકના પ્રકાશન પાછળ માત્ર પુરાતન વારસાનો ગૌરવ કરવાનો જ ઉદેશ નથી પરંતુ આપણી પરંપરા અને સંસ્કૃતિથી ભાવકો તથા અભ્યાસીઓ વાકેફ થાય તે માટેનો છે. રાજકોટના પ્રવિણ પુસ્તકના ગોપાલભાઈ પટેલ અને પ્રવિણભાઈ પટેલનો ખાસ સહયોગ મળેલ છે. ડો. નાથાલાલ ગોહેલ પ્રાસંગીક સંબોધનમાં આ વિસ્તારમાં પથરાયેલા શકિત સ્થાનકો, ઋષી મૂનિઓનાં તપોવનોની શાસ્ત્રોકત પ્રમાણ સાથે વિસ્તૃત માહિતી આપી હતી.

## સિંહોર: રાજયકક્ષાની વિવિધ સ્પર્ધામાં વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસના વિદ્યાર્થીઓ ઝળકયા

**અબતક, આનંદ રાણા, સિહોર**




" સંસ્કૃતિ સ્કૂલ,વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસ-સિહોરનાં વિદ્યાર્થી ૬૯મી શાળાકીય રમતોત્સવ-એસજીએઆઈ-૨૦૨૫ અંતર્ગત માલગઢ,ડીસા ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની સેપક ટકરાવની સ્પર્ધામાં ભાગ લઈ વિશિષ્ટ સિદિધ હાંસલ કરતાં શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં

રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,ગુજરાત રાજ્ય,સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત અને જિલ્લા રમતગમત અધિકારી,સાબરકાંઠા,ડીસા દ્વારા સંચાલિત ૬૯મી શાળાકીય રમતોત્સવ-એસજીએઆઈ-૨૦૨૫ અંડર-૧૭ (બહેનો) તથા અંડર-૧૭ (ભાઈઓ)ની રાજ્ય કક્ષાની સેપક ટકરાવ સ્પર્ધાનું આયોજન ડીસા ખાતે થયેલ હતું. જેમાં સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ સિહોરનાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરેલ. અંડર-૧૭ (મહિલા) (૧)દવે અનંતા(ધોરણ-૧૦/અ) (૨)વનાણી દિયા (ધોરણ-૧૦/અ) તેમજ અંડર-૧૭ (પુરુષ)ની રમતમાં ગોહિલ પુષ્પરાજસિંહ(ધોરણ-૯/અ) એ આ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરી રાજ્ય કક્ષાએ શાળા તેમજ પોતાના માતા-પિતાનું નામ રોશન કર્યું હતુ.

ટ્રસ્ટી પી.કે.મોરડિયા ,કેમ્પસ ડાયરેક્ટર અનિકેતભાઈ રાજ્યગુરુ,આચાય સંગીતાબેન કોઠડિયા, કોર્ડિનેટર ભાવેશભાઈ કસોટીયા, સુપરવાઈઝરશ્રી તેમજ શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.


નૂતન
વર્ષાભિનંદન
:: સંકલન ::
પ્રદીપભાઈ ઠાકર
અબતકના રિપોર્ટર અમરેલી



નૂતન વર્ષાભિનંદન
નવું વર્ષ, નવા વિચાર, નવી આશા અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે નૂતન વર્ષનો અરૂણોદય આપના જીવનને નિત્ય નવી ઉર્જા, ઉમંગ અને ઉત્સાહથી પરિપૂર્ણ કરે તેવી નૂતન વર્ષની અનેક અનેક શુભકામનાઓ...
કૌશિકભાઈ વેકરીયા
મંત્રીશ્રી - ગુજરાત સરકાર
ધારાસભ્યશ્રી - અમરેલી


નૂતન વર્ષાભિનંદન
જનકભાઈ તળાવિયા
ધારાસભ્યશ્રી
લાઠી - બાબરા - દામનગર


નૂતન વર્ષની
શુભકામના
ધર્મેશભાઈ સોની
ભાજપ શહેર પ્રમુખ, લાઠી



નૂતન વર્ષાભિનંદન
આપ સૌનુ નવુ વર્ષ જીવનની નવી તકો, સફળતા અને સમૃદ્ધિથી સભર રહે, નવા વર્ષમાં નવી નવી દિશાઓ ખૂલતી રહે અને સ્વસ્થતાનો સાથ રહે એવી શુભેચ્છાઓ.
ગ્રામ પંચાયત ભેસાણ
તા.: લીલીયા જિ.: અમરેલી
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી
અને સભ્યશ્રીઓ



નૂતન વર્ષાભિનંદન
એસ. એચ. ગજેરા ટ્રસ્ટ
સંચાલિત વિદ્યાસભા કેમ્પસ
અમરેલી
વસંતભાઈ
ગજેરા
પ્રમુખશ્રી
વસંતભાઈ
પેથાણી
ડાયરેકટરશ્રી


નૂતન
વર્ષાભિનંદન
હરીઓમ કન્ટ્રક્શન
અમરેલી


નવુ વર્ષ આપ સૌને સુખ શાંતિ
સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય બક્ષે અને
તમે પ્રગતિના તમામ શિખરો સર
કરો એવી નવા વર્ષની શુભેચ્છા
નૂતન વર્ષાભિનંદન
અમરેલી નગરપાલિકા
બીપીનભાઈ લીંબાણી
પ્રમુખશ્રી
દિલાભાઈ વાળા
ચેરમેનશ્રી


નૂતન વર્ષની
શુભકામના
ભરતભાઈ સુતરિયા
સાંસદશ્રી, અમરેલી


નૂતન વર્ષની
શુભકામના
પ્રકાશભાઈ
લાખાણી
સદસ્ય નગરપાલિકા
અમરેલી


રાજક્રિષ્ના આર્કિટેક
પી. વી. દુધાત
અમરેલી
નૂતન વર્ષાભિનંદન


નૂતન વર્ષાભિનંદન
એસ. એચ. ગજેરા ટ્રસ્ટ સંચાલિત
શાંતાબા મેડિકલ કોલેજ
અમરેલી
વસંતભાઈ ગજેરા
પ્રમુખશ્રી
ભરતભાઈ ધડુક
મેનેજમેન્ટ


નૂતન
વર્ષાભિનંદન
ભાવનાબેન સુખડીયા
સરપંચ, ગ્રામપંચાયત,
દેવભૂમિ દેવળીયા, તા.અમરેલી


નૂતન વર્ષની
શુભકામના
નવુ વર્ષ આપ સૌને સુખ શાંતિ સમૃદ્ધિ
અને સ્વાસ્થ્ય બક્ષે અને તમે પ્રગતિના
તમામ શિખરો સર કરો એવી શુભેચ્છા
UNIQUE BUILDERS
A strong foundation for tomorrow
AA CLASS GOVT. APPROVED CONTRACTOR


નૂતન વર્ષાભિનંદન
ગણપતભાઈ સેંજળીયા
સરપંચ, રાજસ્થળી ગ્રામપંચાયત
તા. અમરેલી

## નીલ્સ સંજયરાજ ગ્રુપની હોટલ ઉદ્યોગ સેક્ટરમાં નવી પહેલ

# હોટલ લેમન ટ્રીમાં દિવ્યાંગોને રોજગારી આપી પગભર બનાવાશે

## લેમન ટ્રી હોટલમાં ૫૯ રૂમ બેંકવેટ હોલ, જીમ્નેશીયમ, સ્વિમિંગ પુલ, રેસ્ટોરન્ટ સહિતની અદ્યતન સુવિધા




**અબતક, રાજકોટ**

રાજકોટમાં નિલ્સ સીટી કલબ, નિલ્સ એસ્ટ્રાલ, મંત્રા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, સંજયરાજ એજ્યુશેકન ઝોન જેવા આયામો થકી જાણીતા નિલ્સ સંજયરાજ ગ્રુપ દ્વારા હોટલ ઉદ્યોગમાં પદાર્પણ કરી રાજકોટમાં લેમન ટ્રી હોટલ, હોટલ મીન્ટ, ધારીમાં ધ ફર્ન વિસ્ટેરીયા હોટલ શરૂ કર્યા બાદ સૌરાષ્ટ્રના પેરીસ ગણાતા મોરબી શહેરમાં મોરબી-વાંકાનેર હાઈવે પર જાંબુડીયા ખાતે હોટલ લેમન ટ્રી શરૂ કરવામાં આવી છે.

મોરબીમાં હોટલ લેમન ટ્રીના શુભારંભ પ્રસંગે નીલ્સ સંજયરાજ ગ્રુપના યુવા ઓનર સ્વરાજ રાજ્યગુરૂ અને દર્શનીલ રાજ્યગુરૂએ જણાવ્યુ હતું કે હોટલ સેક્ટરમાં અમોએ નવી પહેલ કરી છે. તેમાં અમારી હોટલમાં દિવ્યાંગોને પણ રોજગારી મળે અને તેનાથી જે કામ થઈ શકે એવું કામ આપીને દિવ્યાંગોને પગભર બનાવવાનો અમારો પ્રયાસ છે. નિલ્સ સંજયરાજ ગ્રુપની આ પહેલને સર્વત્ર આવકાર મળી રહ્યો છે.

હોટલ લેમન ટ્રી વિશે વિસ્તૃત માહિતી આપતા સ્વરાજ રાજ્યગુરૂએ જણાવ્યું હતું કે મોરબી સીરામીક ઉદ્યોગનું હબ છે. અહિં દેશ-વિદેશથી બિઝનેસમેનો આવે છે. પરંતુ તેઓને જોઇએ તેવી સુવિધાનો અભાવ હતો તેમજ કોર્પોરેટ લેવલની બિઝનેસ મિટીંગ અને લક્ઝરીયસ લગ્ન પ્રસંગ પાર્ટી માટે તેમજ કોર્પોરેટ કોન્ફરન્સ માટે મોરબીના ઉદ્યોગકારો અને નગરજનોને રાજકોટ સુધી લંબાવવું પડતું હતું એ બાબતને ધ્યાને લઈ અમોએ મોરબીના જાંબુડીયા ખાતે ૫૯ રૂમ બેંકવેટ હોલ, જીમનેશીયમ, સ્વીમીંગ પુલ, કાફેટેરીયા, રેસ્ટોરન્ટ, કોન્ફરન્સ હોલ, વિશાળ પાર્ટી પ્લોટ જેવી અદ્યતન સુવિધા સાથે હોટલ લેમન ટ્રીનું નિર્માણ કર્યુ છે. અમોને મોરબીના ઉદ્યોગકારો અને નગરજનો તરફથી જબરો પ્રતિસાદ મળી રહ્યો છે.

# દાદા ભગવાનનો ૧૧૮મી જન્મજયંતિ મહોત્સવ સોમવારથી એક સપ્તાહ સુધી ઉજવાશે




**અબતક, ઋષિ મહેતા**

મોરબીના વિરપર ખાતે યોજાનાર દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ ઉજવણીની તારીખોમાં કમોસમી વરસાદને કારણે ફેરફાર કરવામાં આવ્યો છે, હવે મહોત્સવ ૩ થી ૯ નવેમ્બર દરમિયાન યોજાશે, આ ભવ્ય ઉજવણીના શુભારંભ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.મોરબી જીલ્લાના વિરપર ગામ નજીક, રવાપર ઘૂંનડા રોડ પર, પાણીના ટાંકા સામે યોજાનાર દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે ધાર્મિક મહોત્સવની તારીખોમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. આ મહોત્સવ અગાઉ ૧ થી ૭ નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન યોજાવાનો હતો, પરંતુ અણધાર્યા કમોસમી વરસાદને ધ્યાનમાં રાખીને તથા બહારગામથી આવનારા હજારો ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુસર મહોત્સવની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ ધાર્મિક મહોત્સવ ૩ થી ૯ નવેમ્બર દરમિયાન ધામધૂમથી યોજાશે.

મહોત્સવનો શુભારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ૩ નવેમ્બર, સોમવારની સાંજે ભવ્ય રીતે યોજાશે, જેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે મહોત્સવ નિમિત્તે ખાસ રીતે ઊભી કરવામાં આવેલી જોવા જેવી દુનિયાની મુલાકાત ૩ થી ૯ નવેમ્બર દરમ્યાન દરરોજ સાંજે ૪.૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી માટે ખુલ્લુ રહેશે. દાદા ભગવાન પરિવાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે આ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં દરેક શ્રદ્ધાળુએ નવી તારીખોની નોંધ લઈને સમયસર ઉપસ્થિત રહી ધર્મલાભ લેવો.

## મનપા દ્વારા વાવડી રોડથી ધૂનડા રોડ પર લાઈટીંગ લગાવવાની કામગીરી પુરજોશમાં



**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા શહેરને વધુ પ્રકાશિત અને આધુનિક બનાવવા સતત પ્રયાસો ચાલી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં જ્યાં અત્યાર સુધી રસ્તા લાઈટો ન હતી, ત્યાં ડિવાઈડર પર નવા પોલ નાખી લાઈટો લગાવવાની કામગીરી તબક્કાવાર શરૂ કરવામાં આવી છે. હાલમાં પંચાસર રોડ પર લાઈટોની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને હવે વાવડી રોડથી બાયપાસ વાવડી ચોકડી- શનાળા - ઘૂંનડા રોડ સુધીની લાઈટિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.

ઉપરાંત, સરદાર પટેલ જયંતિ નિમિત્તે મોરબી શહેર હદમાં આવેલ સરદાર પટેલ ચોક ખાતે પ્રતિમાને વિશેષ લાઈટિંગ વડે ઝગમગતું બનાવવા ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા વિશેષ આયોજન હાથ ધરાયું છે.

# એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રન ફોર યુનિટી

## ધારાસભ્ય દેથરીયા સહિતના મહાનુભાવો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ






**અબતક, ઋષિ મહેતા**

મોરબી: અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી - એકતા દિવસની ઉજવણી અંતર્ગત મોરબીમાં રન ફોર યુનિટી (દોડ) યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સહિતના પદાધિકારીઓ તથા જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

એકતા દિવસે સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ પાઠવવા મોરબીમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડથી સરદાર પટેલના સ્ટેચ્યુ, નવા બસ સ્ટેન્ડ સુધી રન ફોર યુનિટી (દોડ) યોજાઈ હતી.

મહાનુભાવોએ લીલી જંડી બતાવી આ રન ફોર યુનિટીને પ્રસ્થાન કરાવી હતી. ઉપસ્થિત સૌએ એકતા શપથ ગ્રહણ કરી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ દોડમાં મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપિનલ ખરે, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, ઈન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકારી અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નવલદાન ગઢવી, નાયબ વન સંરક્ષક ડો.સુનિલ બેરવાલ, સહિત પદાધિકારીઓ તથા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ, પોલીસના જવાનો, ડીએલએસએસના રમતવીરો તથા નગરજનો જોડાયા હતા.

## બાઈક સ્લીપ થતા ચાલકનું મૃત્યુ

**અબતક, ઋષી મહેતા**

મોરબીના લાલપર ગામ નજીક નેશનલ હાઈવે રોડ ઉપર ફૂલ સ્પીડમાં ચલાવી બાઈક લઈને જતા શ્રમિકનું બાઈક સ્લીપ થતા માથામાં અને શરીરે ગંભીર ઈજા પહોચતા, મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન શ્રમિકનું મૃત્યુ નીપજ્યું હતું.

મોરબી તાલુકા પોલીસ મથકના નોંધાયેલ ફરિયાદ મુજબ, ગત તા.૧૩ સપ્ટે.૨૦૨૫ ના રોજ હાલ મોરબી તાલુકાના જાંબુડીયા ગામે ધર્મસિદ્ધિ સોસાયટીમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના બલરામપુર જીલ્લાના બીલન્ડગંજ ગામના રાજકુમાર રામપ્રસાદ વર્મા પોતાનું એચ.એફ.ડિલક્ષ બાઈક રજી.નં. જીજે-૧૦-સીએલ-૦૮૬૭ લઈને પીપળી રોડથી જાંબુડીયા તેમના ઘરે આવતા હોય તે દરમિયાન મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ઉપર લાલપર ગામ નજીક પુર ઝડપે ચાલતા મોટર સાયકલ ઉપર કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થયું હતું. જે અકસ્માતમાં બાઈક ચાલક રાજકુમાર વર્માને માથામાં અબે શરીરે ઈજાઓ પહોંચી હતી.

ત્યારે એકઠા થયેલા લોકોએ ૧૦૮ મારફતે ઈજાગ્રસ્ત બાઈક ચાલકને મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા, જ્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટ રીફર કરવામાં આવ્યા જ્યાં એક દિવસની ટૂંકી સારવારમાં રાજકુમાર વર્માનું મૃત્યુ નીપજ્યું હતું.

# ખેડુતો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની કિસાન સંઘની મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા સહિત રાજ્યભરમાં કમોસમી વરસાદના કારણે ખેડુતોના મગફળી, કપાસ સહિતના પાકને ભારે નુકશાન થયું છે. હાલની આ પરિસ્થિતિને ધ્યાને લઇને ભારતીય કિસાન સંઘ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી તાત્કાલિક સર્વે કરીને યોગ્ય સહાય અને વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે.

રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા કમોસમી વરસાદના કારણે ખેડુતોના તૈયાર પાકને ભારે નુકશાન પહોંચ્યું છે. ખેતરોમાં પાક પણ પાણીમાં પલળી જતાં બગડી ગયેલા છે. ખાસ કરીને મગફળી, કપાસ, સોયાબીન, અડદ અને મગ જેવા પાકોનો મોટાભાગનો ભાગ નાશ થવાને આરે છે. આ કારણે ખેડુતો પર આર્થિક સંકટના વાદળો છવાયા છે. ત્યારે ભારતીય કિસાન સંઘના મોરબી જીલ્લા પ્રમુખ બાબુલાલ સીણોજીયા, ઉપપ્રમુખ આશિષકુમાર કગથરા અને મહામંત્રી નાથાલાલ ઢેઢી દ્વારા મુખ્યમંત્રીને ઈમેઈલ મારફતે રજૂઆત કરી જણાવાયું છે કે છેલ્લા ચારથી પાંચ સીઝનથી ખેડુતો સતત કુદરતી આફતો અને રોગચાળાઓને કારણે નુકશાન સહન કરી રહ્યા છે. હવે ફરી કમોસમી વરસાદે ખેડૂતોની આખા વર્ષની મહેનત પર પાણી ફેરવી દીધું છે.

રજુઆતમાં જણાવાયું છે કે સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી ૧ નવેમ્બરથી શરૂ થવાની હોવા છતાં હજુ સુધી કેટલો જથ્થો ખેડૂતદીઠ લેવામાં આવશે તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. બજારમાં મગફળી અને અન્ય ખેતપેદાશોના ભાવ ખુબ જ નીચા સ્તરે પહોંચી જતા ખેડુતોને બજાર ભાવ તેમજ પાક નુકશાની બંને વેઠવાનો વારો આવ્યો છે. ખરીદી સેન્ટરો દ્વારા રીજેકશનની પ્રક્રિયા અને પ્રશાસનના સર્વે દરમિયાનની બેદરકારીના કારણે ખેડુતોને હંમેશા અન્યાય ભોગવવો પડે છે. રજૂઆતમાં જણાવાયું છે કે, અત્યાર સુધી સરકારે જે રાહત પેકેજો જાહેર કર્યા છે તેમાં ખેડુતોને ખાતા દીઠ રૂ.૧૨,૦૦૦ થી રૂ.૧૫,૦૦૦ ની ચુકવણી કરવામાં આવે છે, જે રકમથી ખેડુતોના આર્થિક સંકટમાં કોઈ ફરક પડતો નથી.

## યુવાનો માટે ચેતવા જેવો કિસ્સો

# હળવદમાં પ્રેમ સંબંધમાં રૂપિયા પડાવવા ધમકી

## ખોટા કેસમાં ફીટ કરવાની ધમકી આપતી મહિલા સામે ફરિયાદ

**અબતક, ઋષી મહેતા**

હળવદ તાલુકાના સાપકડા ગામના યુવકને મહિલાએ પ્રેમ સંબંધના બહાને રૂપિયા પડાવવાની અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપતી હોવાની ફરિયાદ નોંધાવી છે. હાલ હળવદ પોલીસ દ્વારા મામલાની તપાસ હાથ ધરાઈ છે.

હળવદ તાલુકાના સાપકડા ગામે રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા જીગરભાઈ જનાભાઈ સણાસીયા ઉવ.૨૫ એ હળવદ પોલીસ મથકમાં આરોપી હેતલબેન પ્રદીપસિંહ પરમાર હાલ રહે.હળવદ મૂળ રહે. સુરેન્દ્રનગર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપી હેતલ તેમના સાથે પ્રેમ સંબંધ બાંધી રૂપિયા પડાવવા અને ખોટા કેસમાં ફસાવવા ધાક ધમકી આપતા હોય ત્યારે ફરિયાદી જીગરભાઈએ નોંધાવેલ ફરિયાદ મુજબ, ફરીયાદી જીગરભાઈ સાથે આરોપી બહેને પ્રેમ સબંધ બનાવી, રૂપિયા ત્રીસ હજારની માંગણી કરેલ અને ત્રીસ હજાર રૂપિયા નહી આપે તો જીગરભાઈના ઘરે જઈને દવા પીને મરી જવાની અને ખોટા બળાત્કારના કેસમા ફસાવી દેવાની અવાર નવાર ધાક ધમકી આપતા હતા. હાલ હળવદ પોલીસે જીગરભાઈની ફરિયાદને આધારે આરોપી મહિલા સામે ભારતીય ન્યાય સહિતાની કલમ-૩૦૮(૨), ૩૦૮(૭), ૩૫૧(૨) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કાર સેવકોની સ્મૃતિમાં કાલે રકતદાન કેમ્પ

## વિહીપ અને બજરંગ દળ દ્વારા એમ્બ્યુલન્સ લોકાર્પણ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી અને હળવદમાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળના સંયુક્ત ઉપક્રમે હુતાત્મા કારસેવકોની યાદમાં રકતદાન શિબિર અને લોકાર્પણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન સાથે સાથે, જનસેવા અને સ્વરૂચીભોજન દ્વારા સમાજજાગૃતિનો સંદેશ આપવામાં આવશે.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ મોરબી પ્રખંડ તેમજ મોરબી ગ્રામ્ય દ્વારા સંયુક્ત ઉપક્રમે તા. ૨ નવેમ્બર ૨૦૨૫ રવિવારના રોજ સંસ્કારધામ બ્લડ બેંક, જી.આઈ.ડી.સી. મેઈન રોડ, મોરબી ખાતે સવારે ૯ વાગ્યાથી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત, હળવદ પ્રખંડ દ્વારા પણ તા. ૧ નવેમ્બર ૨૦૨૫ શનિવારના રોજ લુહાણા મહાજન વાડી ખાતે સવારે ૯ થી બપોરે ૧.૩૦ દરમિયાન રક્તદાન શિબિર તથા જાહેર જનતાની સેવા માટે એમ્બ્યુલન્સ લોકાર્પણ સમારંભ યોજાશે. આ કાર્યક્રમ બાદ બપોરે ૧૨.૩૦ કલાકે સ્વરૂચીભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા જણાવાયું છે કે આ રકતદાન શિબિર શ્રી રામજન્મભૂમિ મુક્તિ આંદોલન દરમિયાન કારસેવકો પર થયેલ ગોળીબાર અને બલિદાન આપનાર હુતાત્માઓની સ્મૃતિમાં આયોજિત કરવામાં આવી છે. આ કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રપ્રેમ, સમાજસેવા અને માનવતાના મૂલ્યોને ઉજાગર કરવામાં આવશે.

## માટેલ ગામે વિદેશી દારૂના જથ્થા સાથે એક પકડાયો

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમીને આધારે માટેલ ગામની સીમમાં જુના પલાસ ગામ જવાના માર્ગે પ્લાસ્ટિકના બચકામાં વિદેશી દારૂ રોયલ સ્ટગની ૧૦ બોટલ કિ.રૂ. ૧૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી મહેશ ઉર્ફે મસો ટીડાભાઈ ધેણોજા ઉવ.૩૦ રહે. માટેલ ગામ તા.વાંકાનેર વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી - વાંકાનેર બ્રહ્મ સમાજનું સ્નેહ મિલન સરસ્વતિ સન્માન સમારોહ ૯મીએ યોજાશે

**અબતક, રાજકોટ**

શ્રી મોરબી - વાંકાનેર બ્રહ્મસમાજ, રાજકોટના પ્રમુખ લલીતભાઈ જાનીની યાદી જણાવે છે કે સંસ્થા દ્વારા નૂતન વર્ષ સ્નેહ મિલન તથા વિદ્યાર્થી પારિત્તોષિક વિતરણ તા. ૯-૧૧ રવિવારના રોજ સાંજે ૫ કલાકે યોજાશે. જેમાં માર્ચ-એપ્રિલ ૨૦૨૫ માં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. જેનું નિયત ફોર્મ ભરી સંસ્થાના કાર્યાલય પર તા. ૨-૧૧ સુધીમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમિયાન પહોચાડી દેવાનું રહેશે. તેમ લલીતભાઈ જાનીની યાદીમાં જણાવ્યું છે.

# ટંકારાના લજાઈ ગામે કારખાનામાં થયેલો ઝઘડો હત્યામાં પલટાયો

## સાથી શ્રમિકના તારપીનના ઘાથી ઈજાગ્રસ્ત શ્રમિકનું મોત

**અબતક, ઋષી મહેતા**

ટંકારાની લજાઈ ચોકડીએ કારખાનામાં કામ દરમિયાન બે શ્રમિકો વચ્ચે થયેલા ઝઘડામાં એક શ્રમિકે બીજા શ્રમિકને તારપીન વડે આંખમાં ઘા મારી દેતા ઈજાગ્રસ્ત શ્રમિકને સારવાર માટે મોરબી બાદ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા બાદ ત્રણ દિવસની સારવારમાં દમ તોડી દેતા મારામારીનો આ બનાવ હત્યામાં પલટાયો હતો.

હત્યાના બનાવ અંગે મૃતક યુવકના કાકા મુન્નાલાલ પ્યારેલાલ વર્મા ઉવ.૫૨ રહે.ભૂરાનેપુરાવા ગામ ઉત્તરપ્રદેશ વાળાએ ટંકારા પોલીસ મથકમાં આરોપી અંગદ કૈલાસ રાજભર હાલ રહે. ટંકારાના લજાઈ ભરડીયા રોડ ઉપર દેવ પોલીપેક કારખાનાની લેબર કોલોની મૂળ રહે. ઉત્તરપ્રદેશ રાજ્યના મંગલપુર ટોલા ધાતુર ખાસ થાણા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદીના ભત્રીજા કમલચંદ્ર ઉર્ફે પિન્ટુ વર્મા ટંકારા તાલુકાના લજાઈ ગામની ચોકડી નજીક આવેલ દેવ પોલીપેક કારખાનામાં કામ કરતા હોય ત્યારે ગત તા.૨૭/૧૦ ના રોજ રાત્રીના પોલીપેક કારખાનામાં કામ દરમિયાન સાથી કર્મચારી આરોપી અંગદ રાજભર સાથે ઝઘડો થતા, આરોપીએ એકદમ ઉશ્કેરાઈને કમલચંદ્ર ઉર્ફે પિન્ટુને આંખમાં દોર પોરવવાની તારપીનનો ઘા મારી દેતા, કમલચંદ્ર ઉર્ફે પિન્ટુને ઈજાગ્રસ્ત હાલતમાં મોરબી બાદ રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તા.૩૦/૧૦ના રોજ રાત્રીના કમલચંદ્ર ઉર્ફે પિન્ટુનું મૃત્યુ નીપજ્યું હતું.

# બાર નાળા પરથી કિશોરે નદીમાં મોતની છલાંગ લગાવી

## ફાયર વિભાગે ચાર કલાકની જહેમત બાદ મૃતદેહ શોધી બહાર કાઢ્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી-ટંકારા હાઈવે પર આવેલા બાર નાળા પરથી ૧૭ વર્ષીય યુવકે નદીમાં ઝંપલાવતાં ચકચાર મચી હતી. મોરબી ફાયર વિભાગે ચાર કલાકની શોધખોળ બાદ મૃતદેહને બહાર કાઢ્યો હતો.

મોરબી-ટંકારા હાઈવે પર આવેલ બાર નાળા નજીક અજાણ્યા વ્યક્તિએ પોતાનું મોટર સાઈકલ રોડ પર મૂકીને નદીમાં છલાંગ લગાવી દીધી હતી. બનાવની જાણ થતાં મોરબી ફાયર વિભાગ અને ટંકારા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ફાયર વિભાગના કંટ્રોલ રૂમમાં આ બનાવ અંગેનો કોલ સાંજે ૬.૩૫ કલાકે પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ મોરબી મહાનગરપાલિકાની રેસ્ક્યૂ ટીમ દ્વારા તાત્કાલિક શોધખોળ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. લગભગ ચાર કલાકની શોધખોળ બાદ રાત્રે ૧૦.૧૫ કલાકે નદીમાંથી એક યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ બંસીભાઈ પ્રવીણભાઈ કટારીયા (ઉંમર ૧૭ વર્ષ) તરીકે કરવામાં આવી છે. મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બનાવને લઈને ટંકારા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

## કારખાનાની ઓરડીમાં સગીરાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના લીલાપર રોડ પર પાજરાપોળની સામે આવેલા ન્યુ વરીયા પ્રજાપતી નાળિયાના કારખાનાની ઓરડીમાં ૧૬ વર્ષીય સગીરાએ અજાણ્યા કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા અ.મોતની નોંધ મુજબ, મરણજનાર સંજનાબેન જીતેશભાઈ પ્રભુભાઈ સીતાપરા ઉવ.૧૬ વર્ષ ૧૧ માસ વાળીએ લીલાપર રોડ પાજરાપોળની સામે આવેલા ન્યુ વરીયા પ્રજાપતી નાળિયાના કારખાનામાં તા.૩૧/૧૦ના રોજ સવારના સમયે તેણીએ અગમ્ય કારણોસર કારખાનાની ઓરડીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા યુવતીને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

## મનપા દ્વારા શહેરના ખાલી પ્લોટ પર પોકેટ ગાર્ડન બનાવવામાં આવશે

**અબતક, ઋષીમહેતા**

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા શહેરને લીલુંછમ અને સુંદર બનાવવા સતત પ્રયત્નશીલ રહી છે. હવે શાખા દ્વારા એક નવી પહેલ તરીકે એવા વિસ્તારો, જ્યાં લોકો કચરો ફેંકતા હોય અથવા ગંદકી કરતા હોય, તેવા સ્થળોને સ્વચ્છ બનાવી ત્યાં પોકેટ ગાર્ડન એટલે કે નાનકડા ગાર્ડન તરીકે વિકસાવવાની યોજના શરૂ કરવામાં આવી છે.

શરૂઆતમાં એલ.ઈ. કોલેજ રોડ, સર્કિટ હાઉસ રોડ, સૂરજબાગ પાસેના જીવીપી પોઈન્ટ સહિતના વિસ્તારોમાં આ પ્રકારના નાના ગાર્ડન વિકસાવવામાં આવશે. આવા ગાર્ડન માત્ર શહેરને સુંદર બનાવશે જ નહીં પરંતુ નાગરિકોમાં સ્વચ્છતા અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ પણ વધારશે. વધુમાં, ગાર્ડન શાખા દ્વારા લીલાપર ખાતે આવેલા મોહન બાગનું લે-આઉટ તૈયાર કરવામાં આવ્યું છે, અને નજીકના ભવિષ્યમાં ત્યાં એક સંપૂર્ણ ગાર્ડન વિકસાવવામાં આવશે. આ ગાર્ડન લીલાપરની જનતા માટે ફરવાલાયક અને આરામદાયક સ્થળ તરીકે ઉપયોગી સાબિત થશે.

# હળવદના દીઘડીયા ગામે યુવતીનો ગળેફાંસો ખાઈ આપઘાત

## સગાઈ નક્કી કર્યા બાદ ન થતા લાગી આવતા ભર્યું પગલું

**અબતક, ઋષિ મહેતા**

હળવદ તાલુકાના દીઘડીયા ગામની વાડીમાં ૧૭ વર્ષીય સગીરાએ વતનમાં નક્કી કરેલ સગાઈ ન થતા જે બાબતનું લાગી આવતા સાડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

હળવદ તાલુકાના દીઘડીયા ગામની સીમમાં તરૂણભાઈ પટેલની વાડીમાં રહેતી ૧૭ વર્ષીય યુવતી સરોજબેન જગદીશકુમાર ફતેસિંહ નાયક જે મૂળ પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાના કંસારાવાવ ગામની વતની છે,

તેણીની આજથી આશરે પાંચ મહિના પહેલા પોતાના વતન નજીકના ગામના યુવક સાથે સગાઈ નક્કી કરી હતી, પરંતુ બાદમાં તે સગાઈ ન થતા, જે બાબતનું લાગી આવતા ગઈકાલ તા.૩૧/૧૦ના રોજ તરૂણભાઈ પટેલની વાડીની ઓરડીમાં પતરાને સપોર્ટ આપતી લોખંડની એંગલ સાથે સાડી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

# ધોરાજી: તુલસી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલી અર્પણ કરતા ધારાસભ્ય ડો. પાડલીયા



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

સરદારધામ રાજકોટ તથા તુલસી ચેરીટેબલ ટ્રસ્ટ ધોરાજીના સંયુક્ત ઉપક્રમે એક ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ એવા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ધોરાજી ઉપલેટા વિસ્તારના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, સરદાર ધામ ધોરાજી શહેર કન્વીનર અને તુલસી ચેરીટેબલ ટ્રસ્ટ ધોરાજીના પ્રમુખ રાજુભાઈ બાલધા ટ્રસ્ટીશ્રી અશોકભાઈ બાલધા તેમજ ધોરાજી શહેર ભાજપના પ્રમુખ કૌશિકભાઈ વાગડિયા મહામંત્રી જયંતીભાઈ કોયાણી ધોરાજી નગરપાલિકાના પ્રમુખ પાર્થભાઈ પરમાર, દિનેશભાઈ બાલધા સહિત રાજકીય તથા સામાજિક આગેવાનો દ્વારા સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ કરી શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવેલ.

## સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિએ

# ચિલ્ડ્રન રિસર્ચ યુનિ.ના કુલપતિ સહિત ૨૫ પ્રાધ્યાપકો ઝવેરચંદ મેઘાણીની જન્મભુમિ ચોટીલાની મુલાકાતે

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

ભારતના લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી અવસરે ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સંસ્કૃતિ-સાહિત્ય-શિક્ષણ-પ્રેમી કુલપતિ ડો. ટી. એસ. જોષી તથા ૨૫ જેટલાં પ્રાધ્યાપકોએ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા (જિ. સુરેન્દ્રનગર)ની મુલાકાત લીધી હતી. ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીએ સહુનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જન્મસ્થળ સ્મારક, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી તાલુકા પુસ્તકાલયને રસપૂર્વક નિહાળીને સહુએ રાજીપો વ્યક્ત કર્યો હતો.



સરદાર વલ્લભભાઈ પટેલને સહુએ સ્મરણાંજલિ અર્પણ કરી હતી. સરદાર પટેલ સાથે ઝવેરચંદ મેઘાણીના અનેક લાગણીસભર સંભારણાં છે.

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી હસ્તકનું ઝવેરચંદ મેઘાણીના જીવન, કાર્ય, સાહિત્ય અને સંગીતને નિરૂપતું ભવ્ય રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલયનું નિર્માણ રૂ.૩૪ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે તેમજ ગ્રંથાલય નિયામકની કચેરી હસ્તકનું વિવિધ વિષયોનાં ૧૫૦૦૦ જેટલાં પુસ્તકો ધરાવતું અદ્યતન અને સમૃદ્ધ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી તાલુકા પુસ્તકાલયનું નિર્માણ રૂ. ૦૫ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. લોકલાગણીને પામીને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૦માં સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ઝવેરચંદ મેઘાણીના જે ઐતિહાસિક જન્મસ્થળને સહુપ્રથમ વખત જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. તેનો પણ સુયોગ્ય રીતે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

# ખેડબ્રહ્મા: સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા સાંસદ શોભનાબેન બારૈયા



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ખેડબ્રહ્મા શહેરના હૃદયસમા સરદાર ચોકમાં આવેલા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને લોકસભાના સાંસદ શોભનાબેન બારૈયા દ્વારા સુતરની આટી પહેરાવી તેમજ તેમની પ્રતિમાને પુષ્પાંજલિ દ્વારા હૃદયના ભાવ સાથે શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા. જેમાં પ્રમુખ હિતેશભાઈ જિલ્લા સંગઠનના ઉપપ્રમુખ મૂળજીભાઈ પટેલ નગરપાલિકાના સૌ કોર્પોરેટર સંગઠનના મહામંત્રીઓ સંગઠનના સૌ હોદ્દેદારો કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ કોંગ્રેસ દ્વારા સ્નેહમિલન: સરદાર પટેલની જન્મજયંતિ નિમિતે સરદાર સાર્ધ શતાબ્દી પદયાત્રા




**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ કોંગ્રેસ દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન અને સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિતે સરદાર સાર્ધ શતાબ્દી પદયાત્રાનું આયોજન કરાયું હતું, જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ જોશી સહિતના વિવિધ પાંખના કોંગી હોદેદારો, અગ્રણીઓ, ઉપસ્થિત રહ્યાં હતાં, અને સૌ કોંગ્રેસ આગેવાનો એ એક બીજાંને નવા વર્ષની શુભેચ્છાઓ, શુભકામનાઓ પાઠવી હતી.

જુનાગઢ કોંગ્રેસ ભવન ખાતે કોંગીજનોનું નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું હતું, જેમા શહેર કોંગ્રેસ પ્રમુખ સહિતના કોંગી હોદેદારો, અગ્રણીઓ, ઉપસ્થિત રહ્યાં હતાં, બાદમાં દેશની એકતા અને અખંડિતતાનાં શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિતે કોંગ્રેસ ભવનથી સરદાર પટેલ પ્રતિમા, કાળવા ચોક સુધી સરદાર સાર્ધ શતાબ્દી પદયાત્રા યોજાઈ હતી, અને સરદાર વલ્લભભાઈ પટેલજીની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરવામાં આવી હતી.

# એક ભારત, શ્રેષ્ઠ ભારતની વિભાવનાને સાચા અર્થમાં સાકાર કરીએ: પૂર્વ મંત્રી જશાભાઈ બારડ



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા મુકામે નગરપાલિકા સુત્રાપાડા અને ભારતીય જનતા પાર્ટી સુત્રાપાડા શહેર સગઠન દ્વારા ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકર જી ની પ્રતિમા ને પુષ્પાંજલિ કરી રાષ્ટ્રિય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી, આ અવસરે ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ, સુત્રાપાડા નગર પાલિકા ના ઉપ પ્રમુખ નરેશભાઈ કામળિયા, કારોબારી ચેરમેન કૈલાશભાઈ રામ, સુત્રાપાડા શહેર ભાજપા પ્રમુખ સુરસિંહભાઈ મોરી આગેવાનો અને નગર પાલિકા સુત્રાપાડા સ્ટાફ હાજર રહી રાષ્ટ્રિય એકતા દિવસ ની ઉજવણી કરી હતી આજના આ પર્વે આપણે સૌ એકતાની તાકાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ બનીએ, અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને સાચા અર્થમાં સાકાર કરીએ.એવો વિશ્વાસ પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે વ્યક્ત કરીયો હતો

## રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે

# ગોંડલ: પોલીસ દ્વારા રન ફોર યુનિટિમાં હજારો નાગરિકો દેશભકિત સંદેશ સાથે જોડાયા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**




દેશ નાં લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિતે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ગોંડલ ખાતે યોજાયો હતો. શહેરના સંગ્રામજી હાઈસ્કૂલના મેદાનમાં સવારે ૮ : ૦૦ કલાકે રન ફોર યુનિટી - ૨૦૨૫ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમ ૫૫૦થી વધુ રજવાડાઓને આધુનિક ભારતમાં વિલય કરીને ''એક ભારત - શ્રેષ્ઠ ભારત'' ની સ્થાપના કરવામાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકાને સન્માન આપવા માટે યોજવામાં આવ્યો હતો.

ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તેમજ ગોંડલ DYSP કે.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે યોજાયેલ આશરે પાંચ કિલોમીટર રન ફોર યુનિટીની દોડની શરૂઆત સંગ્રામજી હાઈસ્કૂલના મેદાનથી પ્રસ્થાન થઈ હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત પોલીસ અધિકારીઓ રાજકીય તેમજ સામાજિક આગેવાનો દ્વારા લીલીઝંડી આપી દોડને પ્રસ્થાન અપાવ્યું હતું.જે શહેરના અલગ અલગ વિસ્તાર શ્યામવાડી ચોક, પેલેસ રોડ, એસ.ટી. બસ સ્ટેન્ડ, ત્રણ ખૂણીયા, જેલ ચોક, ગુંદાળા પેટ્રોલ પંપ, બાબા સાહેબ આંબેડકર પ્રતિમા ચોક, માંડવી ચોક, સેન્ટ્રલ સિનેમા ચોક થઈ સંગ્રામજી હાઈસ્કૂલના મેદાનમાં પૂર્ણ થઈ હતી. મોટી સંખ્યામાં લોકો રન ફોર યુનિટી કાર્યક્રમમાં જોડાયા હતા.

રન ફોર યુનિટી કાર્યક્રમમાં એ તથા બી ડિવિઝન પી.આઈ. એલ.આર. ગોહિલ તથા જે.પી. રાવ, LCB પીઆઈ વી.વી. ઓડેદરા, નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર, પૂર્વ પ્રમુખ પૃથ્વીસિંહ જાડેજા, શિવમ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ માધડ, જીગરભાઈ સાટોડીયા, મામલતદાર ડી.ડી. ભટ્ટ, નાયબ મામલતદાર મનીષભાઈ જોશી, નગરપાલિકા સદસ્યો, બંને ડિવિઝન પોલીસ સ્ટાફ, મહિલા પોલીસ સ્ટાફ, SRP જવાનો, ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ, મામલતદાર કચેરી સ્ટાફ, નગરપાલિકા સ્ટાફ, રાજકીય તેમજ સામાજિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો રન ફોર યુનિટી કાર્યક્રમમાં જોડાયા હતા. રન ફોર યુનિટીના સમગ્ર રૂટ દરમ્યાન શિવમ સાર્વજનિક ટ્રસ્ટ તેમજ ગોંડલ નગરપાલિકાની એમ્બ્યુલન્સ, નગરપાલિકા ફાયર ટીમ જોડાઈ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ શેખડા દ્વારા કરવામાં આવ્યું હતુ.

# માણાવદર: સાંતલપુર ગામે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના સાંતલપુર ગામે રાધાબેન મોહનભાઈ પેથાણી પટેલ સમાજ ખાતે સરદાર સાહેબની પૂર્ણ કદની પ્રતિમાનો અનાવરણ રમણીકભાઈ મોહનભાઈ પેથાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જુનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમર તથા વંથલી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મનોજભાઈ ઠુંમર ખાસ ઉપસ્થિત રહ્યા હતા તથા ગામના આગેવાનો ગામના સરપંચ વીપુલ કાપડિયા, નાગજીભાઈ પેથાણી, નરેન્દ્ર મોણપરા, ગાંગજીભાઈ સાવલીયા, કાનજીભાઈ દુધાત્રા, જમનભાઈ મોણપરા, કુરજીભાઈ મોણપરા, જીવરાજ મોણપરા, પૂર્વ સરપંચ રસીક મેઘાણી, રામભાઈ સાવલીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ભરત મોણપરાએ કર્યું હતું.

# તાલાલામાં સરદાર જયંતીની ભાવભેર ઉજવણી: લોખંડી પુરૂષને પૂષ્પાંજલી અર્પણ



**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

તાલાલા શહેરમાં લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ તાલાલા લેવા પટેલ સમાજ દ્વારા ઉજવવાના ભાગ રૂપે આજરોજ તાલાલા તથા તાલુકાના લેઉવા પટેલ સમાજના આગેવાનો હાજર રહીને તાલાલા ગામે સરદાર પટેલ ચોક ખાતે સરદાર સાહેબની પ્રતિમાને ફુલહાર કરીને અભિવાદન કરેલ જેમાં તાલાલાના લેઉવા પટેલ સમાજના પ્રમુખ હરસુખભાઈ રાદડીયા તથા નગરપાલીકાના પૂર્વ પ્રમુખ વજુભાઈ ડોબરીયા તથા નગરપાલીકા સદસ્ય ભુપતભાઈ હીરપરા તથા વેપારી આગેવાન અરવિંદભાઈ મુંજપરા તથા તાલાલા સીનીયર એડવોકેટ મનસુખભાઈ કુંભાણી આ પ્રસંગે હાજર રહીને સરદાર સાહેબનું ફુલહાર કરીને અભિવાદન કરેલ હતુ.

# ગોંડલ: સરદાર વલ્લભભાઈ પટેલની ભાવવંદના



**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

અખંડ ભારતના શિલ્પી. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મ જયંતી નિમિત્તે ગોંડલ શહેર ભાજપ પરિવાર દ્વારા ગોંડલ વિધાનસભાના યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા હસ્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગોંડલ શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા. નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી. ગોંડલ શહેર ભાજપ મહામંત્રી જેકીભાઈ પરમાર. મહામંત્રી બીપીનભાઈ નિમાવત. નગરપાલિકા સદસ્યશ્રીઓ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાનો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદર: અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણી

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર ખાતે સરદાર પટેલ સેવાદળ દ્વારા સરદાર પટેલ ચોક વિસાવદર ખાતે અખંડ ભારતના શિલ્પી તેમજ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૫૦ મી જન્મજયંતિ રાષ્ટ્રીય એકતા દિવસ ની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ઉપસ્થિત પદાધિકારીઓ, શહેર અગ્રણીઓ,વિસાવદર સરદાર પટેલ સેવાદળના હોદેદારો તેમજ સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ વિગેરે દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમા ને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે જુનાગઢ જીલ્લા શિક્ષણ સમિતી વિરેન્દ્રભાઈ સાવલિયા,વિસાવદર સરદાર પટેલ સેવાદળ ના પ્રમુખ રમણીકભાઈ દુધાત્રા, વિસાવદર સાયોના ગ્રુપ ના પ્રમુખ ઘનશ્યામ ભાઈ સાવલિયા ,ભાજપ અગ્રણી ભરતભાઈ સોલંકી, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા વિસાવદર સરદાર પટેલ સેવાદળ ના પ્રમુખ રમણીકભાઈ દુધાત્રા ના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ સેવાદળ ના મહામંત્રી જેન્તીભાઈ ખૂંટ, ખજાનચી અતુલભાઈ રાણપરીયા, મેમ્બર્સ જયસુખભાઈ રતનપરા સહિતના ઉપસ્થિત રહી સહભાગી થયા હતા.

# ધોરાજી: ખોડલધામ પરિવાર દ્વારા સરદાર પટેલની પ્રતિમાને કરાયા હારતોરા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



ધોરાજીના સરદાર ચોક ખાતે ધોરાજી શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા મહેશ ભાઈ ફળિંહ શાસક પક્ષના નેતા વિજયભાઈ અંટાળા વિઠ્ઠલ ભાઈ હીરપરા પ્રવીણભાઈ શિરોયા પંકજભાઈ બાબરીયા રમણીકભાઈ ટોપીયા ભગવાનજીભાઈ પાનખરીયા પ્રકાશ ભાઈ જેઠવા સહિત રાજકીય સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


## પશ્ચિમ રેલવે તહેવાર સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૫૨૨ | રાજકોટ – મોરબી (આરક્ષિત વગર – અઠવાડિયામાં ૫ દિવસ) | ૦૧.૧૧.૨૦૨૫થી ૩૧.૧૨.૨૦૨૫ | ૧૦:૩૦ કલાકે (મંગળવાર અને શુક્રવાર સિવાય) | ૧૨:૨૦ કલાકે (એ જ દિવસે) |
| ૦૯૫૨૧ | મોરબી – રાજકોટ (આરક્ષિત વગર – અઠવાડિયામાં ૫ દિવસ) | ૦૧.૧૧.૨૦૨૫થી ૩૧.૧૨.૨૦૨૫ | ૧૩:૪૫ કલાકે (મંગળવાર અને શુક્રવાર સિવાય) | ૧૬:૨૫ કલાકે (એ જ દિવસે) |
| વિરામો: બિલેશ્વર, ખોરાણા, કણકોટ, સિંધાવદર, અમરસર અને મકનસર સ્ટેશન બંને દિશાઓમાં દોડશે. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૨૨૧ | રાજકોટ – જૂનાગઢ (આરક્ષિત વગર) | ૦૧.૧૧.૨૦૨૫થી ૧૦.૧૧.૨૦૨૫ | ૦૦:૦૫ કલાકે | ૦૨:૪૦ કલાકે (એ જ દિવસે) |
| ૦૯૨૨૨ | જૂનાગઢ – રાજકોટ (આરક્ષિત વગર) | ૦૧.૧૧.૨૦૨૫થી ૧૦.૧૧.૨૦૨૫ | ૦૩:૩૫ કલાકે | ૦૭:૦૫ કલાકે (એ જ દિવસે) |
| વિરામો: ભક્તિનગર, ગોંડલ, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશન બંને દિશાઓમાં દોડશે. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |

ટ્રેન નંબર ૦૯૨૨૧/૦૯૨૨૨ ૪ અને ૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ દોડશે નહીં.

સમય, વિરામો અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com/WesternRly
અમને ફોલો કરો : Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો





૧૧મી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલી
સ્વ. તારામતીબેન ઈશ્વરલાલ દોશી
સ્વ.તા. ૧-૧૧-૨૦૧૪, શનિવાર

કોઈ ક્ષણ એવી નથી જે તમારા સ્મરણથી અલિપ્ત હોય, કોઈ જગ્યા એવી નથી જ્યાં આપના પુનિત પગલા નથી, કોઈપણ શ્વાસ એવો નથી જ્યાં તમારૂ વાત્સલ્ય ન હોય, કોઈ સફળતા એવી નથી જ્યાં તમારા આશીર્વાદ ન હોય, આપના આશીષ થકી જ અમો સુખમય જીવન જીવીએ છીએ. ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી. મુકેશભાઈ ઈશ્વરલાલ દોશી • વૈશાલી મુકેશભાઈ દોશી
મનાલી અક્ષીતકુમાર શેઠ
મિલોની • રાજન
ગં.સ્વ. ચંદ્રિકાબેન વસંતભાઈ દોશી
લતેષ વસંતભાઈ દોશી • આસીતા લતેષભાઈ દોશી
ભવ્ય લતેષભાઈ દોશી • કોમલ ભવ્ય દોશી • નમ્ર લતેષભાઈ દોશી

ADMEDIA



**Desire Energy Solution Pvt. Ltd,**
**401, Manupasana, Near Chomu House,**
**Circle C-Scheme Jaipur (Rajasthan)**

DESIRE Integrated Water Management

## તાત્કાલિક જોઈએ છે.


ગુજરાતની નામાંકિત કંપની સાથે જોડાવવાની ઉતમ તક. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગીર સોમનાથ હેઠળની ૭૦ ગામોને પીવાલાયક પાણી પહોચાડતી સોનારીયા ગ્રુપ જુથ પાણી પુરવઠા યોજનાના ૫ વર્ષના ઓપરેશન અને મેન્ટેનેન્સના કાર્ય માટે નિચેના હોદાઓ માટે તાલિમ પ્રાપ્ત અને અનુભવી કર્મચારીઓની તાત્કાલિક નિમણુંક માટે અરજીઓ આમંત્રિત છે.

| ક્રમ | હોદો | લાયકાત | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પંપ ઓપરેટર | ITI (ફિટર અથવા પ્લમબર) અથવા ડિપ્લોમા (મિકેનિકલ/ઈલેકટ્રીકલ/ઈન્સ્ટુમેન્ટેશન) સાથે ૧ વર્ષનો અનુભવ | ૧૩ |
| ૨ | ફિટર | ITI ફિટર સાથે ૬ મહિનાનો અનુભવ | ૬ |
| ૩ | વાલમેન | ITI (ફિટર અથવા પ્લમબર) સાથે ૬ મહિનાનો અનુભવ | ૩ |
| ૪ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ગ્રેજયુએટ તથા કોમ્પ્યુટરના જાણકાર | ૧ |
| ૫ | WTP/કલોરીનેશન પ્લાન્ટ ઓપરેટર | ITI (મિકેનિકલ/ઈલેકટ્રીકલ/ઈન્સ્ટુમેન્ટ) સાથે ૧ વર્ષનો અનુભવ | ૩ |
| ૬ | લેબ ઈન્ચાર્જ / કેમિસ્ટ | B.sc કેમિસ્ટ્રી અથવા એનવાયરમેન્ટલ સાઈન્સ સાથે ૧ વર્ષનો અનુભવ | ૨ |

:: અરજી કેવી રીતે કરવી ::
લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો સાથે નીચેના ઈમેલ અથવા વોટ્સએપ ઉપર કરવી.
Email :- desire.veraval2025@gmail.com Mo.8866819111
નોંધ : કાર્યસ્થળ તાલુકાઓ :- વેરાવળ તથા સુત્રાપાડા



# ધી કોડીનાર નાગરીક સહકારી બેંક લી.



ગીરીશચંદ્ર સી અઘ્યારૂ
ચેરમેનશ્રી

અમારા માનવંતા ગ્રાહકોને દિપાવલીના શુભ અવસરની હાર્દિક શુભકામના સહ નૂતન વર્ષાભિનંદન...





શ્રી હરેશકુમાર નાનાલાલ વિઠલાણી
(હરીકાકા)

● સુવિધાઓ ●
● હાઉસીંગ લોન ● લોકર ● દાગીના ધિરાણ
● પગાર ધિરાણ ● વ્યાપારીક ધિરાણ
ATM Card તથા NEFT/RTGS ની સગવડતા

તાલાલા શાખા: એલ.સી. માર્કેટ, સાસણ રોડ, તાલાલા, જી.ગીર-સોમનાથ
ડોળાસા શાખા: કોડીનાર-ઉના હાઈ-વે, મુ.ડોળાસા

ડીરેકટરશ્રી
(૧) બિપીનભાઈ એસ. તન્ના
(૨) કરશનભાઈ પી. કામળીયા
(૩) સમીરભાઈ બી. ઉપાધ્યાય
(૪) ચંદ્રકાંતભાઈ બી. આશર
(૫) વિનોદકુમાર એસ. જીવનાણી
(૬) અજીજભાઈ એચ. ભીમાણી
(૭) અબ્દેરહેમાન એચ. શેખ
(૮) બિપીનભાઈ એસ. ઉપાધ્યાય
(૯) હસમુખલાલ પી. રૂપારેલ
(૧૦) નુરમહમદ એ. હાલાઈ
(૧૧) માલાભાઈ યુ. સોસા
(૧૨) તુષારભાઈ નવીનચંદ્ર પંડયા
(૧૩) દક્ષાબેન એચ. વીઠલાણી
(૧૪) પુષ્પાબેન આર. જાની
(૧૫) નીમાબેન સી. આશાર
(૧૬) યોગેશકુમાર વી. ઉજાકકઠ
(૧૭) કે.સી. ઉપાધ્યાય
(૧૮) નિલેશભાઈ વાળાણી
(૧૯) એમ.એમ.મેર
શ્રી બીપીનભાઈ જાની (જનરલ મેનેજર)

બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા સ્ટાફ ગણ
ધી કોડીનાર નાગરીક સહકારી બેંક લી.

# રાજકોટમાં આખી રાત વરસ્યુ 'માવઠું' બે ઈંચ પાણી પડયું


તસ્વીર: શૈલેષ વાડોલીયા

## સવારથી ધીમીધારે કમોસમી વરસાદ વરસી રહ્યો છે પોપટપરાના નાલામાં પાણી ભરાયા, વાહન ચાલકો ફસાયા

**અબતક,રાજકોટ**

રાજકોટમાં શુક્રવાર આખો દિવસ મેઘાવી માહોલ રહ્યા બાદ આખી રાત માવઠું વરસ્યું હતુ. સવાર સુધીમાં શહેરમાં બે ઈંચ જેટલું પાણી પડી ગયું હતુ. સવારથી ઝણમર વરસાદ વરસી રહ્યો છે. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૧ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડ્યો હતો. દરમિયાન આગામી ૭મી નવેમ્બરથી રાજ્યભરમાં ઠંડીનું જોર વધશે. આવતીકાલથી કમોસમી વરસાદનું જોર ઘટી જશે તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં ચોમાસાની સિઝનમાં વરસાદની હેલી થાય તે રીતે દિવાળીના તહેવાર બાદ માવઠાની હેલી થઈ છે. રાજકોટમાં ગત આખી રાત ધીમીધારે વરસાદ પડયો હતો. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૫૧ મીમી (સિઝનનો કુલ ૯૪૪ મીમી), વેસ્ટ ઝોન વિસ્તારમાં ૪૦ મીમી (સીઝનનો કુલ ૯૭૯ મીમી) અને ઈસ્ટ ઝોન વિસ્તારમાં ૩૫ મીમી (સિઝનનો ૭૨૮ મીમી) વરસાદ પડયો છે.આજે સવારથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ઝરમર વરસાદ વરસી રહ્યો છે. આખી રાત રાજકોટમાં ધીમીધારે વરસાદ પડવાના કારણે પોપટપરા વિસ્તારમાં ગરનાળુ ભરાય ગયું હતુ જેના કારણે વાહન ચાલકોએ પારાવાર હાલાકીનો સામનો કરવો પડયો હતો. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૧ તાલુકાઓમાં વરસાદ પડ્યોહતો. અમરેલી જિલ્લાના રાજુલામાં ૮૮ મીમી વરસાદ પડયો હતો.ખાંભામાં ૭૬ મીમી, તળાજામાં ૬૩ મીમી, જાફરાબાદમાં ૫૨ મીમી, ભાવનગરના મહુવામાં ૪૯ મીમી, ઉનામાં ૪૧ મીમી, ભાણવડમાં ૩૮ મીમી, પડધરીમાં ૩૦ મીમી, ખંભાળીયામાં ૨૯ મીમી, લીંબડીમાં ૨૮ મીમી, ચોટીલામાં ૨૭ મીમી, નાડોદમાં ૨૬ મીમી, કાલાવડમાં ૨૫ મીમી અને વલ્લભીપુરમાં ૨૫ મીમી વરસાદ વરસ્યો હતો.આજે સવારથી રાજ્યના અનેક જિલ્લાઓમાં ઝરમર વરસાદ વરસી રહ્યો છે. આગામી બે દિવસ હજી રાજ્યભરમાં માવઠાનો પ્રકોપ યથાવત રહેશે.

## જામનગર ક્રાઈમ ડાયરી

### પતિના મૃત્યુના આઘાતમાં પરણિતા ગુમ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**



ધ્રોલ તાલુકાની એક વાડીમાંથી ૧૯ વર્ષીય પરણિતા અચાનક ગુમ થઈ જતાં તેના પરિવારમાં ચિંતાનો માહોલ છવાયો છે. આ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ગુમ થવા અંગેની જાહેર જોગવાઈ નોંધવામાં આવી છે અને પોલીસે મહિલાની શોધખોળ શરૂ કરી છે.

પોલીસ વિગતો ગુમ થનાર મહિલાનું નામ રાહલીબેન વા/ઓફ ગોરધનભાઈ વાસુનીયા (ઉ.વ. ૧૯) છે. તેઓ હાલમાં લગધીરસિંહ રતુભા જાડેજાની વાડીમાં, તા. ધ્રોલ, જિ. જામનગર ખાતે રહેતા હતા અને મૂળ બડી કરેટી ગામ, તા. ભાભરા, જિ. અલીરાજપુરના વતની છે.

ફરિયાદી દ્વારા પોલીસને જણાવવામાં આવ્યું હતું કે, રાહલીબેનના પતિ ગોરધનભાઈનું અવસાન થતાં તેઓ ઊંડા આઘાતમાં સરી પડ્યા હતા. પતિના મૃત્યુનો આઘાત સહન ન કરી શકવાના કારણે તેઓ વાડીએથી કોઈને જાણ કર્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.

ધ્રોલ પોલીસે ગુમ નોંધ કરી છે.

જો કોઈ પણ વ્યક્તિને ગુમ થયેલ રાહલીબેન વાસુનીયા અંગે કોઈ માહિતી મળે, તો તાત્કાલિક ધોરણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ધ્રોલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### ભાગવત સપ્તાહમાં છ મહિલાના ગળા હળવા કરતી સમડી

#### જીજ્ઞેશદાદાના વ્યાસપીઠે ચાલતી કથામાં ભીડનો લાભ લેતા તસ્કરો

**અબતક, જામનગર**

ભીડનો લાભ લઈ અજાણ્યા મહિલાઓએ ચોરીને અંજામ આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ, સીટી બી. ડિવિઝન પોલીસની ટીમ દ્વારા સીસીટીવી તપાસવા સહિતની કામગીરીનો ધમધમાટ

જામનગરના આંગણે યોજાયેલી જીજ્ઞેશદાદાની કથા દરમિયાન મહિલા શ્રોતાઓને ચોર ટોળકીનો ભેટો થઈ ગયો હતો. કળાબાજ અજાણી મહિલાઓએ કથામાં પ્રસાદી વેળાએ ભીડનો લાભ લઈ એકી સાથે છ મહિલાઓના ગળામાંથી રૂા.૪.૪૫ લાખના સોનાના પેન્ડલ અને ચેન સેરવી ગળા હળવાં કરતાં દેકારો બોલી ગયો હતો. સમગ્ર મામલે પોલીસને જાણ કરાતાં ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

જામનગરના શરૂ સેકશન રોડ પર પટેલ વાડી વિસ્તારમાં

શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું હતું.. આ પ્રસંગે ગત ૨૯ તારીખના રોજ કથા બાદ પ્રસાદી મા ભીડ જામી હતી.જેમાં કેટલીક મહિલાઓ સહિતની તસ્કર ગેંગ સક્રિય બની હતી, અને અલગ અલગ છ મહિલાઓ તેમાં વાસંતીબેન મનોજભાઈ નંદા, પ્રતીક્ષાબેન પરેશભાઈ ગુંચલા, જયાબેન દયા શંકરભાઈ રવૈયા, રક્ષાબેન પ્રકાશચંદ્ર તાણાવાડા અને ડાહીબેન રતિલાલ ડાભી વગેરે મહિલા સહિત તમામના ગળામાંથી રૂપિયા ૪ લાખ ૪૫ હજારની કિંમતના ૬ નંગ સોનાના ચેઈન ની ચોરી કરી લઈ ગયા હતા.

ભોજન પ્રસાદ દરમિયાન આટલી બધી મહિલાઓના ગળામાંથી સોના ના ચેઈન સેરવી લેવાયા ની ઘટનાને લઈને કથા સ્થળે ભારે દોડધામ થઈ હતી.

બાદમાં સિટી બી. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જ્યાં ડાઈબેન રતિલાલ ડાભી ની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધ્યો છે, અને કથા સ્થળે લગાવાયેલા જુદા જુદા સીસીટીવી કેમેરાઓ વગેરે ના ફૂટેજ ને બારીકાઈ થીજોવામાં આવી રહ્યા છે અને તસ્કરો ને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી લેવામાં આવી છે.

### હરીપરમાં પાણીની કુંડીમાં ડુબી જતાં બાળકનું મોત

#### શ્રમિક પરિવારનો એક વર્ષનો પુત્ર પાણીની કુંડીમાં પડી જતા કાલનો કોળિયો બન્યો, પરિવારમાં અરેરાટી

**અબતક, જામનગર**

કાલાવડ તાલુકાના હરીપર ગામમાંથી વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. પરપ્રાંતિય ખેત મજૂર પરિવારનો એક વર્ષનો પુત્ર પાણીની કુંડીમાં પડી જતા ડૂબી ગયો હતો. ફૂલ જેવા બાળકનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજતા પરિવારજનો પર આભ ફાટ્યું છે. કરુણાંતિકાને લઈ અરેરાટી મચી ગઈ છે. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કરૂણ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરીપર ગામમાં ખેડૂત ચંદુભાઈ મોહનભાઈ વસોયા ની વાડીમાં રહીને મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશનો વતની ખેત મંજૂરી કામ કરતા કમલેશભાઈ દિવાનભાઈ સિંગળનો એક વર્ષનો પુત્ર ગણેશ જે ગઈકાલે બપોરે પોતાના ઘરના ફળિયામાં રમી રહ્યો હતો, જે કોઈ કારણ સર અકસ્માતે કુંડી પાણીની કુંડીમાં પડી જતાં ડૂબી જવાના કારણે તેનું મૃત્યુ થયું છે. આ બનાવ અંગે મૃતકના પિતા કમલેશભાઈ દિવાનભાઈ શિંગાળે પોલીસને જાણ કરતાં પંચકોષી એ ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી એસ જાડેજા સમગ્ર મામલામાં વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ગેસના ભાવમાં રૂ.પાંચનો ઘટાડો

### ૧૯ કિલોગ્રામ ના કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ઘટીને રૂ.૧૫૯૦.૫૦ થઈ,બીજી તરફ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં વધારો કરવામાં આવ્યો

**અબતક, નવી દિલ્હી**

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ આવતા, સરકારી પેટ્રોલિયમ કંપનીઓએ આજથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન સહિતની કંપનીઓએ ૧૯ કિલોગ્રામ ના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ₹૫ (રૂપિયા પાંચ) નો નજીવો ઘટાડો જાહેર કર્યો છે. જોકે, ગ્રાહકો દ્વારા ઘરગથ્થુ ઉપયોગમાં લેવાતા ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હવે દિલ્હીમાં ૧૯ કિલોગ્રામ ના કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ઘટીને ₹૧૫૯૦.૫૦ થઈ ગઈ છે. બીજી તરફ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

દર મહિનાની પહેલી તારીખે દેશની સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ એલપીજી સિલિન્ડરના ભાવની સમીક્ષા કરે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલી નરમાઈના પગલે, આ કંપનીઓએ ૧ નવેમ્બર, ૨૦૨૫ થી કોમર્શિયલ ઉપયોગમાં લેવાતા ૧૯ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરના ભાવમાં ₹૫ નો ઘટાડો કર્યો છે. આ ઘટાડો ઓક્ટોબર મહિનામાં થયેલા ₹૧૫.૫૦ ના વધારા બાદ જાહેર કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, આ નાણાકીય વર્ષની શરૂઆતથી ઓક્ટોબર સુધીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. માર્ચ મહિનામાં દિલ્હીમાં આ સિલિન્ડરનો ભાવ ₹૧૮૦૩ હતો. ત્યારબાદ સતત છ મહિના સુધી તેની કિંમતમાં ઘટાડો થયો હતો, જેમાં કુલ ₹૨૨૩ નો ઘટાડો નોંધાયો હતો, જે ૧ સપ્ટેમ્બરના રોજ ₹૧૬૮૦ થયો હતો. જોકે, ૧ ઓક્ટોબરે ભાવમાં ₹૧૫.૫૦ નો વધારો કરવામાં આવ્યો હતો, અને હવે ૧ નવેમ્બરે ફરી ₹૫ નો ઘટાડો કરવામાં આવ્યો છે.

## જસદણ: સાંણથલી ગામે પૌત્રી ને વારસાઈ હક્ક નહીં આપવા કર્યો વિશ્વાસઘાત

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં દિવસે અને દિવ જસદણ તાલુકાના સાણથલી ગામની મહિલા ભાવનાબેન બાબુભાઈ ગઢીયા તેઓ ગોબરભાઈ શામજીભાઈ કરછી ની પુત્રી રહે પાસોદરા ગામ ક્રિષ્ના સોસાયટી સુરતવાળા ને પોતાના પિયર નું નામ ભાવનાબેન ગોબરભાઈ કરછી ના દાદા શામજીભાઈ રામજીભાઈ કચ્છી સાણથલી ગામ સરવે નંબર ૨૧૯ તથા ૨૨૧ ની ખેતી ની જમીન માં કાયદેસરનો વારસાઈ હક હોય જેમાં આરોપી ભાવનાબેન ના દાદા શામજીભાઈ રામજીભાઈ કચ્છી અને કાકા જયંતીભાઈ શામજીભાઈ કચ્છી અને મગનભાઈ શામજીભાઈ કચ્છી અને રમેશભાઈ લેવિભાઈ પાનસુરીયા અને રૂપાભાઈ ખીમાભાઈ ઝાપડા દ્વારા વર્ષ ૨૦૧૭ માં ભાવનાબેન ના દાદાની વારસાઈ જમીનમાં ભાવનાબેન નું નામ વારસાઈ આંબામાંથી ખોટી રીતે સોગંદનામુ આપી ને તલાટી કમ મંત્રી પાસે વારસો આંબો તૈયાર કરી ખોટી માહિતી આપી અને પંચો ખોટું સોગંધનામુ હોવાનું જણાતા હોવા છતાં આરોપી ને મદદગારી કરી ને ભાવનાબેન કાયદેસર નો વાલી વારસા નો હક્ક કમી કરી ભાવનાબેન ને વડીલો પાર્જીત વારસાઈ મિલકત માંથી ગેર કાયદેસર રીતે ખોટા સોગંધનામુ અને પંચો દ્વારા વારસાઈ હક્ક નહીં આપવા માટે વિશ્વાસઘાત કર્યા ની જાણ થતા આટકોટ પોલીસ ફરિયાદ નોંધતા કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી હતી

## ધારી: દુધાળાના ખેડુતોએ પાક ધિરાણ માફ કરવા મુખ્યમંત્રીને લખ્યો પત્ર

### સરદાર જયંતી નિમિતે ખેડુતોએ મુખ્યમંત્રી સમક્ષ લગાવી મદદની ગુહાર



**અબતક, મેહુલ ત્રિવેદી,ધારી**

ધારી તાલુકાના દુધાળા ગામે સરદાર જયંતિ નિમિત્તે ૩૦૦ કરતા પણ વધારે ખેડૂતો સરદાર સાહેબના સ્ટેચ્યુ પાસે ભેગા થયા હતા. તમામ ખેડૂતોએ મુખ્યમંત્રીને એક પત્ર પાઠવ્યું છે જેમાં મુખ્ય માગણી કમોસમી વરસાદને કારણે થયેલ નુકસાનીની બાબત માટે સરકાર દ્વારા રચાયેલ ડિજિટલ સર્વે બંધ કરાવીને ખેડૂતોના દેવા માફ કરવા માટે મુખ્ય માગણી કરી છે.

જો ટૂંક સમયમા ગામના ખેડૂતોએ જે માગણી કરી છે તે નહીં સંતોષાય તો સમસ્ત ગ્રામજનો દ્વારા આંદોલન છેડવામાં આવશે

## સિહોર: લોહ પુરૂષની ૧૫૦મી જન્મજયંતિએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'એકતા દોડ'




**અબતક, આનંદ રાણા, સિંહોર**

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે દેશભરમાં ઉજવણી થઈ રહી છે ત્યારે સિહોર ખાતે સિહોર પોલીસ દ્વારા રાજકીય સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં એકતા સંકલ્પ લઈ એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એકતા દોડ સિહોર એલ.ડી મુનિ હાઈસ્કુલના ગ્રાઉન્ડથી લઈ ગૌરવપથ, ક્રિકેટ છાપરી, ત્રિકોણબાગ, વાડલાચોકથી પરત એલ.ડી.મુનિ હાઈસ્કુલ ખાતે પહોંચી હતી.

એકતા દોડનું નગરપાલિકા પ્રમુખ જાગૃતિબેન રાઠોડના હસ્તે લીલીઝંડી આપી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ દોડમાં સિહોર નગરપાલિકા ચેરમેન અલ્પેશભાઈ ત્રિવેદી, શહેર મહામંત્રી હરદેવસિંહ વાળા, પૂર્વ પ્રમુખ વી.ડી નકુમ, નગર પાલિકા વિરોધ પક્ષ નેતા જયરાજસિંહ મોરી સહિતના મહાનુભાવો જોડાયા હતા.

## ગાંધીધામ: કલેકટર કચેરી રોડ ખાતે ૧૦૪ દબાણો પર બુલડોઝર ફરી વળ્યું

### નડતરરૂપ દબાણો દુર કરવાની કામગીરી અવિરત જારી રહેશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા કમિશનર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ કલેકટર રોડ વિથના કાચા પાકા ૧૦૪ જેટલા ગેરકાયદેસર દબાણો દુર કરવામાં આવ્યા જે દબાણ ઝુંબેશ કાર્યક્રમમાં ગાંધીધામ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજયકુમાર રામાનુજ, દબાણ ઈન્સ્પેકટર ગાયત્રી પ્રસાદ જોષી અને તેઓની સંયુક્ત ટીમ દ્વારા મહાનગરપાલિકાના સં-સાધનોથી આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દબાણો દુર થવાથી લોકોને આવવા જવામાં સરળતા રહેશે અને ટ્રાફિકનું પ્રશ્ન હલ થશે એવું મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## જુનાગઢ: બહાઉદ્દીન કોલેજના સરદાર પટેલની જન્મ જયંતિએ 'રન ફોર યુનિટી' યોજાઇ

**અબતક દર્શન જોશી, જુનાગઢ**



સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંત નિમિતે જૂનાગઢ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જૂનાગઢ શહેર ખાતે યોજાયો હતો અને બહાઉદ્દીન કોલેજથી સરદાર પટેલ પ્રતિમા ચોક સુધી રન ફોર યુનિટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં જન પ્રતિનિધિઓ અને નાગરિકોએ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય એકતાના પ્રતિક સમાન મહાન સ્વાતંત્ર્ય સેનાની, એક અને અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ઉજવવામાં આવે છે. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ અને સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રીય એકતા માટે હર હંમેશ કાર્યરત રહેવા જણાવ્યું હતું. તેમજ ઉપસ્થિત સર્વેએ રાષ્ટ્ર એકતા જાળવી રાખવાના શપથ ગ્રહણ કર્યા હતા.

## 'મંતવ્ય ચેનલ'વાળા જીજ્ઞેશભાઈ પટેલના પિતાશ્રીનું નિધન: કાલે અમદાવાદમાં બેસણું



'મંતવ્ય ન્યુઝ' ચેનલ વાળા જીજ્ઞેશભાઈ પટેલ અને રાકેશભાઈ પટેલના પિતાશ્રી ઠાકોરભાઈ જીવાભાઈ પટેલ તે શારદાબેનના પતિ, ડિમ્પલબેન, સ્વ. હીનાબેનના સાસુ, હિર અને કન્હાનના દાદાનું તા. ૨૩ ના રોજ નિધન થયેલ છે.

સદગતનું બેસણું આવતીકાલે તા. ૨ ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન સિંધુ ભવન હોલ બોડકદેવ અમદાવાદ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું પણ સાથે જ રાખેલ છે. રાકેશભાઈના મો. નં. ૯૮૨૪૧ ૫૯૯૭૨ અને જીજ્ઞેશભાઈના મો. નં. ૭૪૯૦૦ ૦૦૯૦૯

(પહેલા પાનાનું ચાલું)

### નુકસાનીનો સર્વે...

કમોસમી વરસાદના કારણે સર્વની કામગીરી અવરોવાય રહી છે. જગતાત સાથે હવે માંઈ-બાપ સરકાર પણ મેઘરાજાને ખમૈયા કરવા માટે વિનવી રહી છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ ખરીફ પાકને માવઠાથી થયેલી નુકશાની મામલે સરકાર પર આકરા પ્રહારો કરી રહી છે. પરંતુ સરકાર સામે પણ લાચારી સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. ચોમાસામાં બિસ્માર રસ્તા મામલે લોકો રોષ નો સામનો કરનારી રાજ્ય સરકાર હવે જગતાતના નિશાશા લેવા મજબુર બની છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### હર્ષ સંઘવી...

કરાઈ હતી. અમદાવાદ ૧૦મી વાર આ ચેમ્પિયનશિપની યજમાની કરી રહ્યું છે.

આ પ્રસંગે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના સિનિયર ઉપપ્રમુખ અજયભાઈ પટેલ, શહેર ભાજપ અધ્યક્ષ પ્રેરક શાહ, ધારાસભ્ય કૌશિકભાઈ જૈન, ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશનના આયોજક સચિવ અતુલ બારોટ, જયેશ મોદી, ગગન નારંગ અને ઋષિરાજ બારોટ જેવા ખેલાડીઓ અને મોટી સંખ્યામાં શૂટરો તથા રાઈફલ એસોસિએશન સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### દ્વારકા જગત મંદિરે...

તુલસીજી સાથે લગ્નોત્સવ યોજાશે. આ પ્રસંગનો હાવો લેવા સમગ્ર દ્વારકાવાસીઓ તથા ભક્તજનોને પ્રણવભાઈ પૂજારી તથા હાર્દિકભાઈ પૂજારી તરફથી ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

પ્રણવભાઈ પૂજારીના જણાવ્યાનુસાર શ્રીજી ભગવાનના તુલસીમાતા સાથેના વિવાહના કારતક સુદ અગિયારસના યોજ યોજવામાં આવે છે. કારતક સુદ નૌમથી તુલસીવાસનું વ્રત કરનાર બારસના દિવસે પારણા કરે છે. આ દિવસે ભગવાન વિષ્ણુના દરેક સ્વરૂપની ષોડશોપચાર પૂજા કરી શંખ, ઘંટ અને મૃદંગના નાદ સાથે મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરાય છે. તુલસીમાતાને સૌભાગ્યવતીનો શણગાર કરી શાલીગ્રામની સાત પ્રદક્ષિણા કરવામાં આવે છે.

### ધોળકીયા સ્કુલ...

ઝાપડીયા આરતી ૫૭ કિગ્રામ બ્રોન્ઝ મેડલ અંડર ૧૯મા મજેઠીયા જાનકી ૪૦ કિગ્રા સિલ્વર મેડલ, શિશા શિલ્પા પર કિલો બ્રોન્ઝ મેડલ, ભુમિ નાધેરા ૬૩ કિગ્રા બ્રોન્ઝ મેડલ

આ તમામ દીકરીઓને શાળાના ટ્રસ્ટી જીતુભાઈ ધોળકીયા, કૃષ્ણકાંતભાઈ ધોળકીયાએ અભિનંદન પાઠવ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ખેડૂત આક્રોશ યાત્રા...

પદયાત્રા-આવેદનપત્ર આપશે. તા. ૬ તમામ જિલ્લામાં ખેડૂતો ભેગા થઈ ધરણા પદયાત્રા સ્વરૂપે કલેકટર કચેરીઓને ઘેરાવ કરવામાં આવશે, ગુજરાત કોંગ્રેસ દ્વારા ખેડૂતોના ન્યાય માટે ખેડૂત આક્રોશ યાત્રા ૬ નવેમ્બરથી સોમનાથ થી શરૂઆત કરવામાં આવશે જે ૧૩ નવેમ્બરના રોજ દ્વારકા ખાતે યાત્રાનું સમાપન કરવામાં આવશે. ખેડૂત આક્રોશ યાત્રા સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લામાંથી પસાર થશે. અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈએ ખેડૂત આક્રોશ યાત્રા અંગે વિગતો સાથે જણાવ્યું હતું કે, ગુજરાતનો ખેડૂત અને ખેતી પાયમાલ થઈ રહ્યાં છે. કુદરતી આફતોનો સતત માર પડી રહ્યો છે અને બીજી બાજુ ભાજપ સરકાર સતત ખેડૂત વિરોધી નિતિના કારણે ગુજરાતના ખેડૂતોને બેવડો માર પડી રહ્યો છે ત્યારે કોંગ્રેસ પક્ષ ગુજરાતમાં ખેડૂત આક્રોશ યાત્રા દ્વારા ખેડૂતોની માંગ સાથે ન્યાય માટે લડત આપશે.

## દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ મુળ પાંચપીપળા હાલ રાજકોટ નિવાસી ભાનુબેન પંડયા (ઉ.વ. ૮૭) તે સ્વ. મનસુખલાલ ભૂદેવભાઈ પંડયાના પત્ની, તે રમાશંકરભાઈ, ભાનુપ્રસાદભાઈના ભાભી તે સ્વ. ભરતભાઈ, બીપીનભાઈ, ભાવેશભાઈ, રાજેશભાઈના માતુશ્રી તે સ્વ. અમૃતલાલ ત્રિભોવનભાઈ જોષી (માસ્તરદાદા)ના પુત્રીનું તા. ૩૧/૧૦ના રોજ અવસાન થયું છે. સદગતની સ્મશાનયાત્રા તા. ૧/૧૧/૨૨૨૫ શનિવારના રોજ સવારે ક્ષ:૨૨ કલાકે તેમના નિવાસ સ્થાન ૬, પર્ણકુટી સોસાયટી, બ્લોક નં ૬૩/અ, ''સંતોક ભુવન'', નાના મવા રોડ, રાજકોટ થી મોટામૌવા સ્મશાને જશે.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ મૂળ ખોખડદડ હાલ રાજકોટ ભાનુશંકર જોષી (ઉ.વ. ૮૯) તે સ્વ. રવિશંકર પ્રભાશંકર જોષીના પુત્ર તે સ્વ. નીતાબેન, ભાવેશભાઈ (શ્રી ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રહ્મ પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી), સ્વ. સંજયભાઈ, અલકાબેન અતુલકુમાર જોષીના પિતાશ્રી તે સ્વ. નિર્મળાબેન શાંતિલાલ ભટ્ટ (મુંબઈ), સ્વ. જયાશંકરભાઈના લઘુબંધુ, તે સ્વ. હર્ષદભાઈ, સ્વ. ભુપતભાઈ અને ભરતભાઈ ગિરજાશંકર જોષીના વડીલબંધુ તે અતુલભાઈ કિશનભાઈ જોષીના સસરા તે સ્વ. નવલશંકર ત્રિભુવન ભટ્ટ (કોટડા સાંગાણી)ના જમાઈ તે અવનીબેન, ધાત્રીબેન અને પ્રાચીબેનના દાદાજી તે કશીષબેન અને રૂદ્રના નાનાનું તા. ૨૭/૧૦ને સોમવારે અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું અને બેસણું તા. ૩૧/૧૦ને શુક્રવારે સાંજે ૪થી ૫-૩૦ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી રાજકોટ ખાતે રાખ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટા: લેઉવા પટેલ સમાજ દ્વારા તેજસ્વી તારલાને બિરદાવાયા

## લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિની પ્રમુખ છગનભાઈ સોજીત્રાએ આપી માહિતી



તસવીર શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા લેઉવા કણબી જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા આ ટ્રસ્ટના પ્રમુખ અને ભુતપુર્વ ધારાસભ્ય આ છગનભાઈ સોજીત્રાના પ્રમુખ સ્થાને ૧૮ મો વિદ્યાર્થી સન્માન સમારંભ તેમજ ઉચ્ચ ગુણવતા જેવી કે યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી. જેવી ઉચ્ચ કક્ષાની પરીક્ષામાં પાસ થયેલ અને રમત-ગમત ક્ષેત્રે રાજય લેવલે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરના વિદ્યાર્થીઓ અને સમાજમાં જે મહિલા સમક્ષ પડકાર જનક પરિસ્થિતી ઉભી થયેલ હોય ત્યારે જબરદસ્ત સંઘર્ષ કરીને સફળતા પ્રાપ્ત કરેલ હોય એવી બે બહેનો હિનાબેન દિનેશભાઈ સોજીત્રા અને ગીતાબેન હરસુખભાઈ ગજેરાનું વિશિષ્ટ સનમાન કરવાનો કાર્યક્રમ યોજાયેલ હતો.

આ પ્રસંગે સર્વપ્રથમ ઉપસ્થિત મહેમાનોનો પરિચય સરદાર પટેલ સોશ્યલ ગૃપના પ્રમુખ હરસુખભાઈ સોજીત્રાએ આપેલ હતો અને મહેમાનોનું શબ્દોથી સ્વાગત લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી અને અગ્રણી



એડવોકેટ નરશીભાઈ મુંગલપરા દ્વારા કરવામાં આવેલ હતુ.

આ સમારંભમાં ગુજરાતના અગ્રણી મોટીવેશનલ સ્પીકર અને પ્રો.વાઈસ ચાન્સલર લોકભારતી યુનિવર્સીટી ફોર રૂરલ ઈનોવેશન સણોસરાએ ઉદઘાટક તરીકે તેમજ અતિથી વિશેષ તરીકે ઉપલેટા મ્યુનિ.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સી. વી.એ.નંદાણીયા ખાસ હાજર રહેલ હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ટ્રસ્ટના પ્રમુખ છગનભાઈ સોજીત્રાએ લેઉવા પટેલ સમાજ ઉપલેટા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે મેડીકલ સહાય સમાજ દ્વારા ચાલતા મહિલાઓ માટેના નિઃશુલ્ક સ્વ સહાય તાલીમ કેન્દ્ર તેમજ સમાજ દ્વારા વિશ્વનાથ મહાદેવ મંદિરનો કરવામાં આવતો વહીવટ તેમજ જુદી જુદી ધાર્મિક અને સાંસ્કૃતિક અને શૈક્ષણીક કામગીરી અંગેની વિગતવાર માહિતી આપેલ હતી. તેમજ આવતા દિવસોમાં સમાજની જે બહેનો પોતાના કુટુંબમાં વૃધ્ધ સાસુ સસરાની પોતાના પતિ અને બાળકોની જેમ જ દેખરેખ અને સેવા કરતી હશે તેવી બહેનોનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવશે તેવી જાહેરાત કરેલ હતી તેમજ તેમજ આવતા દિવસોમાં સમાજની બહેનોને સ્વ રક્ષણની તાલીમ આપવાનો કાર્યક્રમ મંજુરી મળ્યેથી સમાજ તરફથી ચાલુ કરવામાં આવશે તેવી પણ જાહેરાત કરેલ હતી.

આ પ્રસંગે ઉદઘાટક તરીકે ખાસ હાજર રહેલ એવા વિશાલભાઈ ભાદાણીએ મોટીવેટર તરીકે વિદ્યાર્થીઓ,તેમના વાલીઓ અને આમંત્રીતોને જુદી જુદી બાબતે તલ સ્પર્શી માહિતી આપતા જણાવેલ કે ,આગામી સમયએ એ.આઈ.(આર્ટીફીશીય ઈન્ટેલીજન્સ)નો છે.વિદ્યાર્થીઓએ ભવિષ્યની ચિંતા કરી માત્ર ડોકટર, એન્જીનીયર કે અન્ય પદવી પ્રાપ્ત કરીને સંતોષ માની લેવાને બદલે કૌશલ્યવાન વ્યવહારૂ અને સેવાભાવી પણ બનવુ પડશે આ માટે તેઓએ દેશ અને દુનિયાના જુદા જુદા દ્રષ્ટાંતો આપી સમયની સાથે બદલાતી ટેકનોલોજી સાથે વિદ્યાર્થીઓએ સુમેળ સાધીને આગળ વધવા માટે ટકોર કરી હતી.

આ પ્રસંગે ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, સરદાર વલ્લભભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી વલ્લભભાઈ સોજીત્રા તેમજ માર્કેટીંગ યાર્ડના પ્રમુખ અને સહકારી આગેવાન હરીભાઈ ઠુંમર વિગેરે પ્રસંગને અનુરૂપ પ્રેરણાદાયી વકતવ્ય આપેલ હતુ.

આ કાર્યક્રમમાં લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી મંત્રી દામજીભાઈ રામાણી,મુકેશભાઈ ડોબરીયા, મનસુખભાઈ કપુપરા, વલ્લભભાઈ સખિયા, કિરીટભાઈ પાદરીયા, ભરતભાઈ રાણપરીયા, હરેશભાઈ રૂપાપરા ,વિઠ્ઠલભાઈ સોજીત્રા, વિઠ્ઠલભાઈ વસોયા, નરેશભાઈ લકકડ વિગેરેએ હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ હતા.

આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ-ઉપલેટાના પ્રમુખથી રાજુભાઈ મુંજપરા, ખોડલધામ મહિલા સમિતી-ઉપલેટાના પ્રમુખ ચંપાબેન ગજેરા તેમજ કિરણબેન કપુપરા તેમજ ખોડલધામ સમિતીના કારોબારીના સભ્યો તેમજ ઉપલેટા નગરપાલિકાના સભ્યો જેન્તીભાઈ ગજેરા, અસ્મિતાબેન મુરાણી,જયશ્રીબેન સોજીત્રા, સરદાર પટેલ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ રસીકભાઈ સોજીવા ભરતભાઈ વસોવા ભાવેશભાઈ ડોબરીયા તેમજ વલ્લભ વિદ્યાલયના આચાર્ય ધર્મેશભાઈ સોજીત્રા તેમજ ઉપલેટા તાલુકા પંચાયતના કારોબારીના ચેરમેન વનરાજમાઈ સાવલીયા તાલુકા પંચાવતના સભ્ય શાંતીલાલ પાનસેરીયા ઉપલેટા તાલુકા સહકારી સંઘના પ્રમુખ ગોપાલભાઈ સખિયા તેમજ બાબુભાઈ ઢોલરીયા,પત્રકાર કિરીટભાઈ રાણપરીયા, બટુકભાઈ મુરાણી શાંતીભાઈ ગજેરા, ભુપતભાઈ ગજેરા, સુભાષભાઈ સીરોયા, જયેશભાઈ ધામી, બેંકના મેનેજર જસ્મીનભાઈ વસોયા,પ્રભાવતીબેન મુરાણી, મંજુલાબેન સુતરીયા,વર્ષાબેન વસોયા, કિરણબેન વાગડીયા મધુબેન સોજીત્રા,રજનીભાઈ સોજીત્રા સેવાભાવી ડો. આર.કે.સોજીત્રા નિલેશભાઈ ડોબરીયા મેરવદરના સરપંચ મનસુખભાઈ કથીરીયા લેઉવા પટેલ સમાજ પાનેલીના પ્રમુખ કેયુરભાઈ ઘાડીયા વિગેરે ખાસ ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમ સફળ બનાવવા માટે ટ્રસ્ટના મંત્રી-ટ્રસ્ટી દામજીભાઈ રામાણી મુકેશભાઈ ડોબરીયા અને વિઠ્ઠલભાઈ સોજીત્રા દ્વારા ખુબ જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ માટે લાયકાતની અરજીઓ લેવાથી લઈને તેની ચકાસણી કરવાની સાથે સાથે આ કાર્યક્રમનુ સમગ્ર સંચાલન સરદાર પટેલ સોશ્યલ ગુપના પ્રમુખ હરસુખભાઈ સોજીત્રા અને બી.આર.સી.કોર્ડીનેટર વિજયભાઈ ગજેરાએ કરેલ.જે બદલ તેઓનું સમાજ તરફથી ખાસ સન્માન કરવામાં આવેલ હતુ.

આ ઈનામ સમારંભમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે ફાલ્કન ગૃપ તરફથી કમલનયનભાઈ સોજીત્રા અને ખોડલધામ સમિતી ઉપલેટા અને સરદાર પટેલ સેવા ટ્રસ્ટ ઉપરાંત હરેશભાઈ રૂપાપરા નરેશભાઈ લકકડ વર્ષાબેન ગજેરા વિઠલભાઈ સોજીત્રા સતીષભાઈ સોજીત્રા વલ્લભભાઈ સખીયા બટુકભાઈ ડોબરીયા, હરસુખભાઈ સોજીત્રા,સંજયભાઈ મુરાણી વિગેરે દ્વારા વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ હતા.

કાર્યક્રમની આભારવિધી આ ટ્રસ્ટના ટ્રસ્ટી વિઠ્ઠલભાઈ સોજીત્રા દ્વારા કરવામાં આવેલ હતી.

# ગાંધીધામના પ્રાગપર-મુન્દ્રાના બિસ્માર રોડને તાત્કાલીક મરામત કરવા ચેમ્બર ઓફ કોમર્સની માંગ

## મુન્દ્રાની જીવાદોરી જેવા રસ્તાની દયનીય હાલતથી ટ્રાન્સપોર્ટરો-બંદર વ્યવસાયકારોની હાલત કફોડી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ જિલ્લાના રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગોની અતિ ખરાબ હાલતને કારણે ટ્રાન્સપોર્ટરો, ઉદ્યોગકારો તથા વાહનચાલકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. ખાસ કરીને અદાણી પોર્ટને કારણે અતિ વ્યસ્ત એવા પ્રાગપર-મુન્દ્રા માર્ગની હાલત અત્યંત જોખમી બની ગઈ છે. જેના કારણે દરરોજ હજારો વાહનોને અવરજવર દરમ્યાન ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી આ ગંભીર પરિસ્થિતિ અંગે માર્ગ અને મકાન વિભાગને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે.

ચેમ્બર દ્વારા જણાવાયું છે કે, તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં માર્ગોની મરામત માટે સ્પષ્ટ સૂચના તેમજ માર્ગદર્શન આપવામાં આવેલ, અને ૪૦ દિવસથી વધુ સમય વીતી જવા છતાં, હકીકતમાં કોઈ દેખીતી કામગીરી હાથ ધરાઈ હોવાનું જણાતું નથી. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ મહેશ પુજ અને કંડલા - મુન્દ્રા કન્ટેનર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ ભગીરથસિંહ જાડેજા એ સંયુક્ત રીતે જણાવ્યું હતું કે, કચ્છનો ઉદ્યોગ અને પોર્ટ આધારિત અર્થતંત્ર, માત્ર પ્રદેશ માટે જ નહીં પરંતુ, સમગ્ર રાજ્ય અને રાષ્ટ્ર માટે મહત્વ ધરાવે છે. આવા સમયમાં મુખ્ય માર્ગો ખસ્તાહાલ રહે એ અત્યંત ચિંતાજનક બાબત છે. વિવિધ ટ્રાન્સપોર્ટ એસોસીએશનો દ્વારા ચેમ્બર સમક્ષ માર્ગ સુધારણા માટે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. હવે તંત્ર દ્વારા આ મુદ્દાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી ગુણવત્તાસભર અને ઝડપી સુધારણા કામગીરી હાથ ધરાય તે અત્યંત જરૂરી બની ગયેલ છે.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, ટ્રાન્સપોર્ટર્સ અને ઉદ્યોગકારો બંને માટે આ સમસ્યા દિન-પ્રતિદિન ગંભીર બની રહી છે. પ્રાગપર-મુન્દ્રા માર્ગ જેવા મુખ્ય પરિવહન માર્ગની હાલત સુધારશે તો જ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ તથા બંદર કાર્યક્ષમતા સુધરશે. ચેમ્બર આશા રાખે છે કે, સંબંધિત વિભાગો તાત્કાલિક સર્વેક્ષણ કરી કાર્યવાહી હાથ ધરી, જિલ્લા કલેકટર તેમજ ચેમ્બરને સાથે રાખી આ દિશામાં કામગીરી આરંભ કરાવશે.' ચેમ્બરના કારોબારી સભ્ય હરીશ માહેશ્વરી દ્વારા જણાવાયું છે કે, મુન્દ્રા પોર્ટ દેશના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બંદરોમાંનો એક છે, જ્યાંથી દૈનિક હજારો ટ્રક અને ટ્રાન્સપોર્ટ વાહનો પસાર થાય છે. માર્ગ પર ખાડાઓ, તૂટી ગયેલી સપાટી અને પાણી ભરાવાની સમરસ્યાને કારણે વાહનવ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યો છે. પરિણામે ટ્રાન્સપોર્ટરોને સમય, ઈંધણ અને વાહનોની જાળવણીમાં અતિરિક્ત ખર્ચ સહન કરવો પડી રહ્યો છે. સાથે ડ્રાઈવરો અને મુસાફરોની સુરક્ષા પણ જોખમમાં પડી છે. તેમણે ઉમેરેલ કે મળતી માહિતી મુજબ જ્યાં સુધી છ માર્ગીય રસ્તાની કામગીરી આગળ ધપે ત્યાં સુધી, સુચિત માર્ગની યોગ્ય ''મરમત કરવી આવશ્યક છે.

### આ છે વિકાસ મોડેલ ગુજરાતની સ્થિતિ

# લાકડાની અછતના પાપે મૃતકની અંતિમ વિધી માટે ટાયર - ગોદડાનો ઉપયોગ

## વહીવટી તંત્રની ઘોર નિષ્ફળતા સામે પ્રહાર કરતા કોંગ્રેસ પ્રવકતા ડો. મનીષ દોશી

**અબતક, રાજકોટ**

દેશ માટે વિકાસ મોર્ડલ ગણાતા ગુજરાતમાં લાકડાની અછતના પાપે મૃતકના પાર્થિવ દેહની અંતિમ વિધી ટાયર અને ગોદડાથી કરવાની ફરજી પડી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલ સ્મશાન ગૃહમાં તાજેતરમાં એક અત્યંત સંવેદનહીન અને દુઃખદાયક ઘટના સામે આવી છે, જ્યાં મોતનો મલાજા પણ જળવાયો નહોતો. મૃતકના અંતિમ સંસ્કાર માટે આવેલા સ્વજનોને ભારોભાર હાલાકીનો સામનો કરવો પડ્યો. સ્મશાન ગૃહના વહીવટી તંત્રની ગંભીર બેદરકારીને કારણે અંતિમવિધિ માટે જરૂરી સૂકા લાકડા ખૂટી પડ્યા હતા. આ અમાનવીય પરિસ્થિતિમાં પરિવારે લાકડા વગર જ અંતિમ સંસ્કાર કરવા મજબૂર બનવું પડ્યું. લાકડાની ભયંકર અછતને કારણે, મૃતકના પરિવારે છેવટે ટાયર અને ગોદડાનો ઉપયોગ કરીને અંતિમવિધિ કરવાની કરુણ ફરજ પડી હતી. કોંગ્રેસ પ્રવક્તા એ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે અંતિમ સંસ્કાર જેવા સંવેદનશીલ સમયે સ્મશાન ગૃહમાં આ પ્રકારની ગેરવ્યવસ્થા અને લાકડાની અછત હોવી એ વહીવટી તંત્રની ઘોર નિષ્ફળતા દર્શાવે છે. આ ઘટનાએ માત્ર ઓઢવ જ નહીં, પરંતુ સમગ્ર અમદાવાદના વહીવટી તંત્રની વ્યવસ્થા પર સવાલો ઊભા કર્યા છે, જ્યાં અંતિમ સંસ્કાર માટે પણ મૃતદેહને યોગ્ય સન્માન મળ્યું નહોતું. જે દર્શાવે છે કે ભાજપ શાસનમાં સ્વજનની અંતિમ વિધિ પણ સન્માનપૂર્વક થઈ શકતી નથી

તેમણે અંતે જણાવ્યું કે એએમસીના દસથી પંદર હજાર કરોડના બજેટમાં વિકાસની મોટી મોટી વાત થાય છે પણ જમીન ઉપર વાસ્તવિકતા અલગ છે. જેથી કોન્ટ્રાકટરો જાણી જોઈને લીલા લાકડા લાવે છે અને વાસ્તવિકતા સામે આવે ત્યારે ભાજપ શાસકો કોન્ટ્રાક્ટરને માત્ર બ્લેક લિસ્ટ કરવાનું રટણ કરે છે. સ્મશાન ગૃહોમાં અંતિમ સંસ્કાર વિધિની પૂરતી ચકાસણી થતી નથી ત્યારે દરેક કુટુંબના સ્વજનોની અંતિમ વિધિ સન્માનપૂર્વક થાય તેવી વ્યવસ્થાની કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે.

# ચલાલા નગરપાલિકામાં અવિશ્વાસ દરખાસ્ત વચ્ચે પ્રમુખ-ઉપપ્રમુખનો સબ સલામતનો દાવો

## શાસક પક્ષ ભાજપના જ સભ્યોના એક જુથે ચીફ ઓફીસરને મળી લેખીતમાં અવિશ્વાસ દરખાસ્ત આપતા રાજકારણ ગરમાયું

**અબતક, મેહુલ ત્રીવેદી, ધારી**

ચલાલા નગરપાલીકામાં ભાજપની સ્પષ્ટ કરતાએ સવાયી ૨૪માંથી તમામ ૨૪ સભ્યોની સંખ્યા વચ્ચે ગત ૨ ઓકટોબરે કેટલાક સભ્યોએ ચીફ ઓફીસરને રૂબરૂમાં આવિશ્વાસ દરખાસ્ત કર્યા વચ્ચે પ્રમુખ-ઉપપ્રમુખ રૂબરૂ શાસકો પાસે સ્પષ્ટ બહુમતી પૂરતા સભ્યો હોવાનું જણાવી સબ સલામતનો દાવો કર્યો હતો.

ચલાલા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના જ બહુમતી સભ્યઓએ તા, ૨,૧૦ ના ચલાલા નગરપાલિકાના ચીફ ઓફિસરને રૂબરૂ મળી લેખિતમાં અવિશ્વાસ દરખાસ્ત નો પસ્તાવ રજુ કરતા..ચલાલા નગરપાલિકા નુ રાજકારણ ગરમાયુ છે.. નગરપાલિકામાં ૨૪ એ ૨૪ સભ્યો ભારતીય જનતા પાર્ટીના છે.. તેમાંથી વોર્ડ નંબર ૨ ના સદસ્ય મુક્તાબેન કૌશિકભાઈ પરમારે કુલ ૨૦ ભાજપના જ સદસ્યોની સંમતિ વાળી અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરેલ હતી.. તે અનુસંધાને આજે ચલાલા નગરપાલિકાના મહિલા પ્રમુખ નયનાબેન વનરાજભાઈ વાળા અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ બાવચંદભાઈ માલવીયા એ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખશ્રી નેપત્ર લખી જણાવેલ છે કે અમોને કુલ ૧૧ સદસ્ય ઓ નુ સમર્થન છે.. અને અમો ૧૧સદસ્ય એકી સાથે છીએ..અને અમો એક પણ સદસ્ય અવિશ્વાસ દરખાસ્ત ની તરફેણ મા નથી..જિલ્લા ભાજપ પ્રમુખ ને પત્ર લખીમોટો ખુલાસો કરતા જણાવ્યું છે કે અમારી વિરુદ્ધમાં નગરપાલિકાના બહુમતી સદસ્યશ્રીઓએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરેલ છે એ માત્ર જૂઠુંતુત છે.. અમોને અમારી સહિત કુલ નગરપાલિકાના ૧૧ સદસ્યઓનું સમર્થન છે. અને અમોબધા એકી સાથે છીએ.. તો પછી ૨૦ સભ્યો તેની સાથે કઈ રીતના હોઈ શકે.. તેમજ અમો જે રીતના ચલાલા શહેરનો વિકાસ કરી રહ્યા છીએ અને પાર્ટીનું મજબૂતાઈથી કામ કરી રહ્યા છીએ.. જેથી અમારી લોકપ્રિયતા શહેરમાં વધતી જતી હોય.. એ સારું નહીં લાગતા નગરપાલિકાને અસ્થિર કરવા અને શહેરનો વિકાસ રુંધવાનો પ્રયત્નો કરી રહ્યા છે અમો વહેલી તકે નગરપાલિકામાં જનરલ બોર્ડ બોલાવી કોણ કોની સાથે છે તે સાબિત કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી આપવાના છીએ.. અમો ભારતીય જનતા પાર્ટીના સનિષ્ઠ કાર્યકરો છીએ અમો પાર્ટી સાથે સંકલન માં રહી પાર્ટીના આદેશ પ્રમાણે કાર્યો કરીશું.. તેમ પ્રમુખ અને ઉપપ્રમુખએ જણાવેલ છે..

# દ્વારકા: વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા કાલે બ્લડ ડોનેશન કેમ્પ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા:** વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા કારસેવક હુતાત્મા દિવસની ઉજવણીના ભાગરૂપે આગામી તા.૨-૧૧ ને રવિવારના રોજ દ્વારકામાં બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે દ્વારકાના કકલાશ કુંડ સામે વાણંદ જ્ઞાતિની ધર્મશાળામાં યોજાનાર બ્લડ ડોનેશન કેમ્પમાં એકત્રિત થનાર બ્લડને થેલેસેમિયા, કેન્સર, ડીલેવરી તથા કોઈપણ અકસ્માત સમયે બ્લડની જરૂરીયાતવાળા દર્દીઓ માટે ઉપયોગમાં લેનાર હોય દ્વારકાવાસીઓને વધુમાં વધુ સંખ્યામાં બ્લડ ડોનેટ કરવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

### કમોસમી વરસાદથી પરંપરામોં આવ્યો અવરોધ

# જૂનાગઢની લીલી પરિક્રમા મોકૂફ: સંતો કરશે પ્રતિકાત્મક "યાત્રા"

## છેલ્લી ઘડી સુધી વરસાદ ન રોકાતા, પરિક્રમા રૂટ ઉપર આગોતરી તૈયારી અશક્ય બની, સાધુ સંતોએ પ્રતિકાત્મક યાત્રાનો નિર્ણય કરી ભાવિકોને આ વખતે વનવગડો ન ખુંદવા કરી અપીલ

**અબતક દર્શન જોશી જુનાગઢ**

વિશ્વપ્રસિદ્ધ ધર્મસ્થળ જુનાગઢ ના ગિરનારની પાવનકારી પરિક્રમા આ વર્ષે ''કમોસમી'' વરસાદના કારણે અંતે મુલતવી રાખવાનો નિર્ણય લેવાતા છેલ્લી ઘડી સુધી વરસાદ ન રોકાતા પરિક્રમા રૂટ પર આગોતરી તૈયારી અશક્ય બનતા સાધુ સંતોએ શુકન સાચવવા પ્રતિકાત્મક યાત્રાનો નિર્ણય કરી ભાવિકોને આ વખતે વનવગડો ન ખૂંદવા અપીલ કરી છે.

આવતીકાલે કારતક સુદ અગિયારસથી દેવ દિવાળી સુધી પાંચ દિવસ યોજાનારી ગિરનારની લીલી પરિક્રમા વરસાદના કારણે મુલતવી રાખવામાં આવીછે ,સતત વરસેલા વરસાદના કારણે લીલી પરિક્રમા ના રૂટ ઉપર કાદવ કિચડ અને વ્યવસ્થાના અભાવે આ વખતે જાહેર હિતમાં પરિક્રમા નયોજવાનુંઅંતે નક્કી થયું છે, કમોસમી વરસાદના કારણે પરિક્રમા પર અગાઉથી જ વિઘ્ન વાદળા ઘેરાઈ ગયા હતા અને પરિક્રમા ના આયોજન પર સવાલો ઊભા થયા હતા, વહીવટી તંત્રએ છેલ્લી ઘડી સુધી પરિક્રમા યોજાય તે માટે પ્રયાસો કર્યા હતા પરંતુ કુદરત સામે અંતે શરણાગતિ સ્વીકારી લીધી હોય તેમ પરિક્રમા આ વર્ષે મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો છે .

સાધુ સંતોએ પરિક્રમા ના રૂટ ઉપર નિરીક્ષણ કરીને રસ્તા અને ઉતારા સ્થળે સતત વરસાદના કારણે કોઈપણ પ્રકારની તૈયારીઓ શક્ય ન બનતા સાધુ સંતોએ પરિક્રમા મુલતવી રાખવાનું નક્કી કર્યું હતું ,

જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવાશીયા, એ કોર્પોરેશન, વન વિભાગ પોલીસ અને ઉતારા મંડળ અને સાધુ સંતો સાથે સંકલન કરી બે દિવસ પહેલા પરિક્રમા ના ૩૬ કિલોમીટર ના રૂટ ની જાત સમીક્ષા કરી લીલી પરિક્રમા સંભવિત રીતે પરંપરાગત દિવસોમાં જ યોજાય તે માટેના સકારાત્મક પ્રયત્નો કર્યા હતા, અને આજે બપોર પછી વિધિવત જાહેરાત કરવા નું નક્કી કરાયું હતું અલબત્ત આજે સવાર સુધી સતત પણે વરસેલા વરસાદના કારણે ગિરનારના જંગલમાં ચાલવું પણ શક્ય ન હોય તેવી સ્થિતિમાં યાત્રાના લાખો ભાવિકો ને વન પ્રવેશ કરાવવું ઉચિત ન લાગતા સાધુ સંતોએ આ વર્ષે પરિક્રમા યાત્રા ન કરવા નું નક્કી કર્યું છે, જોકે હજુ સત્તાવાર રીતે વહીવટી તંત્રએ કોઇ નિર્ણય જાહેર કર્યો નથી પરંતુ સાધુ સંતોના નિર્ણયના પગલે લીલી પરિક્રમા આ વખતે જાહેર ભાવિકો માટે મુલતવી રહેતે નક્કી છે જોકે ધર્મ પરંપરા અનુસાર આવતીકાલે અગિયારસથી દેવ દિવાળી સુધી સાધુ સંતો પ્રતિકાત્મક રીતે પરિક્રમા યાત્રાનું શુકન સાચવે તેમ નક્કી કરવામાં આવ્યું છે જુનાગઢ જિલ્લા કલેકટર દ્વારા આ અંગે બપોર બાદ સત્તાવાર રીતે ગિરનારની લીલી પરિક્રમા બંધ રાખવામાં આવી છે તેવી સત્તાવાર જાહેરાત કરવામાં આવશે જૂનાગઢના ધારાસભ્ય સંતો મહંતો અને ઉતારા મંડળના પ્રમુખોએ આ વર્ષે પરિક્રમ આરતીઓના હિતાર્થે ગિરનારની લીલી પરિક્રમા બંધ રાખવામાં આવે તેવા નિર્ણય પર સહમતિ આપી છે.

પરિક્રમાના ઈતિહાસમાં અગાઉ કોરોના કાળમાં યાત્રા રદ્દ રહી હતી ત્યારે સંતો-મહંતો અને ઉતારા મંડળના ૨૫ લોકોએ પ્રતિકાત્મક પરિક્રમા કરી હતી.



### પરિક્રમા યાત્રા મુદ્દે છેલ્લી ઘડી સુધી ચાલ્યો મંત્રણાનો દોર

જૂનાગઢની લીલી પરિક્રમા મુદ્દે આજે સવારે કલેકટર અનિલ રાણાવાસીયા, ધારાસભ્ય સંજય કોરડીયા, ભુતનાથ મહાદેવ મંદિર મહેશ ગીરીબાપુ ભવનાથ ક્ષેત્રના ઈન્દ્રભારતી બાપુ સહિતના સાધુ સંતો મહંતો તથા ઉતારા મંડળના પ્રમુખ ભાવેશભાઈ વેકરીયા વહીવટી તંત્ર વન વિભાગ અને સંલગ્ન તમામ વિભાગના ઉચ્ચ અધિકારીઓ એ સતત ચર્ચા મંત્રના ચાલુ રાખી હતી અને પરિક્રમા રૂટ ઉપર જઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

પરિક્રમા રૂપની હાલત ખૂબ જ વધતર હોવાના કારણે સંતો અને ઉતારા મંડળ દ્વારા આ વખતની લીલી પરિક્રમા ન કરવામાં આવે તેઓ નિર્ણય કરવામાં આવ્યો છે આ અંગે જુનાગઢના ધારાસભ્ય અને સંતો દ્વારા જિલ્લા કલેકટર સાથે સ્થળ પર જ લંબાણપૂર્વકની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી .

### જૂનાગઢમાં ગઈકાલથી ભાવિકોનું આગમન શરૂ થઈ ગયું હતું. હોટલ ગેસ્ટ હાઉસમાં બુકિંગ ફુલ

જૂનાગઢમાં યોજાતી લીલી પરિક્રમા આ વખતે વરસાદના કારણે મુલતવી રહી છે પરિક્રમા ની પરંપરા મુજબ દેશભરના ભાવિકો આગલા દિવસે જ જુનાગઢ આવી જતા હોય છે આ વખતે મેઘાવી માહોલ છતાં દૂર દૂરથી ભાવિકોનુ ગઈકાલથી જ જૂનાગઢમાં આગમન શરૂ થઈ ગયું હતું અને શહેરના હોટલ ગેસ્ટ હાઉસ માં યાત્રાળુ રોકાયા છે , આ વર્ષે પરિક્રમા મુલતવી રહેશે તેવી સંભાવના વચ્ચે પણ શ્રધ્ધાળુઓ જુનાગઢ આવતા પોતાની જાતને રોકી શક્યા નથી

वचनम किम दरिद्रता

# રાજકીય પક્ષોની લ્હાણી બિહારને દેવાળું બનાવી દેશે

## ૧ કરોડ નોકરી, વૃધ્ધ પેન્શન યોજનામાં વધારો, આવાસ, મફત વીજળી સહિતના અનેક વચનો રાજ્ય ઉપર રૂ.૧૦ લાખ કરોડનો બોજ વધારશે

**અબતક, નવી દિલ્હી**

બિહારમાં ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. એનડીએ અને ઈન્ડિયા મહાગઠબંધન બંને પક્ષો એકબીજાને હરાવવા માટે મોટા-મોટા વચનો આપી રહ્યા છે. પરંતુ આનાથી બિહારની પહેલેથી જ નબળી આર્થિક સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે, ભલે કોઈ પણ જીતે. બિહાર પહેલેથી જ પંજાબ, હિમાચલ પ્રદેશ અને આસામ જેવા રાજ્યો સાથે મળીને આર્થિક રીતે સૌથી નબળા રાજ્યોમાં ગણાય છે.

ચૂંટણી પહેલાં એનડીએ સરકારે બજેટ પર વધુ બોજ વધાર્યો છે. વૃદ્ધાવસ્થા પેન્શનને ૪૦૦ રૂપિયાથી વધારીને ૧,૧૦૦ રૂપિયા કરી, ૭૫ લાખ મહિલાઓને મુખ્યમંત્રી રોજગાર યોજના હેઠળ ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા અને દરેક ઘરને મહિને ૧૨૫ યુનિટ વીજળી મફત આપવાની યોજના શરૂ કરી. આ ઉપરાંત અન્ય લાભો પણ જાહેર કર્યા. પરંતુ આ બધું મહાગઠબંધનના વચનો સમક્ષ નાનું છે. તેઓ ૨.૭૬ કરોડ ઘરોને એક-એક સરકારી નોકરી આપવાનું વચન આપ્યું છે. બિહારમાં હાલ ૨૦ લાખ સરકારી કર્મચારીઓ છે. આ વચન પૂરું કરવાથી ૧૦ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, જે બિહારના આખા બજેટ કરતાં કેટલીક ગણો વધુ છે. આ ઉપરાંત આરજેડીના તેજસ્વી યાદવના નેતૃત્વમાં મહાગઠબંધને મહિલાઓને મહિને ૨,૫૦૦ રૂપિયા અને ૨૦૦ યુનિટ વીજળી મફત આપવાનું પણ જણાવ્યું છે.તાજેતરમાં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી)એ રાજ્યોની આર્થિક કામગીરી પર પહેલી વખત અભ્યાસ કર્યો. ૨૦૧૩-૨૩ વચ્ચેના ૧૦ વર્ષમાં વિકાસ અને આર્થિક સુધારણાના આધારે રાજ્યોને રેન્ક આપ્યા. સીએજીએ પંજાબ, હિમાચલ, બિહાર અને આસામ જેવા નબળા રાજ્યો વિશે ચેતવણી આપી. આ રાજ્યોમાં પગાર, પેન્શન અને વ્યાજના ખર્ચ (કમિટેડ ખર્ચ) બજેટના ૩૫થી ૭૦ ટકા છે. નાણાકીય ખાધ ૫-૬ ટકા છે. રાજ્યની પોતાની કર આવક (એસઓટીઆર) આવકના ૨૦-૩૦ ટકા જ છે. દેવું રાજ્યના જીડીપીના ૪૫ ટકા સુધી છે. આનાથી આ રાજ્યોનું ભવિષ્ય અંધકારમય લાગે છે અને ટૂંકા ગાળામાં સુધારો મુશ્કેલ છે. નોર્થ ઈસ્ટના રાજ્યોની સ્થિતિ વધુ ખરાબ છે - કમિટેડ ખર્ચ ૭૦ ટકા અને એસઓટીઆર ૨૦ ટકાથી ઓછું.બિહારની ૧૪ નવેમ્બરની ચૂંટણી પછી આર્થિક સંકડાણ વધુ વધશે. રાજ્યોને પોતાની આવક વધારવી પડશે, જેથી વિકાસ ઝડપી થાય.

બંને ગઠબંધનોએ ૨૦૨૫ ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે પોતપોતાના મેનિફેસ્ટો બહાર પાડ્યા છે. ૨૮ ઓક્ટોબરના રોજ, ભારતીય મહાગઠબંધન દ્વારા ''તેજસ્વી પ્રણ'' નામનો મેનિફેસ્ટો બહાર પાડવામાં આવ્યો હતો, જ્યારે ૩૧ ઓક્ટોબરના રોજ, એનડીએ ગઠબંધને તેનો ''સંકલ્પ પત્ર'' બહાર પાડ્યો હતો.

### ઈન્ડિયાનો મેનિફેસ્ટો

- જૂની પેન્શન યોજના
- દરેક પરિવાર માટે ૨૦૦ યુનિટ મફત વીજળી
- અપંગો માટે ૩,૦૦૦ રૂપિયા પેન્શન
- દરેક શહેરમાં મહિલા કોલેજ
- જાહેર આરોગ્ય સુરક્ષા યોજના હેઠળ ૨૫ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો
- વિધવાઓ અને વૃદ્ધો માટે ૧,૫૦૦ રૂપિયા માસિક પેન્શન
- સ્પર્ધાત્મક પરીક્ષા ફોર્મ અને ફી નાબૂદ
- શિક્ષકો, આરોગ્ય કર્મચારીઓ અને સેવા કર્મચારીઓને તેમના ગૃહ જિલ્લાના ૭૦ કિમીમાં જ પોસ્ટિંગ
- ખેડૂતો માટે ખજ્જ પર પાકની ખાતરીપૂર્વક ખરીદી
- માઈ-બેહન માન યોજના હેઠળ દર મહિને ૨,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય
- લઘુમતી સમુદાયોના બંધારણીય અધિકારોનું ખાતરીપૂર્વક રક્ષણ
- વકીલો, ડોકટરો અને પત્રકારો માટે સુરક્ષા બિલ
- મનરેગા માટે દૈનિક વેતનમાં વધારો કામદારો
- વકફ મિલકતોનું પારદર્શક સંચાલન
- ગુના માટે શૂન્ય સહિષ્ણુતા નીતિ
- મહિલાઓ માટે મફત મુસાફરી, ૨૦૦૦ નવી ઈલેક્ટ્રિક બસો
- આશા અને આશા ફેસિલિટેટર્સને કરાર આધારિત દરજ્જો આપવામાં આવશે, જેનો માસિક પગાર રૂ.૧૦,૦૦૦ હશે.
- શાળાના રસોઈયા અને મમતા કાર્યકરોને માસિક પગાર રૂ.૬,૦૦૦ મળશે.
- સ્થાનિક સંસ્થાઓમાં કાર્યરત સ્વચ્છતા કાર્યકરોને માસિક પગાર રૂ.૧૨,૦૦૦ મળશે.
- પંચાયત અને મ્યુનિસિપલ સંસ્થાઓમાં ૨૦ ટકાને બદલે ૩૦ ટકા અનામત


### એનડીએનો મેનિફેસ્ટો

- ૧ કરોડ સરકારી નોકરીઓ અને રોજગાર
- દરેક જિલ્લામાં મેગા કૌશલ્ય કેન્દ્રો સ્થાપવા
- મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ, મહિલાઓને રૂ.૨ લાખ સુધીની સહાય
- ૧ કરોડ મહિલાઓને ''લખપતિ દીદી'' બનાવવામાં આવશે
- અતિ પછાત વર્ગોના વિવિધ વ્યાવસાયિક જૂથોને રૂ.૧૦ લાખની સહાય પૂરી પાડવામાં આવશે.
- કરપૂરી ઠાકુર કિસાન સન્માન નિધિના લોન્ચ દ્વારા ખેડૂતોને વાર્ષિક રૂ.૩,૦૦૦ નો લાભ આપવામાં આવશે, જે કુલ રૂ.૯,૦૦૦ થશે.
- કૃષિ-માળખાકીય માળખામાં રૂ.૧ લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે.
- પંચાયત સ્તરે તમામ મુખ્ય પાકો (ડાંગર, ઘઉં, કઠોળ અને મકાઈ) એમએસપી પર ખરીદવામાં આવશે.
- 'માછલી-દૂધ મિશન' યોજના દરેક મત્સ્યપાલકને કુલ રૂ.૯,૦૦૦ નો લાભ આપશે.
- પાંચ મેગા ફૂડ પાર્ક સ્થાપિત કરવામાં આવશે, અને કૃષિ નિકાસ બમણી કરવામાં આવશે.
- સાત એક્સપ્રેસવે બનાવવામાં આવશે.
- ૩,૬૦૦ કિમી રેલ ટ્રેકનું આધુનિકીકરણ કરવામાં આવશે.
- ચાર નવા શહેરોમાં મેટ્રો સેવાઓ શરૂ કરવામાં આવશે.
- નવા પટનામાં ગ્રીનફિલ્ડ સિટી અને મોટા શહેરોમાં સેટેલાઈટ ટાઉનશીપ વિકસાવવામાં આવશે.
- માતા જાનકીના જન્મસ્થળ સીતાપુરમને વિશ્વ કક્ષાના આધ્યાત્મિક શહેર તરીકે વિકસાવવામાં આવશે.
- પટના નજીક ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ વિકસાવવામાં આવશે અને દરભંગા, પૂર્ણિયા અને ભાગલપુરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ વિકસાવવામાં આવશે.
- દસ નવા શહેરોમાંથી સ્થાનિક ફ્લાઈટ્સ શરૂ કરવામાં આવશે.
- વિકાસિત બિહાર ઔદ્યોગિક મિશન હેઠળ રૂ.૧ લાખ કરોડના રોકાણ સાથે ઔદ્યોગિક ક્રાંતિ લાવવામાં આવશે.
- દરેક જિલ્લામાં અત્યાધુનિક ઉત્પાદન એકમો અને ૧૦ નવા ઔદ્યોગિક ઉદ્યાનો વિકસાવવામાં આવશે.
- નવા યુગના અર્થતંત્ર હેઠળ રૂ.૫૦ લાખ કરોડના રોકાણો આકર્ષિત કરવામાં આવશે.
- મફત રાશન
- ૧૨૫ યુનિટ મફત વીજળી
- ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર
- ૫ મિલિયન નવા પાકા મકાનો

# સુરક્ષાને લઈ ભારત- અમેરિકાએ ૧૦ વર્ષના કરાર કર્યા

## મલેશિયામાં બેઠક દરમિયાન બન્ને દેશોના સંરક્ષણ પ્રધાનોએ કરાર પર કર્યા હસ્તાક્ષર : બંને દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સંકલન, માહિતી આદાન પ્રદાન અને ટેકનિકલ સહયોગનો એક નવો યુગ શરૂ થવાની આશા

**અબતક, નવી દિલ્હી**



ભારત અને અમેરિકાએ સંરક્ષણ માટે ૧૦ વર્ષના નવા કરાર પર હસ્તાક્ષર કર્યા છે.આ કરાર આગામી ૧૦ વર્ષોમાં તેમના સૈન્ય, સંરક્ષણ ઉદ્યોગો અને તકનીકી સહયોગને મજબૂત બનાવશે. આ કરાર હેઠળ, અમેરિકા ભારત સાથે અદ્યતન ટેકનોલોજી શેર કરશે. આ કરાર ૩૧ ઓક્ટોબરના રોજ મલેશિયાના કુઆલાલંપુરમાં હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો, જ્યાં બંને દેશો આસિયાન સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં ભાગ લઈ રહ્યા હતા. ભારતીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

અમેરિકાએ ગઈકાલે ભારતને ઈરાનના ચાબહાર બંદર પરના પ્રતિબંધોમાંથી છ મહિનાની મુક્તિ આપી હતી. અગાઉ, તેણે કહ્યું હતું કે તે બંદરના સંચાલન, ભંડોળ અથવા અન્યથા કામ કરતી કંપનીઓ પર દંડ લાદશે. આ બંદર ભારતને ૧૦ વર્ષ માટે લીઝ પર આપવામાં આવ્યું છે. યુએસ ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથે કહ્યું કે મેં રાજનાથ સિંહ સાથે ૧૦ વર્ષના યુએસ-ભારત ડિફેન્સ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ આપણી ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. આપણા બંને દેશો વચ્ચે સંકલન, માહિતી શેરિંગ અને ટેકનિકલ સહયોગનો એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે.

આ કરાર થયા પછી, હેગસેથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહનો આભાર માન્યો. તેમણે કહ્યું કે આ સંબંધ વિશ્વમાં સૌથી મહત્વપૂર્ણ પૈકીનો એક છે. બંને દેશો એકબીજા પર વિશ્વાસ કરે છે અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા અને સમૃદ્ધિ ઈચ્છે છે. રાજનાથ સિંહે કહ્યું કે આ બેઠક આસિયાન દેશો અને ભારત વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવશે. તે ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીને પણ મજબૂત બનાવશે. આ કરાર એવા સમયે થયો છે જ્યારે બંને દેશોના અધિકારીઓ વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. અમેરિકાએ રશિયન તેલ ખરીદવા બદલ ભારત પર વધારાનો ૫૦% ટેરિફ લાદ્યો છે.

### વેપાર કરાર સમજી વિચારીને કરાશે, ઉતાવળ નહિ કરાય : પિયુષ ગોયલ

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે સ્પષ્ટપણે કહ્યું છે કે ભારત ઉતાવળમાં કોઈપણ વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે નહીં. અમે કોઈપણ શરતો સ્વીકારીશું નહીં જે અમારા વેપારને પ્રતિબંધિત કરે. તેમણે કહ્યું કે વેપાર ફક્ત ટેરિફનો ખેલ નથી. તે વિશ્વાસ અને લાંબા ગાળાના સંબંધોનો વિષય છે. જોકે, ગોયલે ધ્યાન દોર્યું કે બંને દેશોની ટીમો સાથે મળીને કામ કરી રહી છે અને ટૂંક સમયમાં એક વાજબી અને સમાન કરાર પર પહોંચવાની આશા રાખે છે.

### કરારથી શું ફાયદો થશે ?

- બંને દેશોની સેનાઓ સંયુક્ત તાલીમ અને લશ્કરી કવાયત કરશે.
- બંને દેશો સંયુક્ત રીતે શસ્ત્રો, સંરક્ષણ સાધનો અને નવી ટેકનોલોજીનું ઉત્પાદન કરશે.
- અમેરિકા તેની કેટલીક અદ્યતન સંરક્ષણ ટેકનોલોજી ભારતને પણ આપશે
- બંને દેશોની એજન્સીઓ એકબીજા સાથે સુરક્ષા માહિતી શેર કરશે

# આત્મ વિશ્વાસથી ભરપૂર ટીમ ઈન્ડિયા કાલે 'ચોકર' આફ્રિકાને હરાવી વિશ્વ વિજેતા બનશે?

## ટ્રોફી જીતવાની વાત તો ભૂલી જાવ, સેમિફાઈનલમાં પહોંચવું પણ ભારતીય મહિલા માટે ખૂબ જ દૂરની શક્યતા હતી: સેમિફાઈનલમાં ભારતને હરમનપ્રીત કૌર અને જેમિમાહ રોડ્રિગ્ઝે જીત અપાવી, હવે ટીમ ઈન્ડિયા ત્રીજીવાર ફાઈનલ રમશે અને ઈતિહાસ રચશે?

**અબતક, મુંબઈ**

સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા પછી, ઈંગ્લેન્ડે મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ભારતને હરાવ્યું. ટ્રોફી જીતવાની વાત તો ભૂલી જાવ, સેમિફાઈનલમાં પહોંચવું પણ ભારતીય મહિલા માટે ખૂબ જ દૂરની શક્યતા હતી. ૨૦૦૦ની ચેમ્પિયન ન્યૂઝીલેન્ડ સામેની મેચ હજુ બાકી હતી. એ પહેલાં ટીમ ઈન્ડિયાએ પોતાની લય સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી.ત્યારથી ગુરૂવાર સુધી, ભારતની મહિલા ટીમે ફાઈનલમાં પ્રવેશ કર્યો. આ કોઈ સામાન્ય પ્રવેશ નહોતો, જેમાં તેણે માત્ર સાત વખતની ચેમ્પિયન અને અપરાજિત ઓસ્ટ્રેલિયાને હરાવ્યું જ નહીં, પરંતુ મહિલા વનડે ઈતિહાસમાં સૌથી વધુ ટાર્ગેટને પણ ચેઝ કર્યો. આ જીત ભારતની કેપ્ટન હરમનપ્રીત કૌર અને જેમિમાબ રોડ્રિગ્ઝે અપાવી હતી. હવે ટીમ ઈન્ડિયા ત્રીજીવાર ફાઈનલ રમશે, આત્મવિશ્વાસથી ભરપૂર ટીમ ઈન્ડિયા કાલે 'ચોકર' આફ્રિકાને હરાવી વિશ્વવિજેતા બનશે?




ICC WOMEN'S CRICKET WORLD CUP INDIA 2025

ભારતીય મહિલા ટીમે પોતાના ઘરઆંગણે વર્લ્ડ કપમાં હેટ્રિક હારનો કરવો પડ્યો હતો, પરંતુ હવે તે ટીમમાંથી બહાર થવાનો ભય અનુભવી રહી હતી. તેમની આગામી મેચ ન્યૂઝીલેન્ડ સામે હતી, અને હારનો અર્થ ટીમમાંથી બહાર થઈ શકે છે. નવી મુંબઈમાં પ્રથમ બેટિંગ કરતા, ભારતીય મહિલા ટીમ તરફથી પ્રતિકા રાવલ અને સ્મૃતિ મંધાનાએ સદી ફટકારી. જેમિમાહની ફિફ્ટીએ ભારતને વર્લ્ડ કપમાં તેમનો શ્રેષ્ઠ સ્કોર ૩૪૦ રનમાં પહોંચાડવામાં મદદ કરી.વિશાળ ટાર્ગેટ ચેઝ કરતી વખતે, ન્યૂઝીલેન્ડ ફક્ત ૨૭૧ રન જ બનાવી શક્યું. સદી ફટકારનાર અને ત્રણ કેચ પકડનાર મંધાનાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી. આ જીત સાથે, ભારત સેમિફાઈનલ માટે ક્વોલિફાય થયું. બાંગ્લાદેશ સામેની અંતિમ ગ્રૂપ સ્ટેજ મેચ વરસાદને કારણે રદ થઈ હતી.ભારતને વર્લ્ડ કપ ફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચવાની જરૂર હતી.વનડે ઈતિહાસમાં સૌથી મોટા ટાર્ગેટને ચેઝ કરતા, તેમને સાત વખતના ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની જીતનો સિલસિલો પણ તોડવાનો હતો. જેવી રીતે ટીમ ઈન્ડિયાએ સેમી ફાઈનલમાં જીત મેળવી છે ટીમનો આત્મવિશ્વાસ પણ વધારે છે ત્યારે હવે આત્મવિશ્વાસથી ભરપૂર ટીમ ઈન્ડિયા કાલે 'ચોકર' આફ્રિકાને હરાવી વિશ્વવિજેતા બનશે?જો કે જે પણ ટીમ જીતશે તે ઈતિહાસ રચશે તે નક્કી છે.

### વુમન્સ વર્લ્ડ કપને કાલે નવા ચેમ્પિયન મળશે

કાલે ટીમ ઈન્ડિયા ટાઈટલ મેચમાં સાઉથ આફ્રિકા સામે રમશે, જેણે સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને તેમને બહાર કરી દીધા હતા. સાઉથ આફ્રિકાએ પણ ટુર્નામેન્ટમાં શાનદાર વાપસી કરી હતી. પ્રથમ મેચમાં, ટીમ ઈંગ્લેન્ડ સામે ફક્ત ૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જેમાં ૧૦ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. સાઉથ આફ્રિકાએ સેમિફાઈનલમાં તે જ ટીમને ૧૨૫ રનથી હરાવીને પ્રથમ વખત ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.સાઉથ આફ્રિકા પહેલી વાર ફાઈનલમાં પહોંચ્યું છે, જ્યારે ભારત ત્રીજી વાર વનડે વર્લ્ડ કપ ફાઈનલ માટે ક્વોલિફાય થયું છે. ટીમ ૨૦૦૫માં ઓસ્ટ્રેલિયા અને ૨૦૧૭માં ઈંગ્લેન્ડ સામે ફાઈનલ હારી ગઈ છે. નવી મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમ ખાતે નવી ટીમને મહિલા વનડે વર્લ્ડ ચેમ્પિયનનો તાજ પહેરાવશે.

### જેમ ઓફ જેમી''વાહ'' રોડ્રિક્સ



ગયા વર્ષે ઓક્ટોબરમાં મુંબઈના સૌથી જૂના કલબોમાંથી એક ખાર જીમખાનાએ જેમિમાના પિતાનું સભ્યપદ રદ કરી દીધું હતું. જેમિમાના પિતા ઈવાન રોડ્રિગ્સ પર ધર્માંતરણ સાથે જોડાયેલા કાર્યક્રમોમાં સામેલ થવાનો આરોપ લાગ્યો હતો. આ કાર્યવાહી ખાર જીમખાનાના કેટલાક સભ્યો દ્વારા તેમના પિતા ઈવાન દ્વારા કલબ પરિસરનો ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિઓ માટે આરોપ લગાવ્યા બાદ કરવામાં આવી હતી. કલબના સભ્યોએ આના પર આપત્તિ વ્યક્ત કરી હતી અને કહેવામાં આવ્યું હતું કે, ધાર્મિક કાર્યક્રમમાં ધર્માંતરણ માટે ઉશ્કેરી રહ્યો છે. આ વિવાદે જેમિમાને ખૂબ જ વ્યથિત કરી દીધી હતી, પરંતુ તેણી મક્કમ રહી અને સખત મહેનત કરતી રહી.જેમિમાએ આ વર્લ્ડ કપમાં સેમિફાઈનલ પહેલા સારું પ્રદર્શન કર્યું ન હતું. તેણીએ ન્યુઝીલેન્ડ સામે ફક્ત એક જ અડધી સદી ફટકારી હતી. આ વર્લ્ડ કપમાં અત્યાર સુધી જમિમાએ ૦, ૩૨, ૦, ૩૩, ૭૬* અને ૧૨૭* રન બનાવ્યા છે. જો કે, તેણીનું કામ પૂરું થયું નથી અને તેના ઉપર ટીમને દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલમાં જીત અપાવાની જવાબદારી રહેશે.

# આજથી આધારનું અપડેટ સરળ બની જશે

## યુઆઈડીએઆઈ એ આધાર અપડેટ માટે આજ થી નવા નિયમો લાગુ

**અબતક, રાજકોટ**

આધાર પ્રોગ્રામ તેની સેવા પ્રક્રિયાઓમાં મોટા સુધારામાંથી પસાર થઈ રહ્યો છે કારણ કે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા ૧ નવેમ્બર, ૨૦૨૫ થી નવા નિયમો લાગુ કરવા જઈ રહી છે. નવી સિસ્ટમ હેઠળ, નામ, સરનામું, જન્મ તારીખ અને મોબાઈલ નંબર જેવા ઘણા વસ્તી વિષયક ફેરફારો માટે આધાર કાર્ડ ધારકોને હવે આધાર સેવા કેન્દ્ર ની મુલાકાત લેવાની જરૂર રહેશે નહીં. તેઓ માયઆધારકાર્ડ પોર્ટલ દ્વારા ઓનલાઈન અપડેટ્સ શરૂ કરી શકશે, જે હાલના સરકારી ડેટાબેઝ દ્વારા ચકાસણીને એકીકૃત કરશે. તે જ સમયે, વિશિષ્ટ ઓળખ ક્રમાંક સત્તા મંડળ, ભારત એ વસ્તી વિષયક અને બાયોમેટ્રિક અપડેટ્સ માટે ફી માળખામાં સુધારો કર્યો છે અને પાન(કાયમી ખાતા નંબર) સાથે સમય-બાઉન્ડ લિંકિંગ પર ભાર મૂક્યો છે. આ ફેરફારોનો ઉદ્દેશ્ય ૧૪-અંકની નોંધણીઓમાં સુવિધા સુધારવા, કાગળકામ ઘટાડવા અને ડેટાની ચોકસાઈ વધારવાનો છે.

વિશિષ્ટ ઓળખ ક્રમાંક સત્તા મંડળ, ભારત એ આધાર અપડેટ પ્રક્રિયામાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી: શું જાણવું. આજથી પ્રક્રિયાગત ફેરફારો લાગુ થશે. નામ, સરનામું, જન્મ તારીખ અથવા મોબાઈલ નંબર અપડેટ કરવા માંગતા કાર્ડ ધારકો માયઆધારકાર્ડ પોર્ટલ દ્વારા ઓનલાઈન વિનંતી શરૂ કરી શકશે, જો આધાર સાથે જોડાયેલ મોબાઈલ નંબર સક્રિય હોય.ફિંગરપ્રિન્ટ, આઈરિસ અથવા ફોટોગ્રાફ અપડેટ્સ જેવા બાયોમેટ્રિક ફેરફારો માટે હજુ પણ આધાર સેવા કેન્દ્રની રૂબરૂ મુલાકાત લેવાની જરૂર પડશે. મેન્યુઅલ હસ્તક્ષેપ ઓછો કરવા માટે દસ્તાવેજ અપલોડ અને ઓટોમેટેડ ઈન્ટર ડેટાબેઝ ચકાસણીનો ઉપયોગ કરવામાં આવશે.

### આધાર અપડેટ ચેતવણી: સુધારેલી ફી માળખું

૧) પહેલી વાર ૫-૭ વર્ષની ઉંમર વચ્ચે ની ઉંમર વાળા ને મફત છે, ૧૫-૧૭ વર્ષની ઉંમર વચ્ચે પહેલી કે બીજી વાર વાળા ને મફત છે. અન્યથા બીજી બધી ઉંમર વાળા ને રૂ. ૧૨૫ ફી છે. જો ૭-૧૫ વર્ષની ઉંમર વચ્ચે કરવામાં આવે, તો તે ૩૦/૦૯/૨૦૨૬ સુધી મફત છે.

૨) વસ્તી વિષયક અપડેટ: નોંધાયેલ નામ, લિંગ, જન્મ તારીખ, સરનામું, મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સરનામાંનું અપડેટ જો બાયોમેટ્રિક અપડેટ સાથે કરવામાં આવે તો મફત અને જો અલગથી કરવામાં આવે રૂ. ૭૫ ફી.

૩) દસ્તાવેજ અપડેટ: ઓળખ/સરનામુ રજૂ કરવા સરનામા માટે , ૧૪/૦૬/૨૦૨૬ સુધી મફત /આધાર સેવા કેન્દ્ર ખાતે (કેન્દ્રમાં) રૂ .૭૫

### આધારને પાન સાથે લિંક કરવું અને સમયમર્યાદા

કાર્ડ ધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પાન ને નિષ્ક્રિય કરવાથી બચવા માટે નિર્દિષ્ટ સમયમર્યાદા પહેલાં તેમના પાન ને આધાર સાથે લિંક કરે.નાણાકીય સંસ્થાઓ અને કર સત્તાવાળાઓ ચકાસણી, કેવાયશી અને અન્ય સેવાઓ માટે આ લિંકેજ પર વધુને વધુ આધાર રાખશે. સમયમર્યાદામાં લિંક કરવામાં નિષ્ફળતા નાણાકીય અસુવિધા અને સેવા ઍક્સેસમાં પ્રતિબંધો તરફ દોરી શકે છે.

### આધાર ઓનલાઈન પોર્ટલ અને સપોર્ટ સેવાઓ

માયઆધારકાર્ડ પોર્ટલ દ્વારા ઓનલાઈન અપડેટ સ્વ-સેવા, વસ્તી વિષયક અને બાયોમેટ્રિક ફેરફારો માટે પોસ્ટ દ્વારા અને નોંધણી કેન્દ્રો પર અપડેટ કરો. અપડેટ વિનંતી નંબર દ્વારા અપડેટ વિનંતી સ્થિતિનું ટ્રેકિંગ,ઓળખના પુરાવા અને સરનામાના પુરાવા તરીકે સ્વીકૃત માન્ય દસ્તાવેજોની યાદી. ક્રોસ-વેરિફિકેશન માટે સંપર્ક વિગતો.

### આધાર કાર્ડ ધારકોએ આગળ શું કરવું જોઈએ?

જો ફિંગરપ્રિન્ટ, આઈરિસ, ફોટો નું આયોજન કરી રહ્યા છો, તો સેન્ટર પર અગાઉથી એપોઈન્ટમેન્ટ બુક કરો. પાન-આધાર લિંકેજ સમયમર્યાદા સુધીમાં પૂર્ણ થાય છે, અને સેવાઓની તૈયારી તપાસવામાં આવે છે. કોઈપણ અપડેટ વિનંતીમાંથી મળેલ યુઆરએન ટ્રેકિંગ માટે સુરક્ષિત રીતે રાખવામાં આવે છે.

# હાલાર પંથકમાં માવઠાની મોકાણ યથાવત: દોઢ ઈંચ સુધી વરસાદ



## જામનગરમાં એક ,કાલાવડમાં એક જામજોધપુરમાં પોણો ધ્રોલમાં પોણો ઈંચ વરસાદ

જામનગર શહેર તેમજ આજુ-બાજુ ના ગામોમાં રાત્રે ફરી માવઠું વરસ્યું હતું. ગત મોડી રાત્રે વરસાદની તોફાની બેટિંગ શરૂ થતા લોકોમાં દોડધામ મચી હતીં. મોડી રાતથી શરૂ થયેલો વરસાદ લગભગ ત્રણ કલાક સુધી ચાલુ રહ્યો હતો. અચાનક પડેલા આ વરસાદ થી શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઇ જતાં અમુક સ્થળે જનજીવન પ્રભાવિત બન્યું હતું.

જામનગર શહેરના સુપર માર્કેટ વિસ્તાર, બેડી ના નાકા વિસ્તાર, કાલાવડ નાકા બહાર આવેલ વિસ્તાર, ઘાંચી ની ખડકી વિસ્તાર, પટણીવાડ જેવા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઇ ગયા હતા.

જેના કારણે નાગરિકોને વાહન વ્યવહારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. રાત્રિના સમયે આચાનક પડેલા વરસાદને કારણે કેટલાક વિસ્તારમાં વીજ પુરવઠા પર પણ અસર જોવા મળી હતી.

મહત્વનું છે કે આજે સવારે ૬ વાગ્યા સુધીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન જામનગર જિલ્લાના જામનગર સહિત ૪ તાલુકામાં માવઠાએ મોકાણ સર્જી હતી. કાલાવડ પંથકમાં એક ઈંચ, જામનગર તાલુકામાં અને જામજોધપુર તાલુકાના તથા ધ્રોલ પંથકમાં પોણો ઈંચ પાણી વરસતા ખેડૂતો મૂંઝાયા હતા.

### ઠેર-ઠેર રોડ,રસ્તા તથા શેરીઓમાં પાણી ભરાયા ભાર પવન સાથે વીજ પુરવઠા ખોરવાયો

# ગુરૂનાનક જન્મજયંતીની ધાર્મિક કાર્યક્રમ સાથે ઉજવણી





જામનગર શહેરમાં ગુરુદ્વારા ગુરુંસિંઘ સભામાં ગુરુનાનક દેવજીની ૫૫૬ મી જન્મજયંતિની ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે. જે નિમિત્તે જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો ઉજવાશે.

ગુરુદ્વારા ગુરુસિંઘ સભા સ્થળેથી પ્રભાત ફેરી આજે સવારે ગુરુદ્વારાથી સાત રસ્તા અને ત્યાંથી ક્રિકેટ બંગલા થઈ નગર ભ્રમણ કરી ને ગુરુદ્વારામાં પરત ફરી હતી.

કાલે સવારે પ્રભાતફેરી દાંડિયા હનુમાન મંદિર, ડોમિનોઝ પિઝા જોગર્સપાર્ક, વિરલ બાગ, ડી.કે.વી. સર્કલથી પરત ગુરુદ્વારા સુધી પહોંચશે.

આ ઉપરાંત ગુરુદ્વારામાં સેહજ પાઠ સાહેબનો આરંભ કરવામાં આવ્યો છે, જ્યારે બુધવાર તા. ૫.૧૧.૨૦૨૫ ના દિવસે સવારે ૧૦ વાગ્યે સેહજ પાઠ સાહેબની પુર્ણાહુતી થશે, તે પછી શબ્દ કીર્તનનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે કાર્યકર્મની સંપૂર્ણ સમાપ્તિ બપોરે ૨.૦૦ વાગ્યે રાખવામાં આવી છે. બાદમાં ગુરુકાલંગરનું આયોજન રાખવામાં આવ્યુ છે.

# એસટીને દિવાળી ફળી: રૂ.૧૬.૧૮ લાખની આવક

## તંત્ર દ્વારા મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને એક્સ્ટ્રા બસો દોડાવાય



દીવાળીના તહેવારો દરમિયાન મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને જામનગર એસટી તંત્રએ જામનગર અને દ્વારકા ડેપોથી જુનાગઢ, સોમનાથ, રાજકોટ, અમદાવાદ, દાહોદ, ગોધરા સહિતના જિલ્લાઓને જોડતી બસ સેવામાં એક્સ્ટ્રા બસો મુકી હતી. જેના થકી એસટી તંત્રને રૂ.૧૬, ૧૮,૭૭૬ની આવક થઈ હતી.

એસટી તંત્રએ દીવાળી અને નવા વર્ષના તહેવારો દરમિયાન દ્વારકા અને જામનગર જિલ્લામાં ખેત મજુરીએ આવેલા લોકોની દાહોદ અને ગોધરા તથા મધ્યપ્રદેશ તરફની વાપસીને અને આંતર જિલ્લા ટ્રાફીકને તથા ખાસ કરીને ભાઈ-બીજમાં દ્વારકાના ધસારાને ધ્યાનમાં રાખીને તા.૧૬ ઓક્ટોબરથી તા.૨૮ ઓક્ટોબર સુધી એક્સ્ટ્રા બસો મુકી હતી.

આ બસોએ કુલ ૩૨૮ ટ્રીપો દ્વારા ૫૦ હજાર ૪૮૬ કીલોમીટરનું અંતર કાપીને ૧૨,૮૭૬ મુસાફરોની હેરાફેરી કરીને રૂ.૧૬ લાખ ૧૮,૭૭૬ની આવક મેળવી હતી. એસટી તંત્રની આ વધારાની સેવાને કારણે હજારો મુસાફરો પોતાના ગંતવ્ય સ્થાન ઉપર સમયસર પહોંચી શકવા પામ્યા હતા. એસટી તંત્રએ એક સાથે ૫૧ લોકોનું ગ્રુપ હોય તો ખાસ બસ ફાળવી દેવાની ઓફર પણ જાહેર કરી હતી. સરકારની તિજોરીને આ પધ્ધત્તિએ વધુ આવક મળી છે.

### સરદાર જયંતિ નિમિત્તે

# લેઉવા પટેલ સેવા સમાજ દ્વારા સરદાર એકતા રેલી સાથે વિશાળ પોટ્રેટનું અનાવરણ



## સમાજ ભવન ખાતે બેંક્વેટ હોલ તથા વિંગોનું લોકાર્પણ સ્નેહમિલનમાં અગ્રણીઓ એક તાંતણે બંધાયા

જામનગર લેઉવા પટેલ સેવા સમાજ દ્વારા સરદાર જયંતિના અવસરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ અંતર્ગત રાષ્ટ્રિય એકતા અને અખંડીતતાના સંદેશને લોક હદય સુધી પહોચાડવા લેઉવા પટેલ સેવા સમાજ, જામનગર શહેર-જીલ્લા દ્વારા સરદાર એકતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જય સરદારના નારા સાથે બાઈક રેલી રણજીતસાગર રોડ, પવનચક્કી, સુમેર કલબ રોડ પરથી પસાર થઈને લેઉવા પટેલ સમાજ ભવન, રણજીતનગર ખાતે સવારે પહોંચી હતી. આ અવસરે લેઉવા પટેલ સમાજ ભવન ખાતે તૈયાર કરવામાં આવેલ સરદાર પટેલના વિશાળ પોટ્રેટનો અનાવરણ કરવામાં આવ્યું હતું સાથે જ સમાજ ભવન ખાતે તૈયાર થયેલ બેંકવેટ હોલ તથા વિવિધ વિંગોનો લોકાર્પણ કાર્યક્રમ પણ યોજાયો હતો.

આ ઉપરાંત સમાજ ભવન ખાતે દર વર્ષની પરંપરા મુજબ જ્ઞાતિજનો માટે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અગ્રણીઓ એક તાંતણે બંધાયા હતા. એકતા યાત્રામાં પૂર્વ કેબિનેટ મંત્રી આર.સી.ફળદુ, પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, લેઉવા પટેલ સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા સહિતના કારોબારી સભ્ય અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા તેમજ લેઉવા પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રોલ: સરદાર પટેલની જન્મજયંતિએ ભવ્ય બાઈક રેલીમાં દેશ ભકિત લાગ્યા નારા

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**



લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન અવસરે આજે ધ્રોલ શહેર દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. ધ્રોલ-જોડિયા પટેલ સમાજના આયોજન હેઠળ ખારવા રોડથી ગાંધીચોક અને ત્યાંથી પટેલ સમાજના સમાજ સુધી ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો ધ્વજ લહેરાવતાં અને એકતા જ આપણી ઓળખના નારા લગાવતાં આગળ વધ્યા હતા. ધ્રોલની મેઈન બજારમાંથી પસાર થતી રેલીને જોતા લોકો ઉત્સાહપૂર્વક બાલ્કનીઓમાંથી હાથ લહેરાવી શુભેચ્છા પાઠવી રહ્યા હતા. શહેરમાં દેશભક્તિ ગીતો ગુંજી ઉઠતાં માહોલ દેશપ્રેમથી છલકાયો હતો.

પટેલ સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ આ રેલીનો હેતુ યુવાનોમાં રાષ્ટ્રીય એકતા અને સરદાર પટેલના આદર્શો પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો. ધ્રોલ-જોડિયા પટેલ સમાજના સભ્યોની મહેનત અને સુવ્યવસ્થિત આયોજનને કારણે આ રેલી યાદગાર બની રહી હતી.

# જામજોધપુર માર્કેટીંગ યાર્ડ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ



**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામ જોધપુર માર્કેટીંગ યાર્ડ મુકામે સરદાર પટેલ જન્મ જયંતિએ સરદાર વલ્ભભભાઈ પટેલીની પ્રતિમાને પૂર્વ મંત્રી ચીમનભાઈ સાપરીયા પૂર્વ ધારાસભ્ય તથા માર્કેટીંગ યાર્ડ પ્રમુખ બ્રિજરાજસિંહ જાડેજા સદસ્ય નરેન્દ્રભાઈ કડીવાર જયસુખભાઈ વડાલીયા કિશોરસિંહ જાડેજા, શિવરાજસિંહ જાડેજા, કિશોરસિંહ જાડેજા પૂર્વ પ્રમુખ સી.એમ. વાછાણી વેપારી મંડળના સદસ્યો વગેરે દ્વારા ફુલહાર કરવામાં આવેલ હતા.

# કાલાવડ: સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ભાવવંદના સાથે ઉજવાય

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**




કાલાવડમાં ભારતના લોહપુરૂષ, એકતાના શિલ્પી અને ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનું આયોજન સરદાર પટેલ યુવા સંગઠન - કાલાવડ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં યુવા પેઢી સાથે સાથે શહેરના અગ્રણીઓ, રાજકીય પ્રતિનિધિઓ તથા સામાજિક કાર્યકરો તેમજ તાલુકાભર માંથી લેઉઆ પટેલ સમાજના ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆત હિરપરા કન્યા વિદ્યાલયના પરિસરમાં આવેલ સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ સરદાર પટેલના જીવન, તેમના અખંડ ભારત માટેના અમૂલ્ય યોગદાન અને રાષ્ટ્રીય એકતા અંગે પ્રાસંગિક પ્રવચનો આપવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સરદાર પટેલના સિદ્ધાંતોથી પ્રેરણા લઈને રાષ્ટ્રનિર્માણમાં યુવા પેઢી વધુ સક્રિય બને તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

રાષ્ટ્રગાન અને પુષ્પાંજલિ બાદ બાઈક રેલીને પ્રસ્થાન આપવામાં આવ્યું હતું. રેલીમાં આશરે ૧૧૦૦ થી વધુ બાઈકોનો કાફલો તેમજ ૧૮૦૦ થી વધુ લોકો જોડાયા હતો. જેમાં યુવાનોમાં દેશભક્તિનો જુસ્સો અને રાષ્ટ્રીય ગૌરવની ઝલક સ્પષ્ટ જોવા મળી હતી. રેલી દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર ઠેર ઠેર નાગરિકો દ્વારા ભાગ લેનાર યુવાનોનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. અનેક સ્થળોએ ફૂલ વરસાવી જય સરદારના નારાઓ સાથે શહેર ગુંજી ઉઠ્યું હતું.

### ‘તેરા તુજકો અર્પણ’ અંતર્ગત

# ગુમ થયેલા ૧૫ મોબાઈલ મૂળ માલિકને પરત આપતી પંચકોસી બી ડિવિઝન પોલીસ




લોક સુવિધાના ભાગરૂપે રાખીને ગુજરાત પોલીસે ‘તેરા તુજકો અર્પણ’ પહેલ શરૂ કરી છે. જે અત્યાર સુધીમાં અનેક લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ત્યારે આ કાર્યક્રમ અંતર્ગત જામનગર પંચકોસી બી ડિવિઝન પોલીસ દ્વારા અરજદારના ગુમ થયેલા ૧૫ મોબાઈલ પરત અપાવ્યા હતા.

જામનગર એસપી મોહન સૈની દ્વારા જામનગર જિલ્લા ક્રાઈમ કોન્ફરન્સ અનુસંધાને સુચનાને પગલે લાલપુર એએસપી પ્રતીભાના માર્ગદર્શન મુજબ પંચકોષી બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ વી.જે.રાઠોડ ની સુચના મુજબ પોલીસ સ્ટાફ અરજદારોના મોબાઈલ શોધવા પ્રયત્નશીલ હતા. તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ટેકનીકલ શોર્સીસ તથા એપ્લીકેશન આધારે પોલીસે પંદર મોબાઈલ શોધી કાઢ્યા હતા. પોલીસે ગુમ થયેલ ૦૨ મોબાઈલ યુ.પી. તથા ૦૨ મોબાઈલ બિહારના રાજ્યમાથી પરત મેળવ્યા હતા. તેમજ ગુજરાત રાજયના અલગ અલગ જીલ્લાઓમાથી કુલ ૧૧ મોબાઈલ શોધી કાઢી ખોવાયેલ મોબાઈલ ફોનને મુળ માલીકને મોબાઈલ મળ્યા અંગેની જાણ કરી તેઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી “તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૨.૭૧ લાખની કિંમતના ૧૫ મોબાઈલ ફોન મૂળ માલીક અરજદારને પરત અપાવ્યા હતા. જેને લઈને અરજદારોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામજોધપુરમાં બાઈકમાં દારૂની હેરાફેરી કરતો શખ્સ પકડાયો

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના હોથીજીખડબા ગામમાં રહેતો સત્યજીતસિંહ નરેન્દ્રસિંહ જાડેજા નામનો ખેડૂત જામજોધપુર ટાઉનમાં અંજલી પાર્ક સોસાયટી વિસ્તારમાં પોતાનું બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. જેને આંતરી લઈ પોલીસે તલાસી લેતા તેના કબ્જામાંથી ૩૩ નંગ નાની ઇંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.

આથી પોલીસે ઈંગ્લિશ દારૂ અને બાઈક સહિત રૂપિયા ૪૬,૫૦૦ની માલમતા કબ્જે કરી છે અને આરોપી સત્યજીત જાડેજાની અટકાયત કરી લેવામાં આવી છે. પૂછપરછ દરમિયાન ભાઈ પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા પણ સંડોવાયેલો હોવાથી પોલીસ દ્વારા તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# ધ્રોલના રોજીયામાં યુવકે ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના રોજીયા ગામની સીમમાં આવેલ લગધીરસિંહ રતુભા જાડેજાની વાડીમાં ખેતમજૂરી કરતા એક યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની ગોરધન દિનેશભાઈ વાસુનિયા (ઉ.વ. ૨૦) નામના યુવકે તા. ૩૦/૧૦/૨૦૨૫ ના રાત્રિથી ૩૧/૧૦/૨૦૨૫ ના સવાર દરમિયાન વાડીના ગોડાઉનમાં આત્મહત્યા કરી હતી. આ બનાવની જાણ યુવકના પિતા દિનેશભાઈ વાસુનિયાએ તા. ૩૧/૧૦/૨૦૨૫ ના સાંજે ધ્રોલ પોલીસ સ્ટેશનને કરી હતી.ધ્રોલ પોલીસે આ બનાવ અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૯૪ મુજબ અમોત નં. ૪૪/૨૦૨૫ નોંધી પીઆઈ આર.એસ. રાજપુત સાહેબ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. યુવકના આત્મઘાતી પગલા પાછળનું કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે.

# નંદનવન પાર્ક પાસે બાયોમેડિકલ વેસ્ટનો આડેધડ નિકાલ કરાતા સ્થાનિકો આગબબુલા

## દવા સહિતના જથ્થાનો ગેરકાયદે નિકાલ કરનારા સામે કડક કાર્યવાહી કરવાની માંગ



જામનગરના નંદનવન પાર્ક પાસે બાયોમેડિકલ વેસ્ટનો આડેધડ નિકાલ કરાયાની ઘટના સામે આવી છે. દવાઓ સહિતનો જથ્થો જાહેરમાં ફેંકી સાજાને માંદા કરવા સમાન આ ગંભીર બેદરકારી બદલ સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે આ મામલે સબંધિત વિભાગ દ્વારા ઊંડી તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

શહેરના નંદનવન પાર્ક પાસે રસ્તા પર દવાઓ સહિતના જથ્થાનો આડેધડ નિકાલ કરવામાં આવ્યો હોવાના બોલતા પુરાવારૂપ ઢગલા રસ્તામાં જોવા મળી રહ્યા છે. હોસ્પિટલનો કચરો હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. ખુલ્લામાં બાયોમેડિકલ વેસ્ટ ફેંકવામાં આવતા પશુ આ કચરો આરોગ્તા જોવા મળ્યા હતા જેને લઈને પર્યાવરણ અને લોકોના આરોગ્ય પર જોખમ હોવા છતાં કોઈ અજાણ્યા શખસો દ્વારા ગેરકાયદે રીતે આ કચરાનો નિકાલ કરાયો છે.

વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં તંત્રની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોએ આ પ્રકારનો કચરો ફેંકનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની અને આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવાની માંગ કરી છે.

ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના ગૌરવની ઉજવણી

# ભારત પર્વ ૨૦૨૫

### ભારતભરની વિવિધ વાનગીઓ, કલા તથા વિવિધ સંસ્કૃતિઓ માણો એક જ સ્થળે!

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાષ્ટ્રીય ઉત્સવનું કેન્દ્ર બનશે, કારણ કે અહીં એકતાનગર ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ થીમ પેવેલિયન, પ્રાદેશિક વાનગીઓ, પરંપરાગત હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવશે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતામાં તેની અડગ એકતાને પ્રતિબિંબિત કરશે.



**ભારત પર્વ ૨૦૨૫**
**૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
ડેમ વ્યૂ પૉઇન્ટ-૧, વૅલી ઑફ ફ્લાવર સામે

**થીમ પૅવેલિયન**
**ફૂડ સ્ટૉલ્સ**
**ક્રાફ્ટ સ્ટૉલ્સ**
જંગલ સફારી પાસે

અન્ય આકર્ષણો
લેસર, લાઇટ અને સાઉન્ડ શો • જંગલ સફારી અને ડાયનો ટ્રેઇલ • સરદાર સરોવર ડેમ અને બોટિંગ • કેક્ટસ ગાર્ડન
બટરફ્લાય ગાર્ડન • આરોગ્ય વન • ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક • વિશ્વ વન

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર**

**'ભારત પર્વ' એ માનનીય વડાપ્રધાનશ્રીની દૂરંદેશી હેઠળ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની રાષ્ટ્રીય શક્તિનો જીવંત સંદેશ છે.**
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

''પોકસો'' ભોગ બનનારના ભોગે નથી જ !!!

# સગીરાના પ્રેમ પ્રકરણમાં જેલમાં ધકેલનારને કુટુંબ ''પ્રેમ'' નિભાવવા છૂટકારો

## સુપ્રિમ કોર્ટ બંધારણની વિશેષ સત્તાનો ઉપયોગ કરી દોષિતને મુક્ત કર્યો

## આરોપીને જેલમાં રાખવાથી તેના પરિવાર, પિડીતા અને બાળકને નુકસાન થશેઃ ગુનો વાસનાનો નહીં પ્રેમનું પરિણામ હતું

**અબતક, નવી દિલ્હી**

ન્યાયની દેવીને આંખે પટ્ટી બાંધી છે પણ કાયદો આંધળો નથી. તે તો ત્રાજવાના તોલે જ તોળાય છે. તેવો સુપ્રિમ કોર્ટની ડબલ બેન્ચ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પ્રોક્સો કાયદો ભોગ બનનારના ભોગે નથી જ કાયદાએ ન્યાયના હેતુ માટે ગૌણ રહેવું જોઈએ અને કાયદાના અક્ષરોથી પર ઉઠી વિશેષ સત્તાઓનો ઉપયોગ કરી એક યુવા યુગલને બચાવ માટે પગલું ભર્યું છે. જેમાં પ્રોક્સો હેઠળ સજા પામેલા આરોપીને કુટુંબ ''પ્રેમ'' નિભાવવા માટે જેલમાંથી છૂટકારો આપી આ ગુનો વાસનાનો નહીં પરંતુ પ્રેમનું પરિણામ છે.

### કાયદાએ ન્યાયના હેતુ માટે ગૌણ રહેવું જોઈએઃ સુપ્રીમ

બેન્ચે કહ્યું કે ભલે કાયદા મુજબ તે વ્યક્તિ દોષિત હતો, પરંતુ કાયદાની કઠોરતાને અન્યાયનું કારણ બનવા દેવી ન જોઈએ. ન્યાયાધીશોએ ચુકાદો આપ્યો કે, અમને ખાતરી છે કે આ એક એવો કેસ છે જ્યાં કાયદાએ ન્યાયના હેતુ માટે ગૌણ રહેવું જોઈએ.

વધુ વિગત મુજબ પશ્ચિમ બંગાળના એક ગામની સગીરા યુવક સાથે પ્રેમસંબંધથી પુત્રને જન્મ અપાયા બાદ પરિવાર દ્વારા ત્યજી દેવાયા પછી અને સમાજ દ્વારા બહિષ્કૃત થયા પછી પણ તેના પ્રેમીને જેલમાંથી મુકત કરાવવા માટે એકલે હાથે કાનૂની લડાઈ લડી હતી. જેમાં યુવક સાથે પ્રેમ સંબંધથી સગીરાનો પુત્રને જન્મ આપતા પિડીતાના પરિવારે પુત્રીના પ્રેમી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદાની જોગવાઈ મુજબ પ્રોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદ અદાલત દ્વારા આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી હતી. આરોપી જે જેલમાં ધકેલવામાં આવ્યો હતો. પિડીતાને બાળક સાથે કોઈ સ્વીકારવા તૈયાર ન હોવાથી સર્વોચ્ચ અદાલતના દ્વાર ખખડાવ્યા હતા. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચ સમક્ષ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં કાયદાના અક્ષરોથી પર જઈને સંપૂર્ણ ન્યાય પ્રાપ્ત કરવા માટે બંધારણના આર્ટિકલ ૧૪૨ હેઠળની વિશેષ સત્તાઓનો ઉપયોગ કરીને યુવાન યુગલના બચાવ માટે પગલું ભર્યું છે, જેઓ પ્રેમસંબંધમાં હતા. પરંતુ છોકરી નાની હોવાને કારણે ગુનો બન્યો હતો. અદાલતે એ વાત પર ભાર મૂક્યો કે આ યુગલ હવે સુખી રીતે પરિણીત છે અને તેમને એક બાળક પણ છે. તે માણસને જેલમાં રાખવાથી તેના પરિવાર, પીડિતા અને બાળકને નુકસાન થશે. પોકસો એક્ટ હેઠળ સજાપાત્ર ગુનાને ધ્યાનમાં લેતા, અમે જોયું છે કે આ ગુનો વાસનાનું નહીં, પણ પ્રેમનું પરિણામ હતો. ગુનાની પીડિતાએ પોતે જ આરોપી સાથે શાંતિપૂર્ણ અને સ્થિર પારિવારિક જીવન જીવવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જેના પર તે નિર્ભર છે.

### બાળક અને પત્નિના ભરણ પોષણમાં ચુક થશે તો પતિ જવાબદાર રહેશે

પત્ની અને બાળકના હિતોનું રક્ષણ કરવા માટે તે માણસ પર કેટલીક શરતો મૂકી છે. પતિએ તેમને કે બાળકને છોડવા નહીં અને ગૌરવ સાથે તેમનું ભરણપોષણ કરવું જોઈએ. કોર્ટે કહ્યું, જો ભવિષ્યમાં, આરોપી દ્વારા કોઈ ચૂક થાય અને તે તેની પત્ની અથવા તેમના બાળક અથવા ફરિયાદી દ્વારા આ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવે, તો તેના પરિણામો આરોપી માટે સુખદ નહીં હોય.

સુપ્રીમ કોર્ટે સહમતિથી થયેલા કિશોરવયના પ્રેમ સંબંધોને ગુનાહિત બનતા અટકાવવા માટે હસ્તક્ષેપ કર્યો હોય. આ પહેલા મે મહિનામાં પણ એક અન્ય કેસમાં આર્ટિકલ ૧૪૨નો ઉપયોગ કરીને પોકસો એક્ટ હેઠળના દોષિતને મુક્ત કર્યો હતો.

# વિરનગરમાં યુવાન પર પત્નીના પ્રેમી સહિતનાનો હુમલો

## પરિણીતાને ભગાડી આરોપી બનેવીની વાડીએ ગયાની શંકાએ યુવાનને માર માર્યોઃ ત્રણ સામે ફરિયાદ

**અબતક, રાજકોટ**

બાબરામાં રહેતા યુવાનની પત્નીને બાબરામાં રહેતો ભગાડી ગયો હતો. આ શખસ પરિણીતાને ભગાડી તેના બનેવીને ત્યાં ગયો હોવાની જાણ થતા યુવાન જસદણના વીરનગર પાસે વાડીએ જતા અહીં યુવાનને પત્નીના પ્રેમી તથા તેના બનેવી અને બહેન સહિતનાએ મારમાર્યો હતો. યુવાનને છરી જેવા હથિયાર વડે ઈજા કરી હતી જે અંગે યુવાને આટકોટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.બનાવની જાણવા મળતી વિગતો મુજબ, બાબરામાં પોલીસ સ્ટેશન પાછળ રહેતા કિરણ કરસનભાઈ પરમાર (ઉ.વ ૨૭) દ્વારા આટકોટ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે જસદણના વીરનગરમાં રહેતા રામ ખાંભુભાઈ તથા દકુબેન રામભાઈ ખાંભુ અને બાબરામાં રહેતા કિરણ રત્નાભાઈ સોહલીયાના નામ આપ્યા છે.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈ તા. ૨૮/૧૦ ના તેની પત્ની સોનલ સસરાના ઘરે વાવડા ગામે આટો મારવા ગઈ હતી.તા. ૨૯/૧૦ના બપોરના બારેક વાગ્યા આસપાસ બાબરા આવવા માટે નીકળી ગઈ હતી. ત્યારબાદ યુવાનને તેની સાળીનો ફોન આવ્યો હતો કે, મારી બહેન ત્યાં પહોંચી ગઈ જેથી યુવાને કહ્યું હતું કે, હજુ એ નથી આવી. યુવાને પત્નીને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. યુવાને તપાસ કરતા તેના ગામમાં જ રહેતો કિરણ ચોહલીયા પણ ઘરે ન હોય આ બાબતે તેની માતાને પૂછતા તેણે કહ્યું હતું કે તે તેના બનેવીને ત્યાં થયો છે. જેથી યુવાન તથા આ કિરણ ચોહલીયાના માતા લીલાબેન તેના માસી શિલ્પાબેન સહિત ત્રણે રીક્ષા લઈ વીરનગર કિરણના બનેવીની વાડીએ ગયા હતા.વીરનગર પહોંચ્યા બાદ અહીં વાડીએ જતા આ કિરણના બનેવી રામભાઈ ખાંભું તેમજ કિરણ પણ અહીં હાજર હોય જેથી યુવાને કહ્યું હતું કે, મારી પત્ની ક્યાં છે મને પાછી આપી દો. તેમ કહેતા રામના હાથમાં કંઈક છરી જેવું હથિયાર હોય જે ઝીંકુ દીધું હતું તેમજ કિરણે યુવાનને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન કિરણની બહેન દકુ આવી હતી અને તે પણ ગાળો આપવા લાગી હતી. જેથી આ બધા અહીંથી જતા રહ્યા હતા. યુવાનને આ હુમલામાં ઈજા પહોંચી હોય તેને સારવાર લીધી હતી. બાદમાં આ મામલે તેણે આટકોટ પોલીસ સ્ટેશનમાં આ ત્રણેય શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# જામકંડોરણાઃ સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મઃ ઢગો સકંજામાં

## સ્થાનિક શખ્સ પરિચયમાં આવ્યા બાદ લલચાવી ભગાડી જઈ દેહ અભડાવ્યો

**અબતક, રાજકોટ**

જામકંડોરણામાં રહેતી સગીરાને ગામમાં જ રહેતા શખસે પ્રેમજાળમાં ફસાવી તેને ભગાડી જઈ તેના પર દુષ્કર્મ આચર્યું હતું. જે અંગે સગીરાના પિતાએ જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે દુષ્કર્મ અને પોકસો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી તેને સકંજામાં લઈ વિશેષ તપાસ હાથ ધરી છે. દુષ્કર્મના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, જામકંડોરણામાં રહેતા આધેડ દ્વારા નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે જામકંડોરણામાં જ રહેતા સમીર રમેશભાઈ મઢવીનું નામ આપ્યું છે. જે ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે દુષ્કર્મ અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. સગીરાના પિતાની ફરિયાદને ટાંકી પોલીસે જણાવેલી વિગતો મુજબ, ભોગબનનાર અને આરોપી બંને જામકંડોરણામાં જ રહેતા હોય દરમિયાન છ માસ પૂર્વે બંનેનો પરિચય થયો હતો. ત્યારબાદ આરોપીએ સગીરાને પ્રેમ જાળમાં ફસાવી તે સગીરાને ભગાડી ગયો હતો. દીકરી ઘરેથી લાપતા બનતા પરિવારે પોલીસને જાણ કરી હતી. બાદમાં પોલીસે બંનેને શોધી કાઢ્યા હતા. ત્યારબાદ સગીરાની પૂછપરછ કરતા આરોપીએ તેના પર દુષ્કર્મ આચર્યું હોવાનું માલુમ પડ્યું હતું જેથી પોલીસે આરોપી સમીર મઢવી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

# ધ્રાંગધ્રાના ગોપાલગઢ ગામે પિતાએ ઠપકો આપતા યુવાનનો આપઘાત

## કામ ધંધો કરવા માટે પિતાએ કહેતા માઠું લાગતા ઝેર પી જીવન ટૂંકાવ્યું : પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લામાં આપઘાતના બનાવો દિવસે અને દિવસે ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે ગોપાલગઢના યુવાને ઝેરી દવા પી લેતા સારવાર માટે પ્રથમ મોરબી સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડતા સારવાર દરમિયાન મોત નીપજતા ધાંગધ્રા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ ખાતે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ ધાંગધ્રા



તાલુકાના ગોપાલગઢ ગામે રહેતો સુજાન શંભુભાઈ લોદરીયા ઉંમર વર્ષ ૧૮ વર્ષીય યુવાન પોતાની વાડીએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા પ્રથમ મોરબી અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા જ યુવાને દમ તોડ્યો હતો જે અંગે ધાંગધ્રા પોલીસ સ્ટેશન ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે મૃતક સુજાનને પિતાએ કામ કરવા માટે ઠપકો આપતા આપઘાત કર્યા નું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે મૃતક ત્રણ ભાઈ ના વચેટ અને એક બેન અને પિતા ખેતી કામ કરતા હોય યુવાનના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો હતો આ બનાવ અંગે ધાંગધ્રા પોલીસે તપાસ હાથ ધરી છે.

# અમીત ખૂંટ આપઘાત પ્રકરણમાં વધુ એક આરોપી ઝડપાયો

## અનિરૂદ્ધસિંહનો સાગરીત હોવાનું પોલીસનું કથનઃ ચાર દિવસ રિમાન્ડમાં સ્ફોટક વિગતો બહાર આવવાનું અનુમાન

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રિબડા નાં ચકચારી બનેલા અમીત ખુંટ આપઘાત પ્રકરણ માં આ કેસ નાં તપાસનીસ અને હાલ જેતપુર નાં પીઆઈ એ.ડી. પરમારે વધુ એક આરોપીને જડપી લઈ ગોંડલ કોર્ટ માં રજુ કરતા કોર્ટ દ્વારા તા.૩ નવેમ્બર સુધીનાં રિમાન્ડ મંજુર કરાયા છે. પ્રાપ્ત વિગત મુજબ અમીત ખુંટ આપઘાત પ્રકરણમાં એક સગીરા મારફત હનીટ્રેપમાં ફસાવી આપઘાત કરવા મજબુર કરવા અંગે મદદગારી કરનાર વધુ એક ફરાર આરોપી શબ્બીર સુલેમાનની પીઆઈ એ.ડી. પરમારે જુનાગઢ નાં ચોબારી ગામેથી ધરપકડ કરી પુછપરછ હાથ ધરી છે. પીઆઈ એ.ડી.પરમાર નાં જણાવ્યાં મુજબ જડપાયેલ શબ્બીર સુલેમાન અનિરુદ્ધસિંહ જાડેજાનો મુખ્ય સાગરીત છે. હનીટ્રેપની સમગ્ર ઘટનામાં શબ્બીરનો મુખ્ય રોલ છે.સગીરા સાથેનાં કોન્ટેક્ટ થી લઈ હનીટ્રેપ ને અંજામ આપવાં સુધીનાં ઘટનાક્રમમાં શબ્બીર મુખ્ય કાવત્રાખોર છે.તેણે અમીત ખુંટને ફસાવવા અનિરુદ્ધસિંહ અને તેના પુત્ર રાજદિપસિંહ મુખ્ય હોવાની કબુલાત આપી છે. રિમાન્ડ દરમ્યાન શબ્બીર સુલેમાનની પુછપરછમાં આ ઘટનામાં અનિરુદ્ધસિંહ તથા તેના પુત્ર રાજદિપસિંહની સંડોવણી ઉપરાંતની વિગતો બહાર આવે તેવી શક્યતાઓ છે. આ પહેલા પોલીસે રાજકોટથી અતાઉલ મણીયારની ધરપકડ કરી હતી.રિમાન્ડ દરમિયાન તેણે અનિરુદ્ધસિંહનાં કહેવાથી અમીત ખુંટને હનીટ્રેપમાં ફસાવવાનું કાવત્રુ ઘડાયાની કબુલાત આપ્યા બાદ કોર્ટમાં પોલીસનાં દબાણ થી આવુ કહ્યાનું ફેરવી તોળ્યુ હતુ. આ ચકચારી પ્રકરણમાં પોલીસે અનિરુદ્ધસિંહ જાડેજા, પુજા ગોર, રહીમ મકરાણી ઉપરાંત વકીલ સંજય પંડીત તથા દિનેશ પાતર ની ધરપકડ કરી હતી.જ્યારે અન્ય આરોપી રાજદિપસિંહ જાડેજા હજુ પોલીસ પકડથી દુર છે. પોલીસ હજુ સુધી તેને પકડી શકી નથી.

# જેતપુરનો માથાભારે અશ્વિન વેગડાને જિલ્લામાંથી હદપાર કરાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માથાભારે અને ગુનાખોરી આચરતા શખ્સો સામે પગલા લેવા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાને પગલે જેતપુરના ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા




દ્વારા ગુનેગારોની યાદી કરવા આપેલી સૂચનાને પગલે જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના સ્ટાફ દ્વારા જેતપુરના દેરડી રોડ, જનમંગલ સોસાયટીમાં રહેતો અશ્વિન વિનુ વેગડા નામના શખ્સ સામે દારૂ, જુગાર, મારામારી, મિલકત સંબંધી અને ખનન સહિતના ગુના નોંધાયેલા હોવાથી તેની સામે કરેલી હદપારીની પ્રપોઝલને ગોંડલ નાયબ કલેક્ટર રાહુલ ગમારાએ મંજૂરીની મહોર મારતા જેના આધારે ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ. ઠાકોરે અશ્વિન વેગડાની અટકાયત કરી હુકમની બજવણી કરી રાજકોટ જિલ્લામાંથી હદપાર કરવામાં આવ્યો છે.

# ધ્રાંગધ્રા નજીક કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક પકડાયો

## વાહન અને ૯૫ બોટલ શરાબ કબ્જે કર્યો

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા હાઈવે પરથી રામદેવપુર ગામથી દુદાપુર તરફ ફોરવ્હીલ ગાડીમાં વિદેશી દારૂ ભરીને નીકળવાની બાતમીના આધારે તાલુકા પોલીસે વોચ ગોઠવીને કાર ને ઝડપી લઈને તલાસી લેતા ૯૫ બોટલ વિદેશી દારૂના ચપલા તથા કાર સહિત રૂપિયા ૩૯,૫૦૦ નો મુદ્દામાલ સાથે આરોપીને કબજે કરીને વધુ તપાસ કરતા મંગાવનાર આરોપી સહિત બે શખ્સોં સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ કરવામાં આવી હતી.

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટાફ રાત્રિ સમયે પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન રામદેવપુર ગામથી દુદાપુર ગામ વચ્ચે એક કાર વિદેશી દારૂ લઈ જતી હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસના ઈનચાર્જ પીએસઆઈ એમ.બી. વિરજા, એ એસ આઈ વી જી પરમાર, હેડ કોસ્ટેબલ કલ્યાણભાઈ દલાભાઈ, દીપકકુમાર સહિતનાઓ દ્વારા વોચ ગોઠવી હતી. જે દરમિયાન દુદાપુર ચોકડી નજીક હાઈવે પરથી એક કાર જીજે ૦૮,એફ, ૮૪૯૬ નંબરની નીકળતા તેને અટકાવી કારમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની ૯૫ બોટલ ચપલા કિંમત રૂપિયા ૯,૫૦૦ રૂપિયાની તથા એક કાર કિંમત ૩૦,હજાર એમ



કુલ મળી ૩૯,૫૦૦ રૂપિયાનો મુદામાલ જપ્ત કરી કાર ચાલક સિરાજભાઈ ઉર્ફે ભાણજીખાન રતનજી જતમલેક રહેઃ ખારાઘોડા વાળાને ઝડપી લઈ એક આ વિદેશી દારૂ કોને સપ્લાય કરવાનો હતો તે અંગે તપાસ કરાતા દુદાપુર જીતુભાઈ મનસુખભાઈ વોરા સહીત બે શખ્સો સામે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ગુન્હો નોંધી કાર્યવાહી શરૂ કરી હતી.

# ધોરાજી પંથકમાં દુષ્કર્મના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સજા

**અબતક, રાજકોટ**

ધોરાજી પંથકમાં રહેતી સગીરાને ડરાવી ધમકાવી દુષ્કર્મ આચરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીને ધોરાજી કોર્ટે તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સજા અને ભોગ બનનારને વળતર ચૂકવવા સરકારને આદેશ કર્યો છે. ધોરાજી પંથકમાં રહેતી સગીરાને હાર્દિક કરસન પરમાર નામના શખ્સ ધમકાવી પોતાના ઘેર બોલાવી મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. સગીરાની પૂછપરછમાં તેણીએ આપવીતી વર્ણવતા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી હતી. અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું.. આ તબક્કે પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખ તરફથી દલીલો કરવામાં આવેલી હતી કે, આરોપી તરફથી ડોકટર રૂબરૂ પોતાનું કન્ફેશનલ સ્ટેટમેન્ટ આપેલું છે કે આરોપી ભોગ બનનારને એક વર્ષથી ઓળખતા હતા અને દૂધેશ્વર મંદિર પાસેના વિસ્તારમાં પણ ભોગ બનનારની મરજીથી શરીર સંબંધ બાંધેલો છે અને ભોગ બનનારની મરજીથી આરોપીએ પોતાના ઘરે પણ શરીર સંબંધ બાંધેલો છે. ભોગ બનનારની ઉંમર માત્ર ૧૫ વર્ષ છે તેણે પોતાનું ભલું બુરુ વિચારી શકે નહીં અને કાયદાની ભાષામાં પણ તે શરીર સંબંધની સહમતી આપવા માટે પરિપકવ નથી. આ તમામ સંજોગો ધ્યાને લઈ અને સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લેવામાં આવે તો આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ જેવી દલીલો ધ્યાને લઈ ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સ્પેશિયલ પોક્સો જજ અલી હુસેન મોહીબુલા શેખે આરોપી હાર્દિક પરમારને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સજા અને ભોગ બનનારને વળતર ચૂકવવા સરકારને આદેશ કર્યો છે.

# પાલિતાણાઃ ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા

**અબતક**
**અંકુર મહેતા, પાલિતાણા**

પાલિતાણા ખાતે રહેતા યુવાને મિત્રત્રાના દાવે આપેલી રકમ ચુકવવા આપેલો ચેક બાઉન્સનો ગુનાનો કેસ ચાલી જતાં અદાલતે વીરપુર (પાલી) ગામના શખ્સને ૧ વર્ષની સજા અને દંડ ફટ કારતો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ પાલિતાણા રહેતા ગોપાલભાઈ કરણાભાઈ સાટીયાએ વીરપુર (પાલી) ગામે રહેતા પ્રતાપ સવજી ગોહિલને રકમ આપી હતી. જેની કરેલી ફરીયાદ ચાલી જતાં આરોપીની સામે થયેલ હુકમ મુજબ રકમ રૂ. ચાલીસ હજાર ફરીયાદીની બાકી રકમ તથા ન્યાયીક કાર્યવાહી ખર્ચ તથા નુકશાનના વળતર રકમ ચાલીસ હજાર તે રીતે કુલ મળી રકમ એસી હજાર ફરીયાદીને ચુકવવા તથા આરોપીને એક વર્ષની કેદની સજા અને વળતર ન ચુકવે તો ચાર માસની વધુ સજા ફરમાવવા હુકમ કરેલ છે. આ કામે ફરીયાદીના વકીલ તરીકે જયદીપસિંહ ગોહિલ પાલીતાણા રોકાયેલ હતા.

# વિસાવદરના શોભા વડલા ગામે નશાખોરે કરી ભાઈ અને સગર્ભા ભાભીની ઘાતકી હત્યા


## કામ અંગે ઠપકો આપતા અને ઘર કંકાશથી કંટાળી મોતને ઘાટ ઉતારી લાશને સળગાવી દીધી

## મૃતકના સસરાની ફરીયાદ પરથી સગીર અને મહિલાની શોધખોળ

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

વિસાવદરના શોભા વડલા ગામે ટ્રિપલ મર્ડરની સનસનીખેજ ઘટના પોલીસે દફતરે નોંધાઈ નોંધાઈ છે. જેમાં સગીર આરોપીએ સગર્ભા તથા મહિલાના ભ્રૂણ અને પતિની ઘાતકી હત્યા કરી, બંનેની લાશ નિર્વસ્ત્ર કરી, ઘરના ઢાળિયામાં ખાડો કરી દાટી દઈ, મૃતકના કપડા સળગાવી દઈ, પુરાવાના નાશ કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, પોલીસે ગણતરીની કલાકોમાં જ સગીર આરોપીને ઝડપી લીધા બાદ વધુ તપાસ હાથ ધરી છે, આ ટ્રિપલ મર્ડર અંગે બિહારના ખગડીયા જિલ્લાના પનસલવા ગામે રહેતા બુલબુલકુમારસિંઘ હ્દીસિંઘ, કુરમી, (ઉ.વ.૫૨) એ વિસાવદર પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના આરોપીઓ સાથે વિસાવદર તાલુકાના કાનાવડલા ગામના પાટીયા પાસે, ખોડીયાર આશ્રમ ખાતે રહેતા આરોપીને ફરિયાદીના જમાઈ શીવમગીરી (ઉ.વ. ૨૧) તથા ફરીયાદીની દીકરી કંચનબેન (ઉ.વ. ૧૯) સાથે અવાર નવાર ઝઘડાઓ થતા હોય જે ઘરકંકાસનો ખાર રાખી, આરોપીએ ગત તા. ૧૬/૧૦/૨૦૨૫ના સવારના દશેક વાગ્યાના અરસામા પ્રથમ ફરીયાદીના જમાઈ શીવમગીરીને માથાના ભાગે લોખંડના પાઈપના ઘા મારી મોતને ઘાટ ઉતારી તે પછી પાંચ-છ મહીનાની ગર્ભવતી ફરીયાદીની દીકરી કંચનબેનને પણ માથાના ભાગે તે જ લોખંડના પાઈપના ઘા મારી, બન્નેને મોતને ઘાટ ઉતારી, ઘરના ઢાળીયામા ખાડો કરી, ફરીયાદીની દીકરી તથા જમાઈએ પહેરેલ કપડા કાઢી, તે બન્નેની લાશને નિવસ્ત્ર કરી દાટી દઈ, લોહીવાળા તમામ કપડા સળગાવી દઈ, આરોપીએ મહિલા સાથે મળી ઘરમા રહી ગયેલ લોહીના ધાબા તથા લોખંડના પાઈપમા રહેલ લોહીના ડાઘા સાફ કરી, પુરાવાનો નાશ કરી, બન્ને આરોપીઓએ ગુનામા એકબીજાને મદદગારી કરી, ગુનો કરેલ છે.

દરમિયાન પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના શોભા વડલા ગામે ખોડીયાર આશ્રમમાં છેલ્લા ૨૮ વર્ષથી એક બિહારી પરિવાર રહેતા હતો જેમાં કુટુંબના મોભીનું કોરોના કાળ દરમિયાન મૃત્યુ થતા તેની પત્ની, દીકરો અને તેની વહુ તથા



એક સગીર પુત્ર રહેતો હતો જેમાં સગીર પુત્ર નશો કરવાની ટેવો વાળો હોય જેથી ઈલેક્ટ્રીકનું કામ કરી ઘરનું ગુજરાન ચલાવનાર તેના ભાઈ શિવમ તેને વારંવાર ટોકતો હતો, અને આ બાબતે ઘરમાં અનેકવાર ઝઘડા થતા હતા. જેનો ખાર રાખી, ગત તા. ૧૬ ના રોજ સગીર આરોપીએ તેનો મોટો ભાઈ શિવમ ઘરમાં સૂતો હતો ત્યારે લોખંડનો પાઈપ માથામાં મારી દેતા શિવમ લોહી લુહાણ થઈ ગયો હતો અને તેણે બૂમો મારતા શિવમની સગર્ભા પત્ની કંચન ઘરમાં જોવા આવતા સગીર આરોપીએ તેને પણ માથાના ભાગે લોખંડનો પાઈપ મારી દેતા બંને લોહી લોહાણા હાલતમાં તેની પડી ઢળી હતી અને બંનેના મોત નીપજતા, આરોપી સગીરે પોતાના ઘરના ઢાળિયામાં પાંચ ફૂટ ઊંડો ખાડો ખોદી લાશ વહેલી સળી જાય તે માટે બંનેના મૃતદેહને નિવસ્ત્ર કરી દાટી દીધી હતી, બાદમાં ઘરમાં લોહીના ડાઘા રહી જતા એક મહિલાની મદદ લઈ તે ડાઘા લુછ્યા હતા અને હત્યાના ઉપયોગમાં લેવાયેલ પાઈપ ઉપરથી ડાઘા લૂછી પુરાવાનો નાશ કરવાની કોશિશ કરી હતી. દરમિયાન આ અંગે મરણ જનાર કંચનબેનના પરિવારજનોને શંકા જતા અને પોલીસને જાણ કરતા આ ઘટના પ્રકાશમાં આવી હતી અને ફરિયાદના આધારે વિસાવદર પોલીસે આરોપીઓ સામે ગુન્હો નોંધી, સગીર આરોપીને ઝડપી લઈ, વિસાવદર પી.આઈ. એસ.એન. સોનારા એ વધુ તપાસ હાથ ધરી હતી.

# શહેર - જિલ્લાના સંગઠના હોદેદારો નિમવા ભાજપ સેન્સ લેશે: નિરિક્ષકો નિમાયા

## પ્રદેશ દ્વારા નિયુક્તિ કરાયેલા ૮૨ નિરિક્ષકો કાલથી પાંચ દિવસ અલગ અલગ શહેર - જીલ્લામાં જઈ દાવેદારોને સાંભળશે: તમામ હોદેદારો માટે ત્રણ-ત્રણ નામોની પેનલ બનાવશે

**અબતક, રાજકોટ**

ભાજપ દ્વારા પ્રથમવાર શહેર અને જિલ્લાના સંગઠનના હોદેદારોની નિમણુંક કરવા માટે ભાજપ દ્વારા નિરિક્ષકોને મોકલી દાવેદારોની સેન્સ લેવામાં આવશે. જિલ્લાવાઈઝ બબ્બ નિરિક્ષકોની નિમણુંક કરી દેવામાં આવી છે. આવતીકાલથી પાંચ દિવસ સુધી નિરિક્ષકો પોતાને ફાળવાયેલા મથકો ખાતે જઈ દાવેદારોને સાંભળશે તમામ હોદાઓ માટે ત્રણ-ત્રણ નામોની પેનલ બનાવાશે.




ભાજપ દ્વારા શહેર અને જિલ્લા અધ્યક્ષની વરણી માટે પ્રદેશમાંથી નિરીક્ષકો મોકલી સેન્સ લેવામાં આવી હતી. દરમિયાન ત્રણ મહામંત્રી, આઠ ઉપપ્રમુખ, આઠ મંત્રી અને ખજાનચી સહિત કુલ ૨૦ હોદેદારોની નિમણુંક માટે પણ દાવેદારોને સાંભળવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના માટે ૪૧ શહેર અને જિલ્લા માટે કુલ ૮૨ નીરીક્ષકોની નિમણુંક કરી દેવામાં આવી છે. આવતી કાલથી આગામી ગુરુવાર સુધી નિરિક્ષકો પોતાને ફાળવેલા મથકો ખાતે જઈ દાવેદારોને સાંભળશે તમામ હોદાઓ માટે ત્રણ ત્રણ નામની પેનલ બનાવવામાં આવશે. જે પ્રદેશ હાઈકમાન્ડ સમક્ષ રજુ કરી દેવામાં આવશે.

૨૦ હોદાઓ માટે સેન્સ લેવાની કાર્યવાહી લાંબી ચાલે તેમ હોય દરેક શહેર અને જિલ્લા માટે ત્રણથી પાંચ દિવસની ફાળવણી કરવામાં આવી છે. દરમિયાન પેનલ બનાવતા પૂર્વ પણ જે તે શહેર અને જિલ્લા ભાજપની સંકલન સમિતિની બેઠક મળશે જેમાં દાવેદારોના નામોનું શોર્ટીંગ કરી પેનલ બનાવવામાં આવશે ચુંટણી વર્ષમાં સંગઠનને પુરતુ પ્રાધાન્ય અને સમય આપી શકે તેવા વ્યકિતને સંગઠનમાં હોદાની ફાળવણી કરાશે.

# કોંગ્રેસની ખેડૂત આક્રોશ યાત્રાનું ગુરુવારે સોમનાથથી પ્રસ્થાન

## સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાને આવરી લેનારી યાત્રાનું ૧૩મીએ દ્વારકામાં સમાપન

**અબતક, રાજકોટ**

રાજય સરકાર દ્વારા ખેડૂતો માટે તાત્કાલીક અસરથી રાહત પેકેજ જાહેર કરવાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા આગામી ગુરૂવારથી ખેડૂત આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાને આવરી લેતી આ યાત્રાનું ૧૩ નવેમ્બરે દ્વારકા ખાતે સમાપન થશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ખેડૂતો ના યોગદાનને કોઈ અવગણી શકે નહિ, ખેડૂત પર દુ:ખ આવે તો આખો દેશ દુ:ખી થાય, અત્યારે આખા રાજ્ય ના ખેડૂતો દુ:ખી છે, કમોસમી વરસાદ થી ખેતર માં પાક બળી ગયો, ખુબ નુકસાન થયું, ભાજપ ની ૩ દાયકા થી સત્તા છે તેમ છતાં ખેડૂતો માટે કોઈ કાયદા લાવ્યા નથી, ભાજપ ની બી ટિમ રહી છે તે પણ ખેડૂત વિરોધી છે, કેન્દ્રની ભાજપ સરકારે ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા લાવ્યા હતાં. જેની સામે સંસદ થી સડક સુધી જનનાયક રાહુલ ગાંધીએ અને ખેડૂત સંગઠનોએ વ્યાપક વિરોધ કરી ૩ કાયદા રદ્દ કરાવ્યા, ગુજરાતના ખેડૂતોને જે નુકસાન થયું છે તે અંગે સરકાર જલ્દી વિચારે, બિયારણ ના અછત છે તો એની વ્યવસ્થા કરવામાં આવે, ખોટી જમીન માપણી રદ્દ કરવામાં આવે, જમીન સંપાદન ના નામે ખેડૂતો સાથે અત્યાચાર કરવામાં આવે છે તે બંધ કરવામાં આવે, ખેડૂતો માટે સહાય ની જાહેરાત કરવામાં આવે, ભાજપ સરકાર ખોટી જાહેરાતો કરે છે, મંત્રીઓ ફોટો સેશન કરે છે ત્યારે કોંગ્રેસ પક્ષ ખેડૂતોની માંગણીઓ સાથે ૧લી નવેમ્બર થી ૫ નવેમ્બર સુધી તાલુકા કક્ષાએ ધરણા-

(અનુ. આઠમા પાને)

# ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી હાલ પુરતી મોકુફ

## નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે

**અબતક, રાજકોટ**

રાજયભરમાં કમોસમી વરસાદ વરસી રહ્યો હોવાના કારણે આજથી ટેકાના ભાવે શરૂ થનારી ખરીફ પાકોની ખરીદી હાલ પુરતી મોકુફ રાખવામાં આવી છે. નવી તારીખ ટુંક સમયમા જાહેર કરવામાં આવશે. ગુજકો માસોલને ટેકાના ભાવે ખરીદી માટે રાજય સરકાર દ્વારા કોઈ જ પ્રકારની જાણ કરવામાં આવી ન હોય ટેકાના ભાવે ખરીદી આજથી શકય બને તેમ ન હોવાથી નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાતમાં ખરીફ-૨૦૨૫માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે તમામ પ્રાથમિક પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરવા માટે સંભવિત તા. ૦૧ નવેમ્બર ધ્યાને રાખીને સૂચનાઓ આપવામાં આવી હતી. હાલની સ્થિતિએ ગુજરાતના વિવિધ જિલ્લામાં કમોસમી વરસાદની પરિસ્થિતિ ઊભી થઈ છે તેમજ કેટલાક જિલ્લામાં સામાન્યથી ભારે વરસાદ પણ નોંધાયો છે. રાજ્યમાં સર્જાયેલી આ કમોસમી વરસાદની પરિસ્થિતિ, સંજોગો અને વાતાવરણને ધ્યાને લઈ ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનું આયોજન હાલ પૂરતું મોકૂફ રાખવામાં આવ્યું છે. ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી શરૂ કરવાની તારીખ આગામી સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે.



















